સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 56 ■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ ફાલ્ગુન વદ - ૬ ■ મુંબઈ
■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 March 2026, Monday REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૯ માર્ચ ૨૦૨૬, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
R.N.I. No. GUJ GUJ/2013/58486



# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

# વર્લ્ડ ચૅમ્પિયન

## સતત બે ટાઇટલ મેળવનાર પણ પહેલો દેશ, યજમાન રાષ્ટ્રની ટીમ ચૅમ્પિયન બની હોય એવું પહેલી વખત બન્યું

### અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતનું બુલડૉઝર ન્યૂ ઝીલૅન્ડ પર ફરી વળ્યું: ટી-૨૦ના ત્રણ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ બન્યો

### સૅમસન, અભિષેક, કિશનની બૅટિંગમાં કમાલ પછી બુમરાહનો બૉલિંગમાં જાદુ

અમદાવાદ: ભારતે અહીં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગઈ કાલે સતત બીજી વાર અને કુલ ત્રીજી વખત ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતીને નવો ઇતિહાસ રચ્યો હતો. યજમાન દેશ આ ફૉર્મેટનો વિશ્વ કપ જીત્યું હોય એવું પહેલી જ વખત બન્યું છે. ભારતે પ્રથમ બૅટિંગ મળ્યા બાદ પાંચ વિકેટે ૨૫૫ રન કર્યા ત્યાર પછી ન્યૂ ઝીલૅન્ડની ટીમ ૧૯ ઓવરમાં માત્ર ૧૫૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતે મૅચને વન-સાઇડેડ બનાવીને ૯૬ રનથી જડબેસલાક વિજય હાંસલ કર્યો હતો. એકંદરે, ભારતે માત્ર ફાઇનલ જ નહીં, આખી ટૂર્નામેન્ટમાં બૅટિંગ, બોલિંગ અને ફીલ્ડિંગમાં અસાધારણ પર્ફોર્મ કરીને ત્રીજું ચૅમ્પિયનપદ મેળવ્યું.

ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફીના વિજેતા ભારતીય કૅપ્ટનોમાં મહેન્દ્રસિંહ ધોની (૨૦૦૭) અને રોહિત શર્મા (૨૦૨૪) પછી હવે સૂર્યકુમાર યાદવ (૨૦૨૬)નું નામ લખાઈ ગયું છે. માત્ર અમદાવાદમાં જ (જુઓ પાનું ૨) ▶▶




▲ અમદાવાદમાં ગઈ કાલે ટી-૨૦ વર્લ્ડકપ સાથે વિશ્વવિજેતા ટીમ ઈન્ડિયા અને ફાઈનલ જીત્યા એ ક્ષણે મેદાન પર જ એકમેકને ભેટી પડ્યા હતા ભારતીય ક્રિકેટરો. (એજન્સી)





### સંજુ સૅમસનના બે રેકૉર્ડ

ઓપનર અને વિકેટકીપર સંજુ સૅમસન આ વર્લ્ડ કપમાં સતત ત્રીજી મૅચમાં સેન્ચુરી ચૂકી ગયો, પરંતુ આ વિશ્વ કપમાં ઉપરાઉપરી ત્રણ મૅચમાં ૮૦-પ્લસ રન કરવાના માહેલા જયવર્દનેના વિશ્વ વિક્રમની તેણે બરાબરી કરી હતી. બીજું, સૅમસનના ફાઇનલના ૮૯ રન એક સિદ્ધિ સમાન છે. ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં તેણે બનાવેલા ૮૯ રન નવો વિશ્વ વિક્રમ છે. ■

### ઈશાન કિશન સર્વત્ર છવાઈ ગયો

વનડાઉનમાં રમીને પચીસ બૉલમાં ચાર ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૫૪ રન કરનાર ઇશાન કિશને ફીલ્ડિંગમાં પણ કિવીઓને નહોતા છોડ્યા. કિશને પહેલાં તો ચોથી ઓવર જે બુમરાહે કરી હતી એમાં રચિન રવીન્દ્રનો ડીપ સ્ક્વેર લેગના સ્થાન પર અફલાતૂન ડાઇવિંગ કૅચ ઝીલ્યો હતો. ત્યાર પછી તેણે નવમી ઓવર કે જે વરુણે કરી હતી એમાં તેણે ડીપ મિડવિકેટ તરફ દોડીને ઓપનર ટિમ સિફર્ટનો કૅચ ઝીલી લઈને ભારતને પાંચમી વિકેટ અપાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી.■

### સૅન્ટનરની ગરબડનો અભિષેકે ફાયદો લીધો

અમદાવાદમાં વર્લ્ડ કપ ફાઇનલમાં ટૉસ જીતીને ભારતીય ઓપનર્સ અભિષેક શર્મા અને સંજુ સૅમસનને શરૂઆતથી જ પ્રેશરમાં લાવવાનું કિવી કૅપ્ટન મિચલ સૅન્ટનરે નક્કી કર્યું હશે, પણ એ વિચારનો તે અમલ નહોતો કરી શક્યો. ફાસ્ટ બોલર મૅટ હેન્રીને પ્રથમ ઓવર અપાઈ હતી જેમાં માત્ર સાત રન બન્યા હતા અને અભિષેક હજી ઝીરો પર જ હતો. સૅન્ટનરે બીજી ઓવર ઑફ સ્પિનર ગ્લેન ફિલિપ્સને આપી હતી જેમાં માત્ર પાંચ રન થયા હતા. એનો અર્થ એ થયો કે ભારતીય ઓપનિંગ જોડી ખૂબ સાવચેતીથી શરૂઆત કરી રહી હતી જેનો લાભ સૅન્ટનરે લેવો જોઈતો હતો. જોકે સૅન્ટનરે ત્યાર બાદ સ્પિનરને (રચિન રવીન્દ્રને કે પછીથી ફરી ફિલિપ્સને) મોરચા પર લાવવાને બદલે પેસ બોલર્સ પર ભરોસો મૂક્યો (જુઓ પાનું ૨) ▶▶

## પીવાના પાણીનાં પ્લાન્ટ છે યુદ્ધનાં નવાં ટાર્ગેટ

### ઈરાને બાહરિનના ડીસેલિનેશન પ્લાન્ટમાં હુમલો કર્યો: અમેરિકી સ્પેશ્યલ ફોર્સના સૈનિકો ઈરાનમાં ઘૂસવાની તૈયારીમાં: લેબેનોનમાં ઈઝરાયલના હુમલામાં ૩૯૪નાં મોત: ઈરાનની પેટ્રો સ્ટોરેજ ફેસિલિટી પર હુમલા પછી આગને પગલે ઝેરી વરસાદ

દુબઈ : અમેરિકાએ ખારા પાણીને પીવાલાયક મીઠું બનાવતા ઈરાનના પ્લાન્ટ પર હુમલો કરતાં ઈરાને જવાબમાં બાહરિનના આવા જ પ્લાન્ટને લક્ષ્ય બનાવ્યો હતો. બાહરિને ઈરાન પર આક્ષેપ કર્યો હતો કે ઈરાને રવિવારે ખારા પાણીને મીઠા બનાવતા પ્લાન્ટ પર હુમલો કર્યો હતો. આને લીધે નાગરિક માળખા પરના હુમલા એ યુદ્ધમાં વાજબી ગણાશે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અર્ઘાચીએ કહ્યું હતું કે કેશમ ટાપુમાં ખારા પાણીને મીઠા બનાવતા પ્લાન્ટ પર અમેરિકાએ હવાઈહુમલો કર્યો હતો. અને આને લીધે ૩૦ ગામનો પાણી પુરવઠો બંધ થઈ ગયો હતો. અમેરિકએ નવો દાખલો બેસાડ્યો છે અને ઈરાને તેનું અનુસરણ કર્યું હતું. ઈઝરાયલે શનિવારે મોડેથી ઈરાનની તેલની સુવિધા પર હુમલો કર્યો હતો. તહેરાનના અનેક ભાગમાં હુમલાને લીધે આગ લાગી હતી. ઈઝરાયલે લેબેનોન પર ફરી હુમલા કર્યા હતા. ઈઝરાયલે હુમલા પહેલાં હજારો લોકોને વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપી હતી. બીજી તરફ અમેરિકાએ ઈરાનમાં પોતાના સ્પેશ્યલ ફોર્સના જવાનોને મોકલવાની તૈયારી કરી છે અને આના જવાબમાં ઈરાને કહ્યું છે કે અમે તેમના માટે તૈયાર છીએ.

ઈઝરાયલ લેબેનોનમાં ઈરાન સમર્થિત હિઝબુલ્લાના લડાયકોને ટાર્ગેટ બનાવે છે. લેબેનોનના આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે ગયા અઠવાડિયાથી ચાલતા ઈઝરાયલના હુમલા બાદ ૮૩ બાળક સહિત ૩૯૪ લોકો મરણ પામ્યાં હતાં. હિઝબુલ્લાએ ઈઝરાયલ પર રોકેટ હુમલા કર્યા બાદ ઈઝરાયલે લેબેનોનમાં હવાઈહુમલા શરૂ કર્યા હતા. પશ્ચિમ એશિયામાં ફાટી નીકળેલો સશસ્ત્ર સંઘર્ષ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. અહેવાલ મુજબ ગઈકાલે ઇઝરાયલ ઈરાનની રાજધાની તહેરાનમાં આવેલા એક પેટ્રોલિયમ સ્ટોરેજ ફેસિલિટી પર હુમલો કર્યો હતો, જેને કારણે વિકરાળ આગ ફાટી નીકળી હતી. બીજી તરફ ઈરાને કુવૈત (જુઓ પાનું ૨) ▶▶

## બંગાળના લોકો મુર્મૂનું અપમાન કરવા બદલ ટીએમસીને માફ નહીં કરે: મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ સાથે કરેલા વર્તાવ અંગે તૃણમૂલ કૉંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે રાજ્યના બૌદ્ધિક લોકો મહિલા આદિવાસી નેતા અને દેશના રાષ્ટ્રપ્રમુખનું અપમાન કરનાર પક્ષને કદી માફ નહીં કરે. રાષ્ટ્રીય રાજધાનીમાં નવી દિલ્હીના બે નવા મેટ્રો કોરિડોરનું ઉદ્‍ઘાટન કર્યા બાદ મોદીએ કહ્યું હતું કે દેશ આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવી કરી રહ્યો છે ત્યારે પશ્ચિમ બંગાળની ટીએમસી સરકારે આદરણીય રાષ્ટ્રપ્રમુખનું ઘોર અપમાન કર્યું છે.


મુર્મૂએ શનિવારે પશ્ચિમ બંગાળમાં સંથાલ આદિવાસી જ્ઞાતિના મેળાવડાનું સ્થળ બદલવા તથા તેમની મુલાકાત વખતે પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીની ગેરહાજરી અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ મમતાએ આક્ષેપ કર્યો હતો કે મુર્મૂ ભાજપની સલાહથી (જુઓ પાનું ૨) ▶▶

### બંગાળ સરકાર પાસે કેન્દ્રે જવાબ માગ્યો

નવી દિલ્હી: રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂની પશ્ચિમ બંગાળ મુલાકાત દરમિયાન પ્રોટોકોલ નિયમોના ઉલ્લંઘન મામલે વિવાદ વધ્યો છે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર પાસેથી આ મામલે વિગતવાર જવાબ માગ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિની મુલાકાત દરમિયાન પ્રોટોકોલ, કાર્યક્રમ સ્થળ અને રૂટ વ્યવસ્થાના કથિત ઉલ્લંઘન અંગે પશ્ચિમ બંગાળ સરકાર પાસે રવિવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જવાબ માંગ્યો હતો. સૂત્રોએ આ જાણકારી આપી હતી. પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવને લખેલા (જુઓ પાનું ૨) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ન્યાયતંત્ર ભ્રષ્ટ નથી તો રામ રહીમ કેમ છૂટી ગયો?

**ભારતીય** ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અંગેનું પ્રકરણ સ્કૂલનાં અભ્યાસક્રમમાં સમાવાયું એ મુદ્દે સુપ્રીમ કોર્ટનો આક્રોશ તાજો છે. આપણા માનનિય ચીફ જસ્ટિસ સૂર્યકાન્ત સહિતના ન્યાયાધિશોએ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોવાનું સ્કૂલનાં છોકરાંને શિખવાડવા બદલ એનસીઈઆરટીને ઝાટકી નાંખેલી ને આ પ્રકરણ રદ કરવા ફરજ પાડેલી. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે તો અત્યંત આકરા તેવર બતાવીને કહ્યું કે, આ દેશની સુપ્રીમ કોર્ટ કોઈને પણ ભારતીય ન્યાયતંત્રની બદનામી નહીં કરવા દે.

આ વિવાદ હજુ તાજો જ છે ત્યાં પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. હરિયાણાના પંચકુલામાં ૨૦૦૦ની સાલમાં પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યા થઈ હતી અને હત્યા કેસમાં ડેરા સચ્ચા સૌદાના કર્તાહર્તા રામ રહીમને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. રામ રહીમ ઉપરાંત બીજા ૩ આરોપીઓ કુલદીપ સિંહ, નિર્મલ સિંહ અને કૃષ્ણ લાલને પણ ૧૭ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ પંચકુલાની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે ૭-૭ વર્ષની કેદની સજા સંભળાવી હતી.

આ સજા સામે રામ રહીમ સહિતના આરોપીઓએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી. પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટે આ અરજી પર ચુકાદો આપતાં રામ રહીમને નિર્દોષ ગણાવીને છોડી મૂક્યો છે. હાઈ કોર્ટનું કહેવું છે કે પત્રકાર છત્રપતિની હત્યા કરવાનું કાવતરું રામ રહીમે ઘડ્યું હોવાના પૂરતા પુરાવા નથી તેથી રામ રહીમને નિર્દોષ છોડી મૂકવામાં આવે છે.

રામ રહીમ સિવાયના બીજા ત્રણ આરોપી સામે પૂરતા પુરાવા હોવાનું ઠરાવીને હાઈ કોર્ટે તેમની સજા માન્ય રાખી છે. હાઈ કોર્ટનું કહેવું છે કે, કુલદીપ, નિર્મલ અને કિશન લાલ વિરુદ્ધના પુરાવા અને સાક્ષીઓની જુબાની પરથી સ્પષ્ટ છે કે, પત્રકાર છત્રપતિની હત્યામાં તેમનો હાથ હતો તેથી તેમની આજીવન કેદની સજાને યથાવત રાખવામાં આવે છે.

સ્વાભાવિક રીતે જ આ ચુકાદાથી સૌનાં ભવાં ખેંચાયાં છે કેમ કે રામ રહીમ પર હરિયાણાની ભાજપ સરકાર મન મૂકીને વરસી રહી છે અને થોડા થોડા દિવસના અંતરે રામ રહીમને પેરોલ કે ફર્લો આપીને જેલની બહાર લઈ અવાય છે. રામ રહીમ હત્યા, બળાત્કારના કેસમાં દોષિત ઠર્યો હોવા છતાં ભાજપની મહેરબાનીથી જેલની અંદર ઓછો ને બહાર વધારે રહે છે.

ભવાં ખેંચાવાનું બીજું કારણ એ છે કે, એક ચોક્કસ મોડસ ઓપરેન્ડી અમલમાં મૂકીને રામ રહીમને દૂધે ધોયેલો સાબિત કરવાનું કાવતરું પાર પાડવામાં આવી રહ્યું છે. રામ રહીમ ત્રણ ગંભીર અપરાધના કેસમાં દોષિત ઠરેલો પણ તેમાંથી બે કેસમાં નિર્દોષ છૂટી ગયો છે. રામ રહીમને પોતાના જ આશ્રમની એક સાધ્વીને હવસનો શિકાર બનાવીને બળાત્કાર ગુજારવાના કેસમાં ૧૦ વર્ષની સજા થઈ હતી. એ પછી ડેરા સચ્ચા સોદાના મેનેજર રણજિતસિંહની હત્યાના કેસમાં આજીવન કેદની સજા થયેલી ને પત્રકાર છત્રપતિની હત્યાના કેસમાં પણ આજીવન કારાવાસની સજા થયેલી.

રામ રહીમ ડેરા સચ્ચા સોદાના મેનેજર રણજિતની હત્યા કેસમાં હાઈ કોર્ટમાંથી નિર્દોષ છૂટ્યો ને હવે બીજા કેસમાં પણ તેને નિર્દોષ છોડી મૂકાયો છે તેથી હવે એક જ કેસમાં એ દોષિત છે. બહુ નજીકના ભવિષ્યમાં એ કેસમાં પણ નિર્દોષ છૂટી જશે તેથી જેલની બહાર આવી જશે એવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે. રામ રહીમને સાધ્વીઓ પર બળાત્કારના કેસમાં ૧૦ વર્ષની કેદની સજા થઈ છે તેથી રામ રહીમે હજુ જેલમાં જ રહેવું પડશે પણ ભાજપની સરકાર મહેરબાન છે તેથી તેને ચિંતા નથી.

પત્રકાર રામચંદ્ર છત્રપતિએ પોતાના અખબારમાં ડેરા સચ્ચા સોદાનાં કુકર્મોનો ભાંડો ફોડીને કેટલાક ગંભીર રિપોર્ટ છાપ્યા હતા. રામ રહીમના ચેલકાઓએ છત્રપતિને ચૂપ કરવા કોશિશ કરી પણ છત્રપતિ રણે ચડેલો એટલે ના માન્યો તેમાં ૨૦૦૨માં તેની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. રામ રહીમની વગના કારણે પહેલાં તો કશું ના થયું પણ પછી ભાજપે જ ખૂબ હોબાળો કર્યો એટલે આ કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી હતી. સીબીઆઈએ પુરાવા શોધ્યા પછી સ્પેશિયલ કોર્ટે રામ રહીમ સહિત અન્ય આરોપીઓને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા સંભળાવી હતી.

રામ રહીમને પહેલાં દોષિત ઠેરવીને બબ્બે હાઈ પ્રોફાઈલ કેસમાં નિર્દોષ છોડી મૂકાયો એ શું સૂચવે છે ? એ જ કે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે. નીચલી અદાલતને જે પુરાવા રામ રહીમને આજીવન કેસની સજા સંભળાવવા માટે પૂરતા લાગ્યા એ જ પુરાવા હાઈ કોર્ટને અપૂરતા લાગે તેનો અર્થ એ થયો કે, બેમાંથી કોઈ એક અદાલત ખોટી છે. એ જ સાક્ષીઓ છે ને એ જ પુરાવા છે છતાં માત્ર છ વર્ષમાં રામ રહીમ નિર્દોષ છૂટી જાય તેનો અર્થ સ્પષ્ટ છે કે કાં નીચલી અદાલતે ગરબડ કરેલી કે હાઈ કોર્ટે ગરબડ કરી છે.

આપણે ત્યાં ન્યાયતંત્રથી લોકો ડરે છે તેથી સ્પષ્ટ રીતે તેની ટીકા કરતાં નથી. આપણી ન્યાય પ્રણાલીમાં ઘણું બધું ન્યાયાધીશોની મુનસફી પર છોડાય છે તેથી માનવસહજ ભૂલ ગણાવીને ન્યાયતંત્રનો બચાવ પણ કરાય છે, પણ રામ રહીમ જેવા પાવરફૂલ ને રાજકારણીઓના જેમના પર ચાર હાથ છે એવા લોકોના જ કેસમાં આવી માનવસહજ ભો કેમ થાય છે એ સવાલ મહત્ત્વનો છે. આ સવાલનો જવાબ સ્પષ્ટ છે કે, આપણું ન્યાયતંત્ર દૂધે ધોયેલું નથી ને માત્ર ન્યાયને જ મહત્ત્વ આપીને ચુકાદા નથી આપતું.

આપણે ત્યાં ભ્રષ્ટાચારની વાત આવે ત્યારે પૈસાની લેવડદેવડની જ ચર્ચા થતી હોય છે, પણ માત્ર પૈસાની લેવડદેવડ થાય એ જ ભ્રષ્ટાચાર નથી. રાજકીય દબાણસર કે બીજાં કોઈ કારણસર ચુકાદા બદલાઈ જાય એ પણ ભ્રષ્ટાચાર જ છે. રામ રહીમના કેસમાં આ જ કારણ ભાગ ભજવી ગયાનું લાગે છે.

રામ રહીમ અત્યંત પાવરફુલ હતો ને તેને કોઈ હાથ પણ અડાડવાની હિંમત નહોતું કરતું. ૨૦૧૭માં ભાજપ સરકારે તેને ઉઠાવીને જેલમાં નાંખ્યો ને પછી તેની સામે મજબૂત પુરાવા ઉભા કરીને સજા પણ કરાવી ત્યારે સૌ ન્યાયતંત્ર પર આફરીન થઈ ગયેલાં ને ભાજપની પણ વાહવાહી થઈ ગયેલી. હવે એ જ ન્યાયતંત્ર છે ને એ જ ભાજપની સરકાર છે પણ ચુકાદા બદલાઈ રહ્યા છે કેમ કે હવે ભાજપને જરૂર છે.

રામ રહીમનો પોતાનો આગવો અનુયાયી વર્ગ છે કે જેને રામ રહીમ બળાત્કાર કરે કે હત્યા કરે તેનાથી કોઈ ફરક પડતો નથી. રામ રહીમ જેલમાં ગયો પછી પણ તેના અનુયાયીઓ તેની ભક્તિમાં લિન છે ને તેના ઈશારે જ વર્તે છે. આ ઘેટાંના ટોળાં જેવા અનુયાયીઓના મતોની લાલચમાં ભાજપ રામ રહીમનાં પાપ ધોઈને તેને સંત તરીકે ફરી સ્થાપિત કરવાનું ગંદુ કામ કરી રહ્યો છે અને લાગે છે કે, હાઈ કોર્ટ તેમાં સાથ આપી રહી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, સોમવાર, તા. ૯-૩-૨૦૨૬, શ્રી એકનાથ ષષ્ઠી, વિંછુડો

- ભારતીય દિનાંક ૧૮, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૬
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા સાંજે ક. ૧૬-૧૧ સુધી, પછી અનુરાધા
- ચંદ્ર તુલામાં સવારે ક. ૦૯-૨૯ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૬, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૫, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ●

ભરતીઃ બપોરે ક. ૧૫-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૩ (તા. ૧૦)
ઓટઃ સવારે ક. ૦૯-૦૩, રાત્રે ક. ૨૧-૧૮
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન – કૃષ્ણ ષષ્ઠી. શ્રી એકનાથ ષષ્ઠી, વિંછુડો પ્રારંભ સવારે ક. ૦૯-૨૯, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૨૭. ● શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત. ઇન્દ્ર અગ્નિદેવતાનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ બુધ-ગુરુ ત્રિકોણ સહનશક્તિવાળા, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અચોક્કસ સ્વભાવના, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સ્વપ્નદષ્ટા, ચંદ્ર-શનિ ત્રિકોણ. કાળજીવાળા, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી.
- ખગોળ જ્યોતિષઃ બુધ-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૧૦) ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૧૦)
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## આજે બજેટ સત્ર ફરી શરૂઃ સ્પીકર સામેની અવિશ્વાસની દરખાસ્ત અને મિડલ-ઈસ્ટ યુદ્ધ છવાઈ જશે

નવી દિલ્હી : સોમવારથી સંસદના બજેટ સત્રના ઉત્તરાર્ધની તોફાની શરૂઆત થશે. લોકસભામાં વિરોધ પક્ષની સ્પીકર ઓમ બિરલાને કાઢવાની દરખાસ્ત હાથ ધરાશે.

પશ્ચિમ એશિયામાં ચાલતી લડાઈ પણ સંસદમાં ગાજશે. વિરોધ પક્ષ સરકારના ઈરાન અંગેના અભિગમ અને રશિયાની તેલ ખરીદવાની અમેરિકાની 'છૂટ' તથા બીજા મુદ્દા પર સરકારની ટીકા કરી રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી ઢૂંકડી છે ત્યારે મતદારયાદીની ખાસ સઘન સમીક્ષાના ફળસ્વરૂપ ૬૦ લાખ મતદાતાના નામ કપાયા છે. આ કવાયત પણ સંસદીય કાર્યવાહી પર તેના ઓછાયા પાડશે. વિરોધ પક્ષના અનેક નેતાઓએ બિરલા સામેની અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે. નેતાઓએ આક્ષેપ કર્યો છે કે ગૃહમાં તેમણે પક્ષપાતી વલણ કર્યું હતું. સભ્યોએ સ્પીકર પર એવો ખોટો દાવો કરવાનો આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસનાં મહિલા સંસદસભ્યો લોકસભામાં 'અનપેક્ષિત હરકત' કરશે. સ્પીકરે મોદીને રાષ્ટ્રપ્રમુખના આભારની દરખાસ્તની ચર્ચામાં સહભાગી થવા ગૃહમાં ન આવવાની સલાહ આપી હતી. વિરોધ પક્ષોએ નોટિસ આપ્યા બાદ બિરલાએ ગૃહની કાર્યવાહીમાં હાજરી આપવાનું બંધ કર્યું છે. લોકસભાના સચિવાલયે કહ્યું હતું કે સોમવારનો એજન્ડા પૂરો થયા બાદ જ તેઓ ગૃહમાં પાછા ફરશે. સોમવારે એજન્ડામાં લોકસભાના સ્પીકરની દરખાસ્ત જ છે. ભાજપ અને કૉંગ્રેસે લોકસભાના તેના સંસદસભ્યોને ગૃહમાં હાજર રહેવાનો વ્હિપ બહાર પાડ્યો હતો.

અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો અને આને લીધે ખનીજ તેલના પુરવઠામાં વિક્ષેપ આવ્યો છે અને મોંઘવારી વધી છે. (એજન્સી)■

## નોર્વેમાં અમેરિકી દૂતાવાસની બહાર ધડાકોઃ ઈરાની કનેક્શનની છે શંકા

ઓસ્લોઃ નોર્વેની રાજધાની ઓસ્લોમાં શનિવારે મોડી રાત્રે અમેરિકી દૂતાવાસ પાસે વિસ્ફોટ થતા દોડધામ મચી ગઈ હતી. સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ પશ્ચિમ ઓસ્લોમાં આવેલા અમેરિકી દૂતાવાસ કમ્પાઉન્ડ નજીક સ્થાનિક સમય મુજબ એક વાગ્યાની આસપાસ વિસ્ફોટ થયો હતો.

જોકે આમાં કોઈને ઈજા થઈ નહોતી અને દૂતાવાસની બિલ્ડિંગને થોડું નુકસાન થયું છે.

ઓસ્લો પોલીસ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ કોન્સ્યુલર પ્રવેશદ્વાર પાસે વિસ્ફોટ થયો હતો, આ વિસ્ફોટનું કારણ હજુ સ્પષ્ટ નથી. હાલ અધિકારીઓ દરેક એન્ગલથી તપાસ હાથ ધરી રહ્યા છે.

પોલીસ અમેરિકી દૂતાવાસના અધિકારીઓ સાથે વાતચીત કરી રહી છે, હજુ સુધી કોઈ ઘાયલ થયાના અહેવાલ નથી. ઓસ્લોમાં અમેરિકી દૂતાવાસની બાજુમાં રહેતા સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઓસ્લોમાં અમેરિકી દુતાવાસના અધિકારીઓએ હજુ સુધી આ વિસ્ફોટ અંગે કોઈ નિવેદન જાહેર કર્યું નથી. ■

## કુવૈતે ક્રૂડ, ગેસના ઉત્પાદનમાં ઘટાડો કર્યો

દોહાઃ મિડલ-ઈસ્ટમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે હવે વૈશ્વિક ઊર્જા સપ્લાય ચેઈનને હચમચાવી દીધી છે. યુદ્ધની ગંભીર અસરોને જોતા અગ્રણી તેલ ઉત્પાદક દેશો સાવચેતીનાં પગલાં ભરી રહ્યાં છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની અછત સર્જાય તેવી ભીતિ છે. કતાર બાદ હવે કુવૈતે પણ તેલ ઉત્પાદન ઘટાડવાની જાહેરાત કરતા વૈશ્વિક સ્તરે આર્થિક તણાવમાં વધારો થયો છે. આ સ્થિતિને કારણે ભારત સહિત અનેક તેલ આયાતકાર દેશોની નજર હવે આગામી સપ્લાય પર ટકેલી છે.

સાતમી માર્ચના રોડ કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર હોર્મુઝ સ્ટ્રેઈટ જેવા વ્યૂહાત્મક દરિયાઈ માર્ગો પર વધતા સુરક્ષા જોખમોને કારણે તેલ ઉત્પાદનમાં કાપ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઈરાન તરફથી થઈ રહેલા હુમલાઓ અને દરિયાઈ માર્ગે જહાજોની અવરજવરમાં ઉભા થયેલા અવરોધોને પગલે આ એહતિયાતી પગલું લેવાયું છે.

ફેબ્રુઆરીમાં દરરોજ ૨૬ લાખ બેરલ ઉત્પાદન કરનાર કુવૈતના આ નિર્ણયથી ગ્લોબલ એનર્જી માર્કેટમાં સપ્લાય ઘટવાની પૂરેપૂરી શક્યતા છે.■

## નીતીશના પુત્ર નિશાંત જેડી(યુ)માં જોડાયા

પટનાઃ બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમાર રવિવારના રોજ જનતા દળ (યુનિયન)માં જોડાયા હતા. હવે તેઓ પાર્ટીના સંગઠનને મજબૂત બનાવવા માટે કામ કરશે.

પટનામાં પાર્ટી મુખ્યાલય ખાતે ૪૦ વર્ષીય એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ નિશાંતને કેન્દ્રીય પ્રધાન રાજીવ રંજન સિંહ 'લલન' અને જેડી(યુ)ના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ સંજય ઝા સહિતના ટોચના નેતાઓની હાજરીમાં પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યા હતા. ■

## સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે કેસ કરનાર આશુતોષ પર ટ્રેનમાં જીવલેણ હુમલો

પ્રયાગરાજઃ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી દ્વારા તેના આશ્રમમાં વિદ્યાર્થીઓનું જાતીય શોષણ કરવાનો આરોપ મૂકતી ફરિયાદ નોંધાવનાર આશુતોષ બ્રહ્મચારી પર રવિવારે સવારે ટ્રેનમાં એક અજાણ્યા શખસે રેઝરથી હુમલો કર્યો હતો. આ જાણકારી પોલીસે આપી હતી.

આ ઘટના અંગે પ્રતિક્રિયા આપતા સરસ્વતીએ દાવા પર પ્રશ્ન ઉઠાવ્યા હતા અને આ વાર્તા 'બનાવટી' હોવાનું કહ્યું હતું. તેમણે રેલવે વહીવટીતંત્રને તપાસ કરવા અપીલ કરી હતી. જેથી કરીને સત્ય બહાર આવી શકે. સ

અધિકારીએ જણાવ્યું કે તબીબી તપાસના રિપોર્ટના આધારે કેસ નોંધવામાં આવશે. ■

## મોટો ઝટકોઃ એસીની કિંમતમાં પાંચથી ૧૫ ટકાનો વધારો

નવી દિલ્હીઃ દેશમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ એર કન્ડિશનર (એસી) ખરીદનારાઓને મોંઘવારીનો ઝટકો લાગી શકે છે. અનેક મોટી કંપનીઓએ પોતાની એસીની કિંમતોમાં પાંચથી ૧૫ ટકાનો વધારો કરવાની યોજના બનાવી રહી છે. કાચા માલનો વધતા ખર્ચ, નબળો રૂપિયો અને નવા ઊર્જા કાર્યક્ષમતા ધોરણોના કારણે આ વધારો કરવામાં આવી રહ્યો છે.

કંપનીઓના જણાવ્યા અનુસાર, ફેબ્રુઆરીથી એપ્રિલ વચ્ચે એસીના અલગ અલગ મોડલના આધારે ભાવમાં વધારો કરવામાં આવી રહ્યો છે. મુખ્ય કંપનીઓમાં ડાઇકિન, વોલ્ટાસ, બ્લુ સ્ટાર, એલજી ઇલેક્ટ્રોનિક્સ, હાયર અને મિત્સુબિશી હેવી ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે. કંપનીઓનું કહેવું છે કે કોપર જેવી ધાતુઓના વધતા ભાવ, નબળો રૂપિયો, નવી ઊર્જા-કાર્યક્ષમતા નીતિઓ અને વધેલા નૂર ચાર્જ સતત ખર્ચમાં વધારો કરી રહ્યા છે, જેના કારણે ભાવમાં વધારો જરૂરી બન્યો છે. એક જાણીતી કંપનીના મેનેજિંગ ડિરેક્ટરે જણાવ્યું હતું કે કંપની એપ્રિલથી એસીની કિમતોમાં ૧૨ ટકાનો વધારો કરશે જે અલગ અલગ મોડલ પર નિર્ભર રહેશે. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### વર્લ્ડ ચૅમ્પિયન

નહીં, દેશના અનેક ભાગોમાં ટીમ ઇન્ડિયાની આ ઐતિહાસિક સિદ્ધિને પગલે ફટાકડા ફૂટ્યા હતા અને દિવાળી જેવો માહોલ અને ક્રિકેટપ્રેમીઓએ જાહેર માર્ગો પર આવીને જીતનું જશન મનાવ્યું હતું. ૨૦૦૭ના વર્લ્ડ કપ વખતે લાલચંદ રાજપૂત ભારતીય ટીમના કોચ/મૅનેજર હતા, ૨૦૨૪માં રાહુલ દ્રવિડ હેડ-કોચ હતો અને આ વખતે ગૌતમ ગંભીરના કોચિંગમાં ભારતે ઐતિહાસિક જીત મેળવી. જસપ્રીત બુમરાહ (૪-૦-૧૫-૪)ને મૅન ઑફ ધ ફાઇનલનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. સંજુ સૅમસને કુલ ૩૨૧ રન સ્પર્ધામાં કર્યા હતા અને તેને મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર અપાયો હતો.

૨૦૨૪ના અને ૨૦૨૬ બન્ને ચૅમ્પિયનપદ સમયની ફાઇનલમાં જે ખેલાડીઓ હતા એમાં સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, શિવમ દુબે અને અર્શદીપ સિંહનો સમાવેશ થાય છે. કુલદીપ યાદવ ૨૦૨૪નો વર્લ્ડ કપ રમ્યો હતો અને ૨૦૨૬ના વર્લ્ડ કપની સ્કવૉડમાં પણ તે હતો.

સંજુ સૅમસન (૮૯ રન, ૪૬ બૉલ, આઠ સિક્સર, પાંચ ફોર) સતત ત્રીજી વખત મૅચ-વિનિંગ ઇનિંગ્સ રમ્યો હતો. તેણે અભિષેક શર્મા (બાવન રન, ૨૧ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) સાથે ૯૮ રનની ઓપનિંગ પાર્ટનરશિપ અને અભિષેકની વિકેટ પડ્યા બાદ તેણે ઇશાન કિશન (૫૪ રન, પચીસ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) સાથે બીજી વિકેટ માટે ૧૦૫ રનની મૅચ-વિનિંગ ભાગીદારી કરી હતી.

ન્યૂ ઝીલૅન્ડ પહેલાં ભારતની બૅટિંગ સામે નબળું સાબિત થયું હતું અને પછી ભારતીય બોલિંગ સામે ઝૂક્યું હતું. ટૂંકમાં, કિવીઓ ૨૫૬ રનના લક્ષ્યાંકના બોજ નીચે દબાઈ ગયા હતા અને ૯૬ રનના માર્જિન સાથે ભારતને શરણે થયા હતા. મૅચની શરૂઆતની ઓવર્સમાં સ્પિનર અક્ષર પટેલ બે ઓવરમાં બે વિકેટ લઈને અને કુલ ૨૭ રનમાં ત્રણ વિકેટ સાથે ઝળક્યો હતો તો અંતિમ પળોમાં બુમરાહે ઉપરાઉપરી બે બૉલમાં બે વિકેટનો તરખાટ મચાવ્યો હતો. તેણે ત્રણ ઓવરમાં કુલ ત્રણ વિકેટ લીધી હતી. તેણે ચાર ઓવરમાં માત્ર ૧૫ રનના ખર્ચે કુલ ચાર વિકેટ લીધી હતી. તેણે ચારમાંથી ત્રણ વિકેટ ક્લીન બોલ્ડમાં લીધી હતી. એક વિકેટ હાર્દિક પંડ્યાને અને એક વિકેટ વરુણ ચક્રવર્તીને મળી હતી, જ્યારે ટૂર્નામેન્ટની આખરી વિકેટ અભિષેક શર્માએ મેળવી હતી જેમાં તેના બૉલમાં તિલક વર્માએ જૅકબ ડફીનો કૅચ ઝીલ્યો હતો. ઇશાન કિશને કુલ ત્રણ અને તિલક વર્માએ બે કૅચ ઝીલ્યા હતા.

ટી-૨૦નો આ ૧૦મો વર્લ્ડ કપ હતો જે જીતીને ભારતીય ટીમે અંદાજે ૨૭.૪૮ કરોડ રૂપિયાનું પ્રથમ ઇનામ જીતી લીધું છે. કિવીઓની ટીમને રનર-અપ રહેવા બદલ ૧૪.૬૫ કરોડ રૂપિયા મળ્યા છે.

એ પહેલાં, ભારતે પ્રથમ બૅટિંગ કરવા મળી ત્યાર બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૫૫ રન કરીને કિવીઓને ૨૫૬ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. આ ટૂર્નામેન્ટમાં ૨૫૬ રનનો હાઇએસ્ટ ટીમ-સ્કોર (જે ભારતનો જ હતો) એ તો નહોતો તૂટી શક્યો, પરંતુ અભિષેક શર્મા, સંજુ સૅમસન, ઇશાન કિશન, હાર્દિક પંડ્યા અને છેલ્લે શિવમ દુબેએ ચોગ્ગા-છગ્ગાનો વરસાદ વરસાવીને મહાનુભાવો સહિત સવા લાખ જેટલા પ્રેક્ષકોને મોજ કરાવી દીધી હતી.

અભિષેક-સૅમસનની ફટકાબાજી વખતે ખાતરીથી કહી શકાતું હતું કે ભારતના ૨૭૫ અથવા ૩૦૦ રન તો પાક્કા જ છે. જોકે અભિષેકની વિકેટ અને પછીથી સૅમસન-ઇશાનની શાનદાર ૧૦૫ રનની ભાગીદારી પછી ઉપરાઉપરી જે ત્રણ વિકેટ પડી એને લીધે ભારતીયોનો રનનો ધોધ ઓસરી ગયો હતો અને ટીમ-સ્કોર ૫/૨૫૫ સુધી સીમિત રહ્યો હતો. જોકે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલ્સના ઇતિહાસમાં ભારતનો ૫/૨૫૫નો સ્કોર હવે તમામ દેશોમાં હાઇએસ્ટ છે.

અભિષેક શર્મા અને સંજુ સૅમસનની જોડીએ ૭.૧ ઓવરમાં ૯૮ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરીને જીતનો પાયો નાખી આપ્યો હતો. સૅમસન સતત ત્રીજી મૅચમાં સેન્ચુરી ચૂકી ગયો, પણ આ ટૂર્નામેન્ટમાં તેની છેલ્લી ત્રણેય ઇનિંગ્સ (૯૭ અણનમ, ૮૯ રન અને ૮૯ રન) વર્ષો સુધી યાદ રખાશે.

સૅમસન અને ઇશાન કિશન વચ્ચે ૧૦૫ રનની ભાગીદારી થઈ હતી. પીઢ પેસ બોલર જેમ્સ નીશૅમે ભારતની ઇનિંગ્સની ૧૬મી ઓવરમાં ત્રણ વિકેટ લઈને ભારતના રનમશીનને બ્રેક લગાવી હતી. સૅમસન, કિશન અને સૂર્યકુમાર યાદવ (૦)ની ઉપરાઉપરી ત્રણ વિકેટ પડ્યા બાદ ભારતીય બૅટ્સમેનો ખૂબ ધીમા પડી ગયા હતા.

હર્દિક પંડ્યા (૧૮ રન, ૧૩ બૉલ, એક સિક્સર, એક ફોર)એ થોડી આતશબાજી કર્યા પછી વિકેટ ગુમાવી હતી અને છેલ્લી ઓવર્સમાં તિલક વર્મા (આઠ અણનમ) તો ખાસ કંઈ આક્રમક નહોતો રમ્યો, પરંતુ શિવમ દુબે (૨૬ અણનમ, આઠ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)એ ફટકાબાજી કરીને ભારતનું ટોટલ ૨૫૦-પ્લસ કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

કિવી બોલર્સમાંથી નીશૅમે ત્રણ તેમ જ મૅટ હેન્રી તથા રચિન રવીન્દ્રએ એક-એક વિકેટ લીધી હતી. ખુદ કૅપ્ટન મિચલ સૅન્ટનર, ગ્લેન ફિલિપ્સ, લૉકી ફર્ગ્યુસન અને જેકબ ડફીને વિકેટ નહોતી મળી. ■

### સૅન્ટનરની

હતો અને સૅમસન-અભિષેકે મોકો જોઈને ચોક્કો મારવાની શરૂઆત કરી દીધી હતી.

છેક આઠમી ઓવરમાં રચિનને પહેલી વખત મોરચા પર લાવવામાં આવ્યો ત્યારે તેણે પહેલા જ બૉલમાં અભિષેકની વિકેટ અપાવી હતી. ટૂંકમાં, સૅન્ટનરે પોતે જ ભારતને સારા ઓપનિંગ માટેનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. ખરેખર તો બન્ને સ્પિનર ગ્લેન ફિલિપ્સ અને રચિન રવીન્દ્ર અસરદાર બોલિંગ કરી રહ્યા હતા છતાં કૅપ્ટન સૅન્ટનરે તેમને મોરચા પરથી હટાવીને પેસ બોલર્સ પર ભરોસો મૂક્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### બંગાળ સરકાર

પત્રમાં કેન્દ્રીય ગૃહ સચિવે તેમના પ્રોટોકોલ, સ્થળ અને રૂટ વ્યવસ્થાના 'બ્લૂ બુક' નિયમોના ઉલ્લંઘન અંગે જવાબ આપવા કહ્યું છે. 'બ્લૂ બુક' એક ગુપ્ત દસ્તાવેજ છે જે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન અને તેમના પરિવારો માટેની સુરક્ષા અને પ્રોટોકોલ માટેના નિયમોની યાદી આપે છે. રાષ્ટ્રપ્રમુખ મુર્મૂએ શનિવારે બાગડોગરા એરપોર્ટ નજીક આદિવાસી સમુદાયના કાર્યક્રમમાં ઓછા લોકો આવવા પર નારાજગી વ્યક્ત કરી હતી અને બિધાનનગરથી સ્થળ બદલવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે તેમની મુલાકાત દરમિયાન પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનર્જી અને તેમના પ્રધાનોની ગેરહાજરીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવને મોકલવામાં આવેલા પત્રમાં રાષ્ટ્રપ્રમુખના રાજ્યમાં આવ્યા ત્યારે મુખ્યપ્રધાન, મુખ્ય સચિવ અને ડીજીપીની ગેરહાજરી અંગે જવાબ માંગવામાં આવ્યો હતો. પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ બ્લૂ બુકના નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે. ■

### પીવાના પાણીનાં

એરપોર્ટ પર આવેલી ફ્યુઅલ ટેંકને નિશાન બનાવી હતી, જ્યારે સઉદી અરેબિયા પર પણ ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો હતો. પેટ્રોલિયમ સ્ટોરેજ પર હુમલાને કારણે વિકરાળ આગ ફાટી નીકળી હતી, અને કાળા ધુમાડાના ગોટા ઉંચે આકાશ સુધી પહોંચ્યા હતાં, આ ધુમાડો વરસાદી વાદળો સાથે મળી જતાં ઝેરી વરસાદ થયો હતો.

બીજી બાજુ ઈરાનના પ્રમુખ મસુદ પેઝેશકિયાને શનિવારે પડોશી દેશની માફી માગ્યા બાદ રવિવારે ફેરવી તોળ્યું હતું. ઈરાનના ઉદ્દામવાદી તત્ત્વોના દબાણને પગલે પ્રમુખે રવિવારે કહ્યું હતું કે જો અમારા પર હુમલો થશે તો અમારી પાસે જવાબ આપવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી અમારો દેશ ઈરાન દબાણ, જુલમ અને આક્રમણને વશ નહીં થાય. બાહરિન, કુવૈત અને સંયુક્ત આરબ અમીરાતે એવો અહેવાલ આપ્યો હતો કે ઈરાનની મિસાઈલે રવિવારે નવા નાગરિક લક્ષ્યો પર હુમલા કર્યા હતા. ■

### બંગાળના

આ બોલી રહ્યા છે અને મણિપુર અને છત્તીસગઢ જેવા રાજ્યમાં આદિવાસી પરના અત્યાચાર અંગે તેઓ મૌન છે. ભાજપે રાષ્ટ્રપ્રમુખનું અપમાન કરવા બદલ ટીએમસી સરકારની ટીકા કરી હતી. મોદીએ આને શરમજનક અને અભૂતપૂર્વ ગણાવીને આક્ષેપ કર્યો હતો કે ટીએમસીએ બધી મર્યાદા ઓળંગી છે. મોદીએ કહ્યું હતું કે દેશ ટીએમસીને કદી માફ નહીં કરે. આદિવાસી સમાજ પણ નહીં માફ કરે. (એજન્સી)■

# ગુજરાતમાં આગામી ૩ દિવસમાં અનેક જિલ્લાઓમાં હીટવેવની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી ૩ દિવસ દરમિયાન મહત્તમ અને લઘુતમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસ જેટલો ક્રમશઃ વધારો થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સૌથી વધુ ગરમી કચ્છ અને સૌરાષ્ટ્રમાં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. કચ્છમાં સૌથી વધુ ભુજમાં સૌથી વધુ ૩૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આગામી ૭ દિવસ દરમિયાન સમગ્ર રાજ્યમાં હવામાન સૂકું રહેવાની આગાહી કરવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભુજમાં સૌથી વધુ ૩૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, રાજકોટ અને ગાંધીનગરમાં પણ અનુક્રમે ૩૮.૮ અને ૩૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ૩૭.૬, ડીસામાં ૩૭.૨, સુરતમાં ૩૭ અને ભાવનગરમાં ૩૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે દાહોદમાં સૌથી ઓછું ૧૫.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હિટવેવની ચેતવણી પણ આપવામાં આવી છે. ખાસ કરીને ૯ અને ૧૦ માર્ચના રોજ અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, વડોદરા અને સુરત જેવા જિલ્લાઓમાં હિટવેવની સ્થિતિ રહેવાની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ અને કચ્છમાં પણ ગંભીર ગરમી પડવાની સંભાવના છે. અમદાવાદમાં ૯ માર્ચ સુધી આકાશ ચોખ્ખું રહેશે અને મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. ગરમીની સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ મુશ્કેલી વધશે. ૯ થી ૧૧ માર્ચ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા હવામાનને કારણે અકળામણ અનુભવાશે.

# સુરતને ₹ ૯૨૦ કરોડનાં વિકાસકામોની ભેટઃ હર્ષ સંઘવીએ સુરતીઓને સ્વચ્છતા જાળવવા કરી ટકોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસને વેગ આપતા રૂ. ૯૨૦ કરોડથી વધુના પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત આજે કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર. પાટીલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું. રૂ. ૧૮૭.૧૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના પેકેજ-૧નું ઉદ્ઘાટન કરી તેને સુરતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ સાથે જ વરિયાવ અને રાંદેરમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વેસુમાં અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક, ભેસ્તાન અને પાલનપોરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસ તથા વિન્ડ પાવર પ્લાન્ટ સહિત કુલ રૂ. ૬૭૩.૧૨ કરોડના વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સુરતના વિવિધ ઝોનમાં માળખાકીય સુવિધાઓને સુદ્રઢ બનાવવા માટે રૂ. ૨૪૭.૮૦ કરોડના નવા કામોના ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. જેમાં ઉધના, રાંદેર અને વરાછા વિસ્તારમાં સીસી રોડ, આઉટર રિંગ રોડના મહત્ત્વના પેચ અને ડ્રેનેજ સિસ્ટમ જેવા પાયાના કામોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે હર્ષ સંઘવીએ પાંચ વર્ષ સુધી સુરતમાં ઐતિહાસિક કામ કરવા બદલ સુરત મહાનગરપાલિકાના તંત્ર, અધિકારીઓ અને કર્મચારીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે લોકોને ટકોર કરતાં કહ્યું હતું કે આ પ્રોજેક્ટનું આજે લોકાર્પણ થયું છે પરંતુ તેને વર્ષો સુધી ટકાવી રાખવા કચરો નહિ કરવા, જ્યાં ત્યાં થૂંકવાની આદત છોડવી પડશે. તો જ આ પ્રોજેક્ટની જાળવણી થઈ શકશે તેમ જણાવ્યું હતું.

જળશક્તિ પ્રધાન સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, જે વિવિધતા સાથે સુરત શહેરનો વિકાસ થયો છે તે બીજું કોઈ શહેર કરી શકે તેમ નથી તેવું કામ પાંચ વર્ષમાં કરવામાં આવ્યું છે. લોકોની અપેક્ષા કરતાં વધારે, જે કરીએ તેનાથી સારામાં સારું અને લોકો માગે તે પહેલા કરીએ તેવું કામ સુરતમાં કર્યું છે. તેમણે આગળ જણાવ્યું હતું કે એક સમયે ગંદા શહેરનું લેબલ ધરાવતું શહેર સુરત આજે દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે, તેનું પ્રથમ શ્રેય સુરતના સફાઇકર્મીઓને, બીજું સુરતના નાગરિકોને, ત્રીજું સુરત મનપાના કર્મીઓને એન ચોથું સુરત મનપાની ચૂંટાયેલી બોડીને આપવું જોઈએ તેમ જણાવ્યું હતું.

# ગુજરાતમાં ખેડૂતનો અને યુવાનો નહીં, માત્ર ભાજપના નેતાઓનો વિકાસ થયોઃ કેજરીવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા માટે સોમનાથથી શરૂ કરવામાં આવેલી 'પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા'ના સમાપન પ્રસંગે ગાંધીનગરના રામકથા મેદાનમાં વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સહિત આપના અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા અને જનમેદનીને સંબોધિત કરી હતી. અરવિંદ કેજરીવાલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

કેજરીવાલે આક્ષેપ કરતાં કહ્યું હતું કે, બોટાદના હડદડની ઘટનાથી ભાજપે ગુજરાતના ખેડૂતોને સંદેશ આપ્યો હતો કે જો કોઈ અવાજ ઉઠાવશે તો તેમના પણ આ જ હાલ થશે. તેમણે ખેડૂતોને આગામી ચૂંટણીમાં ભાજપને મત નહિ આપવાના સોગંદ ખાવાની હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે મનેરગા કૌભાંડનો અવાજ ઉઠાવવા બદલ ચૈતર વસાવાને જેલમાં ધકલી દેવામાં આવ્યા હતા. દેશના ઇતિહાસમાં પ્રથમ વખત પદસ્થ મુખ્ય પ્રધાનને ખોટા કેસમાં જેલમાં મોકલી દેવામાં આવ્યા, કોર્ટે ભાજપના આરોપોને ફગાવી દીધા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ગુજરાતમાં ખેડૂતો, યુવાનો પ્રગતિ નહિ કરી રહ્યા, પરંતુ માત્ર ભાજપના નેતાઓ પ્રગતિ કરી રહ્યા છે. ભાજપ-કોંગ્રેસના નેતાઓના સયુંક્ત બિઝનેસ ચાલે છે. ગુજરાતમાં પેપરલીક થાય છે અને તે ભાજપના નેતાઓ દ્વારા જ કરવામાં આવતો હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં દારૂની હોમ ડિલિવરી કરવામાં આવે છે, કૉલેજોમાં ડ્રગ્સ મળે છે. જો કે ગુજરાતમાં ડ્રગ્સ કે દારૂ વેચનારને નહિ ખેડૂતોને જેલમાં મોકલવામાં આવે છે. ગઇકાલે જે નેતાઓ સ્કૂટર પર ફરતા આજે તેમની પાસે મોંઘીદાટ ગાડીઓ છે તેવો આરોપ કર્યો હતો.

# ટી-૨૦ વર્લ્ડ કપ ફાઈનલ માટે પાંચ સ્પેશિયલ ડૉગી પણ બન્યા સ્ટેડિયમના રખેવાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રવિવારે આખું અમદાવાદ ક્રિકેટમય બની ગયું હતું અને સવારથી જ ક્રિકેટફિવર જોવા મળી રહ્યો હતો ત્યારે પાંચ સ્પેશિયલ ડોગ્સ પણ શહેરના મહેમાન બન્યા હતા. જોકે તેઓ મહેમાનનવાઝી માણવા માટે નહીં, પરંતુ સ્ટેડિયમની સુરક્ષા માટે લાવવામાં આવ્યા હતા.

ધ સ્પેશિયલ ફાઇવ તરીકે ઓળખાતા, આ અલગ અલગ બ્રિડના શ્વાન તેમના હેન્ડલર સાથે અમદાવાદ લાવવામાં આવ્યા હતા, જેથી તેઓ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં દેખરેખ રાખે અને સુરક્ષા તપાસમાં મદદ કરી શકે. તેમની સાથે ૨,૦૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓ ફરજ પર હાજર રહેશે.

સ્પેશિયલ ફાઈવમાં મેક ભાવનગરનો મેલ બિગલ છે. સૌથી નાનો દેખાતો આ શ્વાન સૌથી તેજ માનવામાં આવે છે. તેના હેન્ડલર સુજનસિંહ ગોહિલ છે. સુરેન્દ્રનગરની ફીમેલ જર્મન શેફર્ડ સ્વીટી એક બાજનજર ટ્રેકર છે અને ભીડમાં ખોવાયેલી વ્યક્તિને શોધવામાં મદદ કરી શકે છે. તેનો હેન્ડલર રાણા જિંજુવાડિયા છે, બોટાદની ફીમેલ બેલ્જિયન માલિનોઇસનું નામ એલેક્સ છે. ભીડને નિયંત્રિત કરવામાં એલેક્સ મદદરૂપ થાય છે. તેનો હેન્ડલર રામદેવસિંહ પરમાર છે. વડોદરા રેલવે પોલીસનો મેલ ડોબરમેન રેમ્બો વિસ્ફોટકો સુંઘવામાં નિષ્ણાત છે. રાહુલ પંડ્યા તેની સાથે આવ્યો છે.વડોદરા પોલીસનો મેલ લેબ્રાડોર રાજુ પણ સુંઘવામાં નિષ્ણાત શ્વાન છે. ગમે તેટલી જનમેદની હોય તો પણ રાજુનું નાક સતર્ક રહે છે. આ પાંચેય શ્વાન અને તેમાન હેન્ડલર્સ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, તેમ અધિકારી દ્વારા જાણવા મળ્યું હતું.

# ભાવનગરના જાળિયા પાસે ગમખ્વાર અકસ્માતઃ ડિવાઈડર સાથે બાઈક અથડાતાં ત્રણ મિત્રનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના જાળીયા ગામ પાસે પૂરઝડપે જતી બાઈક રોડ પરના ડિવાઈડર સાથે ધડાકાભેર ભટકાતા ત્રણ મિત્રના મોત નીપજ્યા હતા. આ બનાવને પગલે જાળીયા અને માંડવા પંથકમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું. આ ગમખ્વાર અકસ્માતની પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામ જાળીયા ગામે પાન-માવાની દુકાન ચલાવતા રવિભાઈ જીવરાજભાઈ ડાભીનો મોટો ભાઈ કમલેશ જીવરાજભાઈ ડાભી (૨૪) તેના મિત્રો સદામખાન દોલતખાન પઠાણ અને સંજયભાઈ ઉર્ફે હકો સોલંકી સાથે બાઈક પર સવાર થઈ લીમડા તરફ ગયા હતા. જ્યારે આ ત્રણેય મિત્રો લીમડાથી પરત જાળીયા આવી રહ્યા હતા, ત્યારે શ્રીજી વોટર પાર્ક પાસે ચાલક સદામખાન પઠાણે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બાઈક રોડની વચ્ચે આવેલા ડિવાઈડર સાથે ભટકાતા ત્રણેય યુવાનો હવામાં ફંગોળાયા હતા. અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઇજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે ઢસા સરકારી હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હૉસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે કમલેશ ડાભી અને સદામખાન પઠાણને મૃત જાહેર કર્યા હતા.

# દાહોદ રેપ-મર્ડર કેસમાં હાઈ કોર્ટે આરોપીની આજીવન કેદની સજા અકબંધ રાખી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે વર્ષ ૨૦૧૩માં દાહોદ જિલ્લામાં એક સગીરા પર બળાત્કાર અને તેની હત્યાના ગુનામાં દોષિતની આજીવન કેદની સજાને માન્ય રાખી હતી. કોર્ટે ૨૦૧૪માં સેશન્સ કોર્ટ દ્વારા સંભળાવવામાં આવેલી સજા વિરુદ્ધની અપીલને ફગાવી દેતા જણાવ્યું હતું કે, પ્રોસિક્યુશન આરોપીના ગુનાને સાબિત કરતી તમામ કડીઓ જોડવામાં સફળ રહ્યું છે. અદાલતે કહ્યું હતું કે સગીરાની સંમતિ વિના થયેલું કૃત્ય અને ત્યારબાદ તેની ક્રૂરતાપૂર્વક હત્યા કરવી એ સ્પષ્ટપણે આજીવન કેદને પાત્ર ગુનો છે.

આ ઘટના વર્ષ ૨૦૧૩ની છે, જેમાં આરોપીએ વાણા વિધિમાં હાજરી આપવા આવેલી ૧૩ વર્ષની સગીરાને બળજબરીપૂર્વક નજીકના ખેતરમાં લઈ ગયો હતો અને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે બાળકીએ મદદ માટે બૂમો પાડી, ત્યારે આરોપીએ તેનું ગળું દબાવીને તેની હત્યા કરી નાખી હતી. સગીરાના પિતાએ તે જ દિવસે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તપાસ કરીને આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરી હતી.

હાઈ કોર્ટે આ કેસમાં મેડિકલ પુરાવા, એફએસએલ રિપોર્ટ અને સાક્ષીઓની જુબાનીને અત્યંત મહત્ત્વની ગણાવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સેક્સ્યુઅલ એસોલ્ટ અને ગૂંગળામણના કારણે મૃત્યુ થયું હોવાની પુષ્ટિ થઈ હતી. આરોપીના વકીલોએ દલીલ કરી હતી કે આ કેસ માત્ર સંજોગોવશાત પુરાવા પર આધારિત છે, પરંતુ હાઈ કોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યારે પુરાવાની સાંકળ સંપૂર્ણ હોય ત્યારે તે પ્રત્યક્ષ પુરાવા જેટલી જ મજબૂત હોય છે. કોર્ટે નોંધ્યું હતું કે 'લાસ્ટ સીન' થિયરી એટલે કે ઘટના પહેલા આરોપી અને ભોગ બનનારને સાથે જોનારા સાક્ષીઓની જુબાની અને આરોપીનું વર્તન તેના ગુનાની સાબિતી આપનારું છે.

# ગુજરાતમાં મહિલાઓ બની રહી છે ઑન્ટ્રેપ્રેન્યોરઃ પાંચ વર્ષમાં બમણા સ્ટાર્ટ-અપ્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્વતંત્ર રીતે પોતાનો બિઝનેસ કરતી, નવા ઉદ્યોગો શરૂ કરતી, સ્ટાર્ટ અપ કંપનીઓનું સંચાલન કરતી મહિલાઓની સંખ્યા પાંચ વર્ષમાં બમણી થઈ ગઈ હોવાનું અહેવાલમાંદાવો કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ૧૫ ટકા ભાગીદારી મહિલાઓની હતી, જે વધીને ૨૦૨૫માં ૩૦ ટકા થઈ છે. આઈ-હબ ગુજરાતે આપેલા આંકડા અનુસાર ૬૪૦ સ્ટાર્ટ અપ્સમાંથી ૧૯૬ મહિલા સંચાલિત છે. જેમાં ડિપટેક, એડટેક, હેલ્થ એન્ડ વેલનેસ, આઈટીસી, એફએમસીજી અને કૃષિ વગેરે સેક્ટરમાં વધારે મહિલાઓ રસ ધરાવે છે.

મહિલાઓને સારી સુવિધાઓ મળે છે અને તેમની માટે અનુકૂળ વાતાવરણ પણ હોવાથી તેમના સ્ટાર્ટ અપ્સમાં વધારો થઈ રહ્યો છે. આ સાથે સરકાર પણ મહિલાઓને સરળતા રહે તેવી નીતિઓ અપનાવી રહી છે.

જોકે ઈન્ડસ્ટ્રી એક્સપર્ટનું કહેવાનું છે કે ગુજરાતમાં ૧૪,૦૦૦ સ્ટાર્ટ અપ્સ છે, જેમાંથી ૪૦ ટકાથી ૫૦ ટકા મહિલાઓ દ્વારા સંચાલિત છે અથવા મહિલાઓ પુરુષો સાથે મળી કામ કરી રહી છે.

# અમદાવાદમાં એટોમિડેટ દવાની તસ્કરી કરતા આંતરરાષ્ટ્રીય નેટવર્કનો પર્દાફાશ, સુરતનો શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટિ ટેરરિઝમ સ્ક્વૉડે દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં ખોટા લેબલ હેઠળ 'એટોમિડેટ' નામની દવાનું ગેરકાયદેસર નિકાસ કરતા એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. ગુપ્ત બાતમીના આધારે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં સુરતના કતારગામ વિસ્તારના નિકુંજ ગઢિયા નામના શખસની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય બે આરોપીઓ ચેતન વરદિયા અને ભૌતિક પદમાણીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આ શખ્સો ભારતમાં સરળતાથી મળતી આ એનેસ્થેટિક દવાની મલયેશિયા અને થાઈલેન્ડ જેવા દેશોમાં તસ્કરી કરી રહ્યા હતા.

તપાસમાં જાણવા મળ્યું હતું કે આ આરોપીઓ અલગ-અલગ ફાર્મા કંપનીઓ ચલાવીને ભારતમાંથી આ પદાર્થ મેળવતા હતા અને મુંબઈ એરપોર્ટ પરથી એર કાર્ગો દ્વારા વિદેશ મોકલતા હતા. ધરપકડ કરાયેલ નિકુંજ ગઢિયાએ કબૂલ્યું હતું કે તેણે એલોવેરા પાવડરના ખોટા લેબલ લગાવીને આશરે ૫૦ કિલોગ્રામ જેટલી દવા મલયેશિયા મોકલી હતી. અન્ય આરોપીઓએ પણ એલોવેરા કાર્બોમર અને ગીનોપોલ-૨૪ પાવડર જેવા ખોટા નામો હેઠળ મોટી માત્રામાં આ પાવડરની નિકાસ કરી હોવાની શંકા છે. મુંબઈ કસ્ટમ્સ અને કુરિયર કંપનીની મદદથી શંકાસ્પદ પાર્સલની તપાસ કરતા તેમાંથી એટોમિડેટ પાવડર મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ પદાર્થની કિંમત પ્રતિ કિલોગ્રામ ૪,૦૦૦ થી ૫,૦૦૦ યુએસ ડોલર હોવાનો અંદાજ છે.

એટીએસએ આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. એટીએસના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુજરાત એટીએસ દ્વારા આ પ્રકારની દવાની તસ્કરી સામે લેવાયેલું આ પ્રથમ પગલું છે. હાલમાં આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સાથીદારો અને આંતરરાજ્ય કનેક્શન શોધવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. તપાસના આગળના તબક્કે ડીઆરઆઈ અને કસ્ટમ્સ જેવી એજન્સીઓને પણ સામેલ કરવામાં આવશે તેમ તેણે જણાવ્યું હતું.

# બેંક અકાઉન્ટ ફ્રીઝ કરવા બાબતે સરકારની નવી એસઓપીથી સુરતના વેપારીઓને રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાયબર ક્રાઈમ સાથે જોડાયેલા શંકાસ્પદ બેંક અકાઉન્ટને ફ્રીઝ કરી નાખવામાં આવે છે, જેને લીધે વેપારીઓને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ બાબતે હવે કેન્દ્ર સરકારે નવી સ્ટાડર્ડ ઑપરેટિંગ પ્રોસિઝર (એસઓપી) બહાર પાડી હતી. આ નવી એસઓપીને સુરતની જેમ્સ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રીએ વધાવી હતી.

ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોના જણાવ્યા અનુસાર એવા ઘણા કિસ્સા બને છે જેમાં પૂર્વસૂચના વિના જ બેંક અકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યા હોય છે. ખાતા ફ્રીઝ કરવાની પ્રક્રિયા ઘણીવાર સમજાતી નથી અને સમય માગી લે તેવી પણ હોય છે. આથી વેપારીઓને વેપારધંધામાં તકલીફ પડે છે.

આ અંગે જેમ્સ એન્ડ જ્વેલરી સાથે જોડાયેલા વેપારીઓએ સરકારને અપીલ કરી હતી. સરકારે તેમની વાત કાને ધરી નવી એસઓપી બહાર પાડી હોવાનું તેમણે જણાવ્યું હતું. નવી એસઓપી અનુસાર ફંડને હોલ્ડ પર રાખવું, ડિજિટલ બેંકિગ સેવાઓ સ્થગિત કરવી અથવા બેંક ખાતાઓ ફ્રીઝ કરવા જેવી પ્રક્રિયા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળ કાનૂની જોગવાઈઓનું પાલન કરવી જોઈએ.

# આશા વર્કર્સે ઑનલાઈન ડ્યૂટી બોયકોટ કરી વિરોધ વ્યક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આંગણવાડીમાં કામ કરતી આશા વર્કર્સે પોતાની લાંબા સમયથી વિલંબમાં મુકાયેલી માગણીઓને માટે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ માટે તેમણે ઑનલાઈન કામકાજનો બોયકોટ કર્યો હતો. પગારમાં વધારો અને સુવિધાઓ મામલે વર્ષ ૨૦૨૨માં આપેલા વચનો પૂરા કર્યા ન હોવાની ફરિયાદો તેમણે કરી હતી.

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન અને ગુજરાત આશા આરોગ્ય કાર્યકર યુનિયનના જણાવ્યા અનુસાર, ૮૦ ટકાથી વધુ આંગણવાડી કાર્યકરોએ પહેલાથી જ ઓનલાઈન કામકાજ કરવાનું બંધ કરી દીધું છે. તેમણે દાવો કર્યો હતો કે સરકારની મોબાઇલ એપ્લિકેશન નબળી છે અને ઘણા કામદારો પાસે સક્ષમ સ્માર્ટફોન નથી, જેના કારણે ડિજિટલ કામકાજ મુશ્કેલ બને છે. આગામી દિવસોમાં વધુ કામદારો વિરોધ પ્રદર્શનમાં જોડાય તેવી અપેક્ષા છે.

કામદારોએ એ પણ ધ્યાન દોર્યું હતું કે કે સરકારે ઓનલાઈન કામ માટે નવા સ્માર્ટફોન આપવાનું વચન આપ્યું હતું, પરંતુ ૨૦૨૬ ના રાજ્ય બજેટમાં પણ આવી કોઈ જોગવાઈ જાહેર કરવામાં આવી ન હતી. આ સાથે માસિક વેતનમાં પણ વધારો થયો નથી. તેમની મુખ્ય માગણીઓમાં વધતી જતી ઓનલાઈન કામગીરી સામે યોગ્ય વળતર અને નવો મોબાઈલ, શાળાઓની જેમ આંગણવાડીમાં પણ કામના કલાકો નક્કી કરો અને જાહેર રજાઓનો લાભ આપો, ભાડે ચાલતી આંગણવાડીઓના ભાડા સમયસર ચૂકવો, પોષણ સુધા યોજના હેઠળ ભોજનના દરમાં વધારો કરો, વય મર્યાદાના અન્યાયી નિયમો દૂર કરો વગેરે હોવાનું તેમણે જણાવ્યું હતું. આંદોલનના પ્રથમ તબક્કાના ભાગ રૂપે, વર્કર્સે ઓનલાઈન પ્રવૃત્તિઓ બંધ કરી દીધી હતી પરંતુ આંગણવાડી કેન્દ્રો ચલાવવાનું અને બધી ઓફલાઈન સેવાઓ ચાલુ રાખી હતી. તેમણે ૧૨ પડતર માગણીઓના ઉકેલ માટે સરકાર સાથે તાત્કાલિક બેઠકની માગ કરી હતી, અને ચેતવણી આપી હતી કે જ્યાં સુધી તેમના મુદ્દાઓનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે.

# ગાંધીનગરમાં બે ચોરીઃ બંધ મકાનમાંથી ₹ ૬.૮૫ લાખ અને ખેતરમાંથી ₹ ૧.૩૫ લાખની માલમતાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર જિલ્લાના પોર ગામમાં ધોળા દિવસે ચોરીની એક મોટી ઘટના બની હતી. ફરિયાદી જશુજી પુજાજી ઠાકોર અને તેમનો પરિવાર એક લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે જાસપુર ગામે ગયા હતા. આ દરમિયાન તેમના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર ઘૂસીને ચોરીને અંજામ આપ્યો હતો. પરિવાર પરત ફર્યો ત્યારે ઘરનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો.

મળતી વિગતો અનુસાર, તસ્કરોએ ઘરની અંદર રાખેલી પેટી, પલંગ અને લોખંડની તિજોરીના તાળાં તોડી કિંમતી ઘરેણાં અને રોકડ રકમની ચોરી કરી છે. ચોરાયેલી વસ્તુઓમાં અંદાજે એક તોલાની સોનાની કાનની બૂટી, અઢી તોલાનું સોનાનું બાજુબંધ લૉકેટ અને ૫૦૦ ગ્રામનો ચાંદીનો જુડો સામેલ છે. આ ઉપરાંત, તિજોરીમાં રાખેલી રૂ. ૭૫,૦૦૦ની રોકડ રકમ પણ ચોરાઈ હતી, આમ કુલ મળીને રૂ. ૬,૮૫,૦૦૦ની મતાની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસે આસપાસના વિસ્તારના સાક્ષીઓની પૂછપરછ અને તપાસ શરૂ કરી હતી અને જેથી અજાણ્યા ચોર ઈસમોને વહેલી તકે પકડી શકાય.

તે ઉપરાંત ગાંધીનગરના શેરથા ગામે એક ખેતરમાં તસ્કર ટોળકીએ બોર રિપેરિંગનું કામને કારણે બહાર કાઢેલા પાવર કેબલની ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. અજાણ્યા ઇસમો વાહન લઈને આવ્યા હતા અને બોરવેલનો આશરે ૪૫૦ ફૂટ જેટલો કોપર કેબલ વાયર કાપીને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલા આ ૩૫ એમ.એમ.ના કેબલની કુલ કિંમત રૂ. ૧,૩૫,૦૦૦ અંદાજવામાં આવી છે. આ ઘટના અંગે પોલીસે ગુનો નોંધી તસ્કરોનું પગેરું દબાવવા તજવીજ કરી રહી છે.

# અમરેલીમાં બ્રિજના ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્યની હાજરીમાં ભાજપના મહામંત્રી પર હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના દામનગર ખાતે એક સનસનાટીભરી ઘટના બની હતી. ઠાસા રોડ પર નવા બ્રિજનું ખાતમુહૂર્ત ચાલી રહ્યું હતું, ત્યારે ભાજપના જ ધારાસભ્ય જનક તળાવીયાની હાજરીમાં દામનગર શહેર ભાજપના મહામંત્રી પ્રકાશ તજા (વજા) પર ઘાતક હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકના ડાયરેક્ટર હિરાભાઈ નવાપરાએ અચાનક આવીને આ હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે. લોહીલુહાણ હાલતમાં પ્રકાશભાઈને તાત્કાલિક સારવાર માટે ભાવનગરની ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ સુધારા પર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઘટના અંગે ધારાસભ્ય જનક તળાવીયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આ હુમલો અંગત પારિવારિક અદાવતને કારણે થયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. ઠાસા ગામના વતની એવા હિરાભાઈ નવાપરાએ ઉશ્કેરાઈને આ કૃત્ય આચર્યું હતું. શાસક પક્ષના નેતાઓની હાજરીમાં થયેલા આ હુમલાને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.

# વલસાડ એલસીબીએ ₹ ૧૨.૭૬ લાખના દારૂના જથ્થા સાથે જામનગરના ઈસમને ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચએ મુંબઈ-સુરત નેશનલ હાઈવે પર નંદાવલા ગામ પાસે નાકાબંધી કરી રૂ. ૧૨,૭૬,૩૯૨નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કારને આંતરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન કાર ચાલક રવિ ભીખાભાઈ ગઘેથરીયા (રહે. જામનગર) ની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેનો સાથીદાર જયેશભાઈ વ્રજલાલ ભુવા પોલીસને જોઈને અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

તપાસ દરમિયાન પોલીસને કારની પાછળની સીટ અને ડેકીના ભાગેથી વિદેશી દારૂની કુલ ૨૬૪ બોટલ અને ટીન મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા દારૂના જથ્થાની બજાર કિંમત રૂ. ૨,૭૧,૩૯૨ થાય છે. આ ઉપરાંત પોલીસે રૂ. ૧૦ લાખની કિંમતની કાર અને મોબાઈલ ફોન પણ કબજે લીધા હતા.

પકડાયેલા આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ દારૂનો જથ્થો દમણના હાટીયાવાડ ચોકડી પાસેની એક દુકાનમાંથી ભરીને જામનગર ખાતે છૂટક વેચાણ માટે લઈ જવામાં આવી રહ્યો હતો. વલસાડ રૂરલ પોલીસે આ મામલે ગુનો નોંધી નાસી છૂટેલા જયેશ ભુવાને પકડવા ચક્રો ગતિમાન કર્યાં હતાં.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વૈકલ્પિક ઇંધણના ઉપયોગમાં પેટ્રોલિયમ લોબી ડખો કરશેઃ ગડકરી

પુણેઃ ૨૨ લાખ કરોડ રૂપિયાની કિંમતના નૈસર્ગિક પ્રક્રિયાથી તૈયાર થતા ઇંધણની આયાતમાં અંગત સ્વાર્થ ધરાવતી પેટ્રોલિયમ લોબી દેશના વૈકલ્પિક ઇંધણ તરફ જવાના લક્ષ્યને સરળતાથી મંજૂરી આપશે નહીં એમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ શુક્રવારે જણાવ્યું હતું.

પુણેમાં કોમ્પ્રેસ્ડ બાયોગેસ પરિસંવાદને સંબોધતા તેમણે કહ્યું કે લોબી તેમની વિરુદ્ધ તમામ શક્તિનો ઉપયોગ કરી રહી છે કારણ કે પોતે દેશમાં વૈકલ્પિક ઇંધણને પ્રોત્સાહન આપી રહ્યા છે. હરિત ઇંધણ,

વૈકલ્પિક ઇંધણ ગ્રામીણ કૃષિ અર્થતંત્રને વેગ આપશે અને પ્રદૂષણ ઘટાડશે અને પરિણામે પરંપરાગત ઇંધણના આયાત બિલમાં ઘટાડો કરશે. ઊર્જામાં આત્મનિર્ભર બનવાથી આખરે દેશનું પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાનું સ્વપ્ન સાકાર થશે. પશ્ચિમ એશિયાની વર્તમાન કટોકટી દર્શાવે છે કે દેશ માટે ઊર્જા સુરક્ષાનો મુદ્દો કેટલો મહત્ત્વપૂર્ણ છે. આપણે આપણી ૮૬ ટકા ઊર્જા આયાત કરીએ છીએ અને ૨૨ લાખ કરોડ રૂપિયા આપણા દેશમાંથી ઇંધણના ખર્ચ તરીકે બહાર જાય છે. એટલા માટે અમારો ઉદ્દેશ્ય ૨૦૩૦ સુધીમાં આપણા પરિવહન ઇકોસિસ્ટમને સ્માર્ટ, સલામત અને ટકાઉ બનાવવાનો છે. આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે, અમે ઘણી પહેલ કરી છે જેમાં પ્રદૂષિત ન થતા ઇંધણ, સ્વદેશી ઇંધણનો પ્રચાર શામેલ છે જે આપણા કૃષિ ઉદ્યોગને વેગ આપી શકે છે અને અમને તેનો લાભ પણ મળી રહ્યો છે. (પીટીઆઈ)

# ૯૯ ટકા લોકોને અજિત પવારના અકસ્માતની શંકાઃ રોહિત પવાર

પુણેઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના વિમાન દુર્ઘટના અંગે હજુ પણ ઘણા લોકોના મનમાં શંકા છે. રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથના વિધાનસભ્ય રોહિત પવારે અકસ્માતની તપાસ અંગે ઘણા પ્રશ્નો ઉઠાવ્યા હતા. એક તરફ અજિત પવારના વિમાન દુર્ઘટનાની તપાસની માગ થઈ રહી છે, ત્યારે બીજી તરફ એક સમયે મહાયુતિનો હિસ્સો રહેલા પક્ષે પણ આક્રમક વલણ અપનાવ્યું છે. રાષ્ટ્રીય સમાજ પક્ષના નેતા મહાદેવ જાનકરેએ પ્રહાર કરતા કહ્યું કે, સરકારની તપાસ પર હવે લોકોને વિશ્વાસ રહ્યો નથી.

અજિત પવારના વિમાન દુર્ઘટનાની તપાસની માંગ કરતાં તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રના ૯૯ ટકા લોકો નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અકસ્માત અંગે શંકાસ્પદ છે. શું તે અકસ્માત હતો કે ષડયંત્ર? સત્ય લોકો સમક્ષ લાવવાની જરૂર છે. આ માટે રાજ્ય સરકારના રિપોર્ટ પર આધાર રાખવાને બદલે કેન્દ્ર સરકારે સીબીઆઈ અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશોની નિમણૂક કરવી જોઈએ, એવી રાષ્ટ્રીય સમાજ પાર્ટીના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન મહાદેવ જાનકરે આક્રમક માગ કરી હતી. જ્યારે અજિત દાદા જેવા મોટા નેતાને અકસ્માત થાય છે, ત્યારે લોકોના મનમાં વિવિધ શંકાઓ ઉભી થવી સ્વાભાવિક છે. હાલમાં બહાર આવી રહેલા સરકારી અહેવાલ પર જનતા વિશ્વાસ કરવા તૈયાર નથી. જો સરકાર પોતાની છબી સ્વચ્છ રાખવા માગતી હોય, તો તેણે આ મામલે સ્પષ્ટતા કરી સત્ય જનતા સમક્ષ લાવવું જોઈએ, એમ જાનકરેએ ઉમેર્યુ.

# લાતુરમાં ખેડૂતા પુત્રએ પહેલા જ પ્રયાસમાં સીએની પરીક્ષા પાસ કરી

લાતુરઃલાતુરના એક ખેડૂતના પુત્રએ ૨૧ વર્ષની ઉંમરે પહેલા જ પ્રયાસમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્સી (સીએ) પરીક્ષા પાસ કરી છે. આ સફળતાને પગલે સ્થાનિક નેતાઓએ તેને જિલ્લાના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ ગણાવીને બિરદાવ્યો હતો.

મૂળ બીડ જિલ્લાના કેજ તાલુકાના નાંદુરઘાટ ગામનો રહેવાસી વડજુરામ રામહારી ગોપાલઘરેનો પરિવાર થોડા વર્ષો પહેલા લાતુર સ્થાયી થયો હતો. તેણે પોતાનો અભ્યાસ જિલ્લા પરિષદની શાળામાં પૂર્ણ કર્યો છે.

## સંસ્થા સમાચાર

### જીવનમાં મેનેજમેન્ટ કરતાં આવડી જાય તેની બધી સમસ્યા દૂર થઇ જાય : ધીરગુરુદેવ



શ્રી પવઇ સ્થાનકવાસી જૈન સંઘ, મહાવીર ધર્માલયના ઉપક્રમે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી. ધીરગુરુદેવના અનુગ્રહથી ૪ કરોડના ખર્ચે નિર્મિત નલિનીબેન મહેન્દ્રભાઇ દોશી-વર્ધમાન વૈયાવચ્ચ ભવન અને ધનવંતીબેન વલ્લભજી ગોગરી પ્રેરિત ધન-વલ્લભ વિવિધલક્ષી હોલનું ઉદ્ઘાટન તા. ૮-૩-૨૬ના મહેન્દ્રભાઇ સંગોઇના પ્રમુખપદે યોજાયેલ.

આ પ્રસંગે પૂ. નરેશમુનિ મ. સા., પૂ. નિરંજનમુનિ મ. સા., પૂ. પંથકમુનિ મ. સા., તથા ગોંડલ, સંઘાણી, મોટી પક્ષ, ગોપાલ સંપ્રદાયના મહાસતીજી ઠાણા-૧૨ પધાર્યા હતા.

રીચમોન્ડ હોલમાં ગુરુદેવે ધર્મસભાને સંબોધતા જણાવેલ કે જીવનમાં મેનેજમેન્ટ કરતાં આવડી જાય તેની બધી સમસ્યા દૂર થઇ જાય. ધર્મની વાતો કરવા કરતાં ધર્મભાવની વૃદ્ધિ અતિ જરૂરી છે.

વર્ધમાન જૈનશાળાના બાળકો અને પદ્મા લાખાણી, મેઘના દેસાઇ એ આવકાર ગીત રજૂ કરેલ. મુકેશભાઇ દોશીએ સહુનું સ્વાગત કરેલ.

ચંદ્રકાંત ગોગરીએ બિનસાંપ્રદાયિક બનવા અને રાજેન્દ્ર ગોગરીએ રાગ-દ્વેષની મુક્તિ માટે સજાગ બનવા અનુરોધ કરેલ.

મેઘના શ્રીકાંત ગુણવંત દોશીએ વૈયાવચ્ચનો ૫૧ લાખમાં અને નવકાર તકતીનો ૨૧ લાખમાં ભોગીલાલ જગજીવનદાસ બગડીયા તથા તાલોદ્ઘાટનનો ગોગરી પરિવારે ૧૫ લાખમાં લાભ લીધેલ. જીવદયાનો ચડાવો તનુજા જી. દોશી, દર્શિતા જસાણીએ લીધેલ. પૂ. ગુરુદેવ તાડદેવમાં છાડવા ઉપાશ્રયે સોમવારે પધારશે.

### વિલેપારલેમાં ૧૧૩ વર્ષ જૂની સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ દ્વારા જૈન પ્રકાશ માસિકનો વિમોચન સમારોહ

શ્રી અખિલ ભારતીય શ્વેતાંબર સ્થા. જૈન કૉન્ફરન્સ-મુંબઈ ૧૧૩ વર્ષ જૂની સંસ્થાના ઉપક્રમે વિલેપારલે જૈન સંઘ ખાતે તા. ૧૫-૩-૨૬ના રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે જૈન પ્રકાશ માસિક પત્રનો વિમોચન સમારોહ પૂ. શ્રી ધીરજ મુનિ મ.સા.ની નિશ્રામાં યોજાયેલ છે.

બ્રહ્મનિષ્ઠ મીનળબેન રોહિતભાઈ શાહ વગેરેના હસ્તે વિમોચનવિધિ યોજાશે. આ પ્રસંગે શશીકાંત બદાણી, પરાગ શાહ, ખ્યાલીલાલ તાતેડ, રમેશ લોઢા, મનોજ અજમેરા, ગુણવંત ગોપાણી, ચીમન સાવલા, જશવંત ટુવાવાલા, વીરેન્દ્ર સંઘવી, માલિની સંઘવી, અમીશા વોરા, પૂર્ણા શેઠ, રતન છાડવા, સંધ્યા શાહ વગેરે તથા સ્વાગતાધ્યક્ષ હર્ષદ ગાઠાણી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા હિરેન એમ. શાહ, અરવિંદ ગોડા, સંજય જે. શેઠ, મુકેશ કામદાર, સંજય સંઘવી વગેરે જહેમત ઉઠાવી રહેલ છે. પૂ. ધીરગુરુદેવ તા. ૧૩ ને શુક્રવારે વિલેપારલા પધારશે.

### દેવગાણા ખાતે વિમલનાથ સ્વામી જિનાલયનો શતાબ્દી મહોત્સવ ધામધૂમથી સંપન્ન

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના દેવગાણા ગામ મધ્યે જૈન ધર્મ શાસનની ધર્મધુરંધર ગવાહી પૂરતું સ્વામી વિમલનાથ સ્વામી જિનાલય આવેલું છે. આ જિનાલયની સ્થાપના થઇ સો વર્ષ પૂર્ણ થતા આ જિનાલયનો શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

પ્રબોધચંદ્ર સુરીશ્વર મહારાજ સાહેબ (ચકાચક દાદા) ના માર્ગદર્શન અને આજ્ઞા મુજબ આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉત્સવ દરમિયાન સુવર્ણમ શતાબ્દી મહોત્સવ ધજાના લાભાર્થી શેઠ પરમાણંદદાસ ભીમજીભાઇ પરિવાર (૨) દેરાસરના દ્વાર ઉદ્ઘાટનના, લાભાર્થી માતુશ્રી કાંતાબેન જાદવજીભાઇ વેજાણી પરિવાર (૩) સુવર્ણમ શતાબ્દી મહોત્સવના મુખ્ય સંઘ પતિ માતુશ્રી કિરણબેન મહીપતરાય ગોપાણી પરિવાર માતુશ્રી લીલાવતીબેન દીપચંદ ભીમજીભાઇ પરિવાર, માતુશ્રી રમીલાબેન પ્રભુદાસ જાદવજી પરિવાર (૪) શ્રી દેવગાણા જૈન સંઘને ભૂમિદાતા (પ્લોટ) અર્પણ કરતા માતુશ્રી સુરજબેન નગીનદાસ જીવનલાલ પરિવારજનોને લાભ પ્રાપ્ત થયેલ હતો.શ્રી દેવગાણા જૈન સંઘ દ્વારા શ્રી પાલિતાણા ગિરિરાજની છત્રછાયામાં સિંઘવડ મુકામે ફાગણ સુદ તેરસના દિવસે છ ગાવ યાત્રા પ્રસંગે ભક્તિનો લાભ લેનાર કાયમી દાતા બાબુલાલ ભીમજીભાઇ સહાયક દાતાશ્રી માતુશ્રી લીલાવંતીબેન શાંતિલાલ શાહ પરિવારને લાભ પ્રાપ્ત થયેલ હતો.

# અકસ્માતમાં મૃત્યુ પામેલા ટેન્કરચાલકના કુટુંબને ૨૪ લાખ વળતર ચૂકવવાનો ટ્રિબ્યૂનલનો આદેશ

થાણેઃ થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૧૬ વર્ષ અગાઉ અકસ્માતમાં મૃત્યુ પામેલા ૨૬ વર્ષના ટેન્કરચાલકના કુટુંબને ૨૪.૦૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

ટ્રકની વીમા કંપનીએ દાવાનો વિરોધ કર્યો હતો અને દલીલ કરી હતી કે ૨૦૧૦માં થયેલા અકસ્માત માટે અરજી ૨૦૨૦માં દાખલ કરવામાં આવી હતી, જે સમયમર્યાદા પછી થઇ હતી. ટ્રકને પાછળથી ટક્કર મારવા બદલ ટેન્કરચાલકની બેદરકારીનો પણ આરોપ લગાવાયો હતો.

જોકે એમએસીટીના સભ્ય આર. વી. મોહિતેએ પાંચમી માર્ચના જારી કરેલા આદેશમાં આ દલીલને ફગાવી દીધી હતી.

આ અકસ્માત ૧૮ એપ્રિલ, ૨૦૧૦ના રોજ થયો હતો, જ્યારે ફિરોઝ સિદ્દીક અહમદ શેખ ઉર્ફે ખાન કેમિકલનું ટેન્કર લઇને ઝાંસી જઇ રહ્યો હતો. થાણે જિલ્લામાં મુંબઈ-આગ્રા હાઇવે પર શહાપુર ખાતે કળંબ ગામ નજીક આગળ જઇ રહેલી ટ્રકના ડ્રાઇવરે કોઇ પણ સિગ્નલ વિના અચાનક બ્રેક મારી હતી, જેને કારણે ટ્રક સાથે ટેન્કર ભટકાતાં આગ લાગી હતી, જેમાં ફિરોઝ શેખ દાઝી ગયો હતો અને એ જ દિવસે તેનું મૃત્યુ થયું હતું.

ટ્રિબ્યુનલે ફિરોઝ શેખની આવક માસિક ૧૨,૦૦૦ આંકી હતી અને તેમાં ૪૦ ટકા ઉમેરીને ૨૪.૦૫ લાખ રૂપિયાના વળતરનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલે ટ્રકના માલિક અને વીમા કંપનીને અરજીની તારીખ (૨૦૨૦)થી વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે દાવેદારોને સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. આદેશ મુજબ વળતર શેખની પત્ની અને માતા વચ્ચે વહેંચવામાં આવશે અને અને રકમનો એક હિસ્સો ફિક્સ્ડ ડિપોઝિટમાં રાખવામાં આવશે, એમ તેમાં જણાવાયું હતું. (પીટીઆઇ)

# ડોંબિવલીમાં ખાનગી હૉસ્પિટલના માલિક સાથે ૧૦ લાખ રૂપિયાની ઠગાઇઃ બે જણ વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં ખાનગી હૉસ્પિટલના માલિક સાથે ૧૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ બે જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદ અનુસાર આરોપીઓએ ૨૦૧૬માં ડોંબિવલી સ્થિત હૉસ્પિટલની તબીબી સેવાઓ માટે ૧૦ વર્ષની ભાગીદારી કરી હતી, જેમાં ૬૩.૨૦ લાખ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું. ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન તેમને ૧.૨૮ કરોડ રૂપિયાનો નફો અને વળતર મળ્યું હતું. આરોપીઓએ પાછળથી અચાનક ભાગીદારી છોડી દીધી હતી. તેમણે વધુ રૂપિયાની માગણી કરી હતી અને ખોટા બહાના હેઠળ હૉસ્પિટલના માલિક પાસેથી એક કરોડ રૂપિયાના ચેક લઇ લીધા હતા. તેમણે આમાંથી ૧૦ લાખ રૂપિયા કાઢી લીધા હતા. જોકે ગેરરીતિની શંકાને કારણે બાકીના ચેકથી તેઓ પૈસા કાઢી શક્યા નહોતા.

આરોપીઓએ પહેલેથી જ તેમના રોકાણ કરતાં વધુ રકમ વસૂલી લીધી હતી. આમ છતાં તેઓ છેતરપિંડી આચરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમણે તબીબી વ્યવસાયમાં ફરિયાદીને બદનામ કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

દરમિયાન આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં શુક્રવારે બંને આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની અમે તપાસ કરી રહ્યા છીએ, એમ સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર ગણેશ જાવડવાડે કહ્યું હતું. (પીટીઆઇ)

# ડોંબિવલીમાં ૯,૧૧૧ મહિલાઓએ લેઝીમ નૃત્ય કરીને ગિનિસ વર્લ્ડ રેકર્ડ બનાવ્યો

થાણેઃ રવિવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં ૯,૧૧૧ મહિલાઓએ 'લેઝીમ' નૃત્ય રજૂ કરીને એક નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આ મહારાષ્ટ્રનું એક પરંપરાગત લોકનૃત્ય છે , જે શરીરના લયબદ્ધ હલનચલન અને તાલ દ્વારા રજૂ કરવામાં આવે છે. તેનું લેઝીમ નામ લાકડામાંથી બનેલા એક હાથથી વગાડતા વાદ્ય પરથી પડ્યું છે જેમાં ધાતુના મંજીરા હોય છે જે એક અલગ અવાજ ઉત્પન્ન કરે છે.

સૌથી મોટા લેઝીમ નૃત્યનો અગાઉનો રેકોર્ડ સાંગલી શિક્ષણ સંસ્થાના નામે હતો. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ છત્રપતિ શિવાજી સ્ટેડિયમમાં ૭,૩૩૮ સહભાગીઓએ પ્રદર્શન કર્યું હતું. રવિવારે ડોમ્બિવલીએ ૯,૧૧૧ સહભાગીઓ સાથે તે રેકોર્ડ તોડ્યો છે, એમ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સના સત્તાવાર નિર્ણાયક સ્વપ્નિલ ડાંગરીકરે અહીં જણાવ્યું હતું.

લેઝીમ આપણી સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શારીરિક રીતે સ્વસ્થ અને સાંસ્કૃતિક રીતે મજબૂત ભારતના વિઝનને અનુસરીને, આ મહિલાઓ અને વિદ્યાર્થીઓએ દુનિયા સમક્ષ આપણી સંસ્કૃતિનું પ્રદર્શન કર્યું છે. હું આ રેકોર્ડ ભારત માતાને સમર્પિત કરું છું, એમ ચવ્હાણે કહ્યું હતું. (પીટીઆઈ )

નવમા પાનાનું ચાલુ

## કાલાઘોડાનો

પાલિકાએ હાથ ધર્યો છે, જેનું અંતિમ તબક્કાનું કામ ચાલી રહ્યું છે. કાલા ઘોડા પરિસરમાં સાંસ્કૃતિક આકર્ષણ વધારવા માટે દીવાલો પર પેઈન્ટિંગ કરવાની સાથે જ સ્ટ્રીટ આર્ટિફેક્ટસ બેસાડવામાં આવ્યા છે.આ પ્રોજેક્ટ અંતર્ગત કાલાઘોડા પરિસરાં વી.બી.માર્ગ રોડ(ફોર્બ્સ સ્ટ્રીટ), રોપવૉક લેન, સાઈબાબા રોડ, રુધરફિલ્ડ સ્ટ્રીટ અને બી. ભરુચા રોડ જેવા અંદર આવેલા રસ્તાનું નૂતનીકરણ કરવામાં આવ્યું છે. આ રસ્તા શનિવારે અને રવિવારે પૅડેસ્ટ્રિયલ ઝોન રહેશે. તે માટે અહીં હાઈડ્રોલિક બોલાર્ડ બેસાડવામાં આવ્યા છે.સ્થાનિક નગરસેવક મકરંદ નાર્વેકરે જણાવ્યું હતું કે ગ્લાસગોમના બુકૅનન સ્ટ્રીટ અને લંડનની કાર્નબી સ્ટ્રીટ પરથી પ્રેરણા લઈને પાલિકાએ કાલા ઘોડા પરિસરના ચાર રસ્તા ફક્ત રાહદારીઓને ચાલવા માટે રહેશે. શરૂઆતમાં અઠવાડિયામાં શનિવાર અને રવિવાર આ પરિસરમાં વાહનોને પ્રવેશ નહીં હોય અને આ વિસ્તાર પૅડેસ્ટ્રીયલ ઝોન રહેશે અને ભવિષ્યમાં તમામ દિવસો માટે આ નિર્ણય લાગુ પડશે. જેથી આ પરિસર વધુ સુરક્ષિત અને પર્યટકોમાં આકર્ષણરૂપ બની રહે.પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ વિકાસના બીજા તબક્કામાં અંડર ગ્રાઉન્ડ પાર્કિંગની સુવિધા ઊભી કરવામાં આવવાની છે. અહીં આવનારા પર્યટકો અહીં વાહનોની ભીડ નહીં પણ ફક્ત કલાનો અનુભવ કરી શકે. પ્રસ્તાવિત પાર્કિંગ સુવિધામાં ૧૫૦થી ૨૦૦ ગાડીની ક્ષમતા હશે.

આ પ્રોજેક્ટમાં વિશેષ આકર્ષણ એટલે સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટસના કલાકારોએ તૈયાર કરેલા ચાર સુંદર શિલ્પ છે. તેને કારણે આ પરિસરની કલાત્મકતામાં વધુ નિખાર આવ્યો છે. બહુ જલદી અહીં 'અલફ્રેસ્કો' ડાયનિંગની સુવિધા શરૂ કરવામાં આવશે, તેને કારણે પાર્યટકો ખુલ્લા વાતાવરણમાં જમવાનો આનંદ લઈ શકશે.

## પાલિકા હવે

બાબતે જણાવ્યું હતું કે રહેવાસીઓને થઈ રહેલી તકલીફ સમજી શકાય છે. સ્થાનિકોને જીવનમાં ખલેલ પહોંચાડ્યા વિના મેલોડી રોડનો હેતુ પૂર્ણ થઈ શકે તેનો ઉકેલ શોધવાનો નિર્દેશ કન્સલ્ટન્ટને આપ્યો છે. રાતના સમયમાં રોડ પર ડેસિબલનું સ્તર પણ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને તેના તારણોને આધારે નિર્ણાયક પગલા લેવામાં આવશે.

નરીમન પોઈન્ટથી વરલી સુધીના કોસ્ટલ રોડના ઉત્તર તરફ પર છ કરોડના ખર્ચે 'મેલોડી રોડ' બનાવવામાં આવ્યો છે. ટનલથી ૫૦૦ મીટર દૂર સ્થિત ખાસ ડિઝાઈન કરેલા ગ્રૂવ્સ ૭૦થી ૮૦ કિલોમીટરની ઝડપે વાહન પસાર થાય ત્યારે 'જય હો'ની ધૂન વગાડે છે. ડ્રાઈવરોને અગાઉથી ચેતવણી આપવા માટે પાલિકાએ ૫૦૦ મીટર, ૧૦૦ મીટર અને ૬૦ મીટર પર સાઈન બોર્ડ મૂકયા છે.

## છ વર્ષ પૂર્ણ

થાય તે પહેલાં છ વર્ષના થાય તો બાળકોને પહેલા ધોરણમાં પ્રવેશ આપવાની મંજૂરી આપતી હતી. જોકે, સુધારેલા નિયમ હેઠળ, ૩૧ ડિસેમ્બરની કટ-ઓફ તારીખ હવે પ્રમાણભૂત સંદર્ભ બિંદુ રહેશે અને અપવાદોને મંજૂરી આપવામાં આવશે નહીં.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે જોડાયેલ નિર્ણયઃ** અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પગલું રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળની ભલામણો સાથે સુસંગત છે, જે સૂચવે છે કે બાળકોએ પૂર્વ-પ્રાથમિક શિક્ષણ પછી છ વર્ષની ઉંમર પૂર્ણ કર્યા પછી જ ઔપચારિક શાળા શરૂ કરવી જોઈએ.

૫+૩+૩+૪ માળખું તરીકે ઓળખાતું નવું શિક્ષણ માળખું વય-યોગ્ય શિક્ષણ તબક્કાઓ પર ભાર મૂકે છે, ખાતરી કરે છે કે બાળકો ઔપચારિક શાળામાં પ્રવેશતા પહેલા માનસિક અને ભાવનાત્મક રીતે તૈયાર હોય.

દરમિયાન, શિક્ષણ અધિકાર અધિનિયમ ૨૦૦૯ હેઠળ પ્રવેશ માટે નોંધણી પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. અધિકારીઓ શાળાઓમાં ઉપલબ્ધ બેઠકોની સંખ્યા અને માતાપિતાની માગણીના આધારે પ્રવેશનું આયોજન કરી રહ્યા છે.

પ્રવેશ પ્રક્રિયા દરમિયાન માતાપિતાએ ઘણા દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર પડશે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

બાળકનું જન્મ પ્રમાણપત્ર, માતાપિતાનો ઓળખ પુરાવો, સરનામાનો પુરાવો, આધાર કાર્ડ.

અધિકારીઓએ એવી સ્પષ્ટતા કરી છે કે બાળકની ઉંમર ચકાસવા માટે જન્મ પ્રમાણપત્ર એકમાત્ર માન્ય પુરાવો હશે.

શિક્ષણ નિષ્ણાતો કહે છે કે યોગ્ય ઉંમરે ઔપચારિક શિક્ષણ શરૂ કરવાથી જ્ઞાનાત્મક વિકાસ, ભાવનાત્મક તૈયારી અને એકંદર શિક્ષણ પરિણામોમાં સુધારો થાય છે, જ્યારે બાળકોને બાળપણમાં સંપૂર્ણ શિક્ષણનો અનુભવ કરવાની મંજૂરી મળે છે.

## હિન્દુ મરણ

**જામનગર મોઢ વણિક**

પિનાકીન જસવંત વોરા હાલ બેંગલોર (ઉં. વ. ૬૭) તા. ૫-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગુણવંતીબેન જસવંત વોરાના પુત્ર. તે સ્વ. હીરાબેન ભોગીલાલ મહેતાના જમાઇ. તે દીપ્તિના પતિ તથા વિશાલ અને મિતુલના પિતા. તે ભાવનાબેન શૈલેષકુમાર મહેતા તથા મનોજકુમારના ભાઇ. તે જિજ્ઞા, વિશાલ અને ભાગ્યશ્રી મિતુલના સસરા. યશસ્વી, ક્રિષ્ના અને જિયાંશના દાદાજી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વડનગરા નાગર**

અજય મહેન્દ્ર અંતાણી (ઉં.વ. ૭૩) તે સ્વ. ઊષા મહેન્દ્ર અંતાણીના પુત્ર અને આશા હેમેન્દ્ર મારૂ, અમિત, અક્ષયના ભાઇ તથા મીના અમિત અંતાણીના જેઠ. તેમ જ અપૂર્વ અંતાણી અને નેહા અંકિત મહેતાના કાકા. શુક્રવારના રોજ અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

ગામ ગઢસીસા હાલ વસાહત નેરલ મુંબઈ ગં.સ્વ.ઉષાબેન શરદભાઈ દૈયા (ઉં.વ.૬૫) તા.૭/૩/૨૬ ને શનિવારના મુલુંડ મધ્યે અવસાન પામ્યા છે. તે સ્વ.શરદભાઈ મંગલદાસ દૈયાના ધર્મપત્ની. તે સ્વ.મુક્તાબેન રણછોડદાસ પલણ ગામ અંજારવાળાના દીકરી. તે સ્વ.લક્ષ્મીબેન મંગલદાસ દૈયાના પુત્રવધૂ. તે સચિતા ભાવેશ ખોના અને ચારમી મિથિલ માણેકના માતાજી. ભાવેશ અશ્વિનભાઈ ખોના અને મિથિલ ભરતભાઈ માણેકના સાસુમા. તે અજીત અને સ્વ.કિશોરના બહેન. પ્રાર્થના સભા તેમજ લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ માટુંગા અ.સૌ. રંજનબેન હસમુખરાય ગાંધીના પુત્રવધુ અ. સૌ. સોનલ (ઉ.વ. ૪૯) રવિવાર તા. ૦૮/૦૩/૨૦૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. તે નેહલના ધર્મપત્ની, ચિ. હર્ષના માતુશ્રી, ભાડવાંકિયા વાળા સ્વ. જીતેન્દ્ર નરસીદાસ મોદીની પુત્રી, અ. સૌ. નીલમ જયેશ ગાંધીના દેરાણી, અ. સૌ. ફાલ્ગુની ધર્મેશ મહેતાના ભાભી. તેમની પ્રાર્થના સભા તા. ૧૦/૦૩/૨૦૨૬ મંગળવાર સમય - સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ કલાકે, યોગી સભાગૃહ, ફર્સ્ટ ફ્લોર, દાદર (ઈ) માં રાખેલ છે.

**નવસારી વિશા લાડ વૈષ્ણવ વણિક**

મુંબઈ, હાલ બોરીવલી સ્વ.પરસોતમદાસ ઠાકોરલાલ કાપડિયાના પત્ની. ઉષાબેન કાપડિયા તે મહુવા વસંતલાલ રણછોડદાસ પરીખના બહેન (બારડોલી- મહુવા) તે રાજેન, મુનિષ, પ્રગ્નેશ ના માતા. તે દિપ્તી, પ્રિતી, પ્રજ્ઞાના સાસુ. તે નયન, હેમાલી, હર્ષદાના દાદી તા. ૫/૩/૨૬ના શ્રીજી ચરણ થયેલ છે. તેમની પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ ખંભાળીયા હાલ કાંદિવલી ગં. સ્વ. મીનાબેન (જશુબેન) પ્રફુલભાઈ રાછના

## ...તો રાજ્યમાં

સંભાવના છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા રેશનકાર્ડ માટે નવા અને કડક માપદંડો લાગુ કરવામાં આવ્યા છે. આ માટે સરકારે આવક અને સંપત્તિ મર્યાદા નક્કી કરી છે જેથી ફક્ત જરૂરિયાતમંદ અને યોગ્ય લાભાર્થીઓને જ મફત અનાજનો લાભ મળી શકે. જો આમાંથી કોઈપણ માપદંડ તમારા રેશનકાર્ડ પર લાગુ પડે છે, તો તમારું રેશનકાર્ડ રદ થઈ શકે છે.

**નવા નિયમો શું છે?**

* આવક મર્યાદાઃ જો શહેરી વિસ્તારમાં રહેતા પરિવારની વાર્ષિક આવક ૩ લાખ રૂપિયાથી વધુ હોય અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા પરિવારની આવક ૨ લાખ રૂપિયાથી વધુ હોય, તો તે પરિવાર અપાત્ર ઠરશે. * ફોર વ્હીલરઃ જે પરિવારો પાસે ફોર વ્હીલર (કાર, ટ્રેક્ટર, વગેરે) છે તેઓ હવે રેશનનો લાભ મેળવી શકશે નહીં. * મિલકતઃ જો તમારી પાસે ૧૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તાર ધરાવતો પ્લોટ, ફ્લેટ અથવા તમારું પોતાનું પાકું ઘર હોય, તો તમે આ યોજના માટે અપાત્ર છો. * આવકવેરોઃ જો પરિવારમાં કોઈ વ્યક્તિ આવકવેરો ભરતો હોય, તો તે આખા પરિવારનું રેશનકાર્ડ બંધ થઈ જશે. * ઘરમાં સુવિધાઓઃ જેમના ઘરમાં એસી કે જનરેટર જેવી સુવિધાઓ છે તેમને પણ આ યાદીમાંથી બાકાત રાખવામાં આવશે. * આ સાથે ઈ-કેવાયસી કરવું ફરજિયાત બનશે. આ માટે ફક્ત નિયમોમાં ફેરફાર જ નથી થયો, પરંતુ વહીવટી પ્રક્રિયા પણ કડક બનાવવામાં આવી છે. હવે બધા રેશનકાર્ડ ધારકો માટે ઈ-કેવાયસી કરવું ફરજિયાત છે. જો તમે આધાર વેરિફિકેશન પૂર્ણ નહીં કરો, તો તમારું રેશનકાર્ડ તાત્કાલિક બંધ થઈ જશે. * ઉપરાંત ઘણા લોકો તેમની વાસ્તવિક આર્થિક પરિસ્થિતિ છુપાવીને રેશનકાર્ડનો લાભ લે છે. વહીવટીતંત્રે આવા લોકોને કડક ચેતવણી આપી છે. જો તપાસ દરમિયાન કોઈ વ્યક્તિ ખોટી માહિતી આપીને રેશન લઈ રહી હોવાનું જાણવા મળશે, તો તેનું રેશનકાર્ડ રદ કરવામાં આવશે એટલું જ નહીં, તેની પાસેથી અત્યાર સુધી લેવાયેલું અનાજ બજાર ભાવે વસૂલ કરવામાં આવશે. કાનૂની કાર્યવાહી પણ થઈ શકે છે.

## 'લાડકી બહિણ'

નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત મુંબઈ બેંક દ્વારા મહિલાઓને કોઈપણ જામીન કે ગેરંટી વગર વિવિધ પ્રવૃત્તિઓ માટે વ્યાજમુક્ત લોન આપવામાં આવશે. મહત્ત્વની બાબત એ છે કે 'લાડકી બહિણ' યોજના અંતર્ગત સરકાર તરફથી મળતી આર્થિક મદદનો ઉપયોગ જ આ લોનની પુનઃચુકવણી માટે કરવામાં આવશે.

## પારસી મરણ

દારા કેકી ભરૂચા તે ગુલ દારા ભરૂચાના ધણી. તે મરહુમો ધન તથા કેકી ભરૂચાના દીકરા. તે ડો. બીનાઝ મીસ્ત્રીના પપ્પા. તે હોશી મીસ્ત્રીના સસરા. તે દીન્યાર ભરૂચા, માનેક ભરૂચા તથા મરહુમ જેમી ભરૂચાના ભાઇ. તે મરહુમો શીરીન તથા નવરોજી નાગોડના જમાઇ. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૭૭૯, નીરવાન ટાવર્સ, ૧૦૦૧, મંચેરજી જોશી રોડ, દાદર (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૩-૨૬ના બપોરે ૩.૪૫ કલાકે દાદર મધે રૂસ્તમ ફરામ અગિયારીમાં.

નીના વિનોદ પરાશર (ઉં. વ. ૭૭) તા. ૮-૩-૨૬ના ગુજરી ગયા છે. તે વિનોદ પરાશરનાં પત્ની. તે મરહુમ રુસ્તમજી જમશેદજી દારૂવાલા અને મરહુમ નરગીસના દીકરી. તે મરહુમ જમશેદ, યાસ્મીન મિસ્ત્રી, સોલીના બહેન. તે અફરોઝ દારૂવાલા, મોનાઝ ઇરાનીના આન્ટી. ઉઠમણું : તા. ૯-૩-૨૬ના. ઠે. ૧૮૭/૧, સાઇનાથ ચાલ, દફ્ફ્તો રોડ, વી. એન. દેસાઇ હોસ્પિટલની બાજુમાં, સાંતાક્રુઝ (ઇસ્ટ). મું-૫૫.

## જૈન મરણ

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જામ કંડોરણા નિવાસી હાલ ભાયંદર સ્વ. કાંતિલાલ પોપટલાલ મહેતા ના પુત્રવધૂ શ્રીમતી મૃદુલા હસમુખભાઈ મહેતા (ઉં. વ. ૭૪) તે સ્વ. ગીરધરલાલ ગુલાબચંદ દોશીના દીકરી, સ્નેહા વિપુલકુમાર દોશી, શ્વેતા અંકિતના માતુશ્રી, સ્વ. વિનોદભાઈ કાંતિલાલ મહેતા ના ભાભી. કેયુર, જલ્પા પુનિતકુમાર મહેતાના કાકી. તે ૬/૩/૨૬ના રોજ અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના દિપક હરખચંદ વીરા (ઉં. વ. ૮૨) તા. ૭-૩-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. કેસરબેન હરખચંદના સુપુત્ર. હેમલતાબેનના પતિ. ભરત, દર્શનાના પિતા. રશ્મીના મોટા ભાઇ. કોડાયના લક્ષ્મીબેન માવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક વીરા, ૪૦૨, આનંદ નિવાસ, કિશન રોડ, મલાડ (વે.), મું. ૬૪.

સુપુત્ર કૌશલ (ઉં. વ. ૫૧) તા ૭ માર્ચ ૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે અ. સૌ. ચાર્મી સીમપ અન્સારીના ભાઈ. હોશાંગના પિતા. સ્વ. લલીતાબેન હરિલાલ ઉનડકટના દોહિત્ર. સ્વ કાંતાબેન જયંતિલાલ રાછના પૌત્ર. અ. સૌ. જ્યોતિ શૈલેષ આશાનીના ભત્રીજા તેમની પ્રાર્થનાસભા તા ૯ માર્ચ ૨૬ સોમવાર ના રોજ ૪ થી ૬ રાખેલ છે. સરનામું શ્રી વર્ધમાન સ્થાનકવાશી જૈન શ્રાવક સંઘ પારેખ લેન કોર્નર,એસ. વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

શાપુરવાળા (હાલ કાંદીવલી) સ્વ. રળિયાતબેન ગીરધરલાલ માવજી કારિયાના દીકરી. ગં. સ્વ. વિજ્યાબેન પ્રાણજીવનદાસ ગોકાણી, મૂળ દ્વારકા - હાલ વલસાડ (ઉં. વ. ૯૫) તા. ૮/૩/૨૦૨૬ ના મોક્ષ પામ્યા છે. તે ભરત, સુભાષ, ઇન્દિરા હરેશકુમાર ઠક્કર, રશ્મિ નરેન્દ્રકુમાર લાખાણી તેમ જ હર્ષેન્દુના માતુશ્રી. માલતી, રેખા, ઉર્વશીના સાસુમા. ચિ. તૃપ્તિ. પૂર્વી, કૌશલ, કૃતાર્થ, ખુશ્બુ, હર્ષેશના દાદીમા, રોહન, નમ્રતા, ભાર્ગવ અને નિશી ના નાનીમા. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

કાનપર નિવાસી હાલ મલાડ સ્વ, નાથાલાલ પ્રાગજીભાઈ સાંગાણીના પુત્ર જંયતિલાલ (ઉં. વ. ૭૭) તે ઉર્વશીબેનના પતિ. તે વર્ષા દિપક રાજકોટિયા, નિપા ચેતન મેવાડા, દેવાંશી હર્ષદ સાંગાણિ, રિદ્ધી અંકિત શાહના પિતાજી તે સ્વ. વલ્લભભાઈ, સ્વ. નંદલાલભાઈ, સ્વ. હિરાભાઈ, પ્રવિણભાઈ, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. જશીબેન, સ્વ.મંજુલાબેન , સ્વ.ધિરજબેન, તારાબેન, મધુબેનના ભાઈ તે સ્વ. રૂગનાથભાઈ વિઠ્ઠલદાસ કાટકોરિયાનાં જમાઈ. તે પ્રજ્ઞાબેન નવનિતભાઈ ભુપતાણિ, જાગૃતિબેનનાં બનેવી તા. ૭-૦૩-૨૦૨૬ શનિવાર ના શ્રીજી ચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા : ૯-૦૩-૨૦૨૬ સોમવાર સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે. પ્રાર્થના સ્થળ સર્વોદય હોલ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકિઝની સામે, બોરીવલી (પ),

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ મહુવાવાળા હાલ ગોરેગામ ગં.સ્વ ત્રિવેણીબેન (ઉં. વ. ૭૮) તેઓ સ્વ દુર્લભદાસ ચૌહાણના ધર્મપત્ની, જયોતિબેન જીતેન્દ્રભાઈ. ભાવિકાબેન દીપકભાઈ. પ્રાજક્તા વિક્રાંત ચૌહાણ તથા તથા સ્વ મુકેશ, સ્વ ચેતનના માતૃશ્રી. તે રંભાબેન જીવનભાઈ મેપાભાઈ પીઠવા અમદાવાદ વાળાના દીકરી .તથા સ્વ. બચુભાઈ. સ્વ. બાબુભાઈ. સ્વ. નાનજીભાઈ. સ્વ. નાગજીભાઈ છગનભાઈ ચૌહાણના નાનાભાઈના ધર્મપત્ની. તથા ઉર્વશી હીનલ શુભ ક્રિષ્ના હાર્દિક ના દાદી તે તારીખ ૭ -૩-૨૬ શનિવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે,, તેમની પ્રાર્થના સભા તારીખ ૯- ૩ -૨૦૨૬ સોમવાર સાંજે ૫ થી ૭ દરમિયાન રાખેલ છે. સ્થળ -લુહાર સુથાર વાડી વેલ્ફેર સેન્ટર. કાર્ટર રોડ રોડ નંબર ૩. અંબાજી મંદિર પાસે .બોરીવલી ઇસ્ટ મુંબઈ.

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ**


મેમકાવાળા વઢવાણ નિવાસી હાલ મુંબઈ ઘાટકોપર ગં.સ્વ. શારદાબેન નાગરદાસ સોલંકી (ઉં. વ. ૯૩) તેઓ સ્વ. નાગરદાસ મોહનલાલ સોલંકીના પત્ની તા. ૩-૩-૨૬ ને મંગળવારના અક્ષરધામ પામેલ છે.તેઓ જયોત્સનાબેન અશ્વિનકુમાર મકવાણાના માતૃશ્રી. તેઓ શ્રુતિ સમીર મકવાણાના નાનીમા, રીયાન ના પરનાનીમા, તેઓ સ્વ. પરશોત્તમદાસ, સ્વ. ચિમનલાલ, સ્વ. માણેકલાલ, સ્વ. ભાઈલાલભાઈ, સ્વ. દયાળજીભાઈ, ચંદુલાલ તેમજ સ્વ. ગોદાવરીબેન વૃજલાલ ચાનપુરા, સ્વ. રંભાબેન ગિરધરલાલ ચૌહાણના ભાભી તેઓની પ્રાર્થનાસભા તા. ૯-૩-૨૦૨૬ ના સોમવાર સાંજે ૪ થી ૬ શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ સમાજભવન, ૧ લે માળે, શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ચોક, જોષી લેન, એમ. જી. રોડ, ઘાટકોપર - પૂર્વ, મુંબઈ - ૪૦૦ ૦૭૭. માં રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા નીમા વણિક**

દાહોદ નિવાસી હાલ મુંબઈ કાંદીવલી વેસ્ટ સ્થિત નવીનભાઈ મોરલીદાસ શેઠ (ઉં. વ. ૯૧) તે (બારીયા નિવાસી) શર્મિષ્ઠાબેનના પતિ. ડો.વિનય ભાઈ, જયેશભાઈ, રાજશ્રી બેનના પિતાશ્રી. ગૌતમભાઈ, અર્ચનાબેન, બિંદુબેનના સસરા. રોનક-પંક્તિ, પાર્થ, રાજ, શ્વેતા-ધ્રુવીલ, શિવાનીના દાદા તેઓ શનિવારે ૭/૩/૨૦૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. બેસણું તેમના નિવાસસ્થાને સોમવાર તા.૯/૩/૨૦૨૬ ના ૫ થી ૭ સાંજે રાખેલ છે. આઇબીએસ ટાવર ન્યુ લીંક રોડ કાંદીવલી વેસ્ટ મુંબઈ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ



## અપરોક્ષાનુભૂતિ

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

આમ તો અપરોક્ષાનુભૂતિ એ આદિ શંકરાચાર્ય કૃત એક ગ્રંથ છે, પરંતુ અહીં શબ્દ તરીકે તેને સમજવાનો પ્રયત્ન કરીએ. અપરોક્ષ એટલે જે પરોક્ષ નથી તે, જે પ્રત્યક્ષ છે. પરોક્ષમાં માધ્યમની આવશ્યકતા હોય જ્યારે અપરોક્ષ એ સીધી થતી અનુભૂતિ છે. કોઈ મહાત્મા દ્વારા નહીં, શાસ્ત્ર દ્વારા નહીં, ઉદાહરણો દ્વારા નહીં પરંતુ જ્યારે બ્રહ્મની, આત્માની, જ્ઞાનની, વિદ્યાની, સૃષ્ટિનાં સમીકરણની, ઐશ્વરીય તત્ત્વની સીધી જ અનુભૂતિ થાય ત્યારે તે અપરોક્ષાનુભૂતિ કહેવાય. એમ કહી શકાય કે આ પરિસ્થિતિમાં જ્ઞાન અને તેની સમજ બુદ્ધિના ક્ષેત્ર સુધી સીમિત ન રહેતા સ્વયં એક વાસ્તવિક સ્વરૂપ ધારણ કરી અનુભૂતિ કરાવે. અહીં જ્ઞાનનું નહીં પરંતુ તેનાં પરિણામનું મહત્ત્વ હોય. અહીં શ્રવણ - મનન - ચિંતનનું નહીં પરંતુ તેનાથી સ્થાપિત થતાં અનુભવ યુક્ત ઊંડાણનું મહત્વ હોય. અહીં પરિસ્થિતિ શ્રદ્ધા અને વિશ્વાસથી પણ ઉપર પહોંચી અનુભવજન્ય બની રહે. આ 'સંપૂર્ણ'ના પર્યાય સમી આધ્યાત્મિક સ્થિતિ છે. અહીં 'મેં સાંભળ્યું છે' કે 'મેં જાણ્યું છે' તેમ ન હોય, પરંતુ 'મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે' તેમ હોય. પ્રત્યક્ષ જ્ઞાન એટલે સીધો પૂર્ણ સત્યનો અનુભવ.

આધ્યાત્મનું અંતિમ લક્ષ્ય મુક્તિ છે. આ મુક્તિ ત્યારે જ પ્રાપ્ત થાય ત્યારે આત્માનુભૂતિ થાય. આ પરોક્ષ માર્ગ નથી. મીઠાશ વિશે લાખ વર્ણન કરવામાં આવે તો પણ તેની વાસ્તવિક સમજ સ્થાપિત ન થઈ શકે. મીઠાશ અનુભવવા અહીં જાતે મીઠાઈ જ ચાખવી પડે. મીઠાશ એ જ્ઞાનનો નહીં પરંતુ અનુભવનો વિષય છે. આ અનુભવ માટે મીઠાઈ માધ્યમ બની શકે પરંતુ તે અંતિમ લક્ષ્ય ન બની શકે. શ્રવણ, મનન, નિદિધ્યાસન, સાધના, ભક્તિ, અધ્યયન, સત્સંગ જેવી બાબતો માધ્યમ ગણાય. તેનાથી અપરોક્ષાનુભૂતિની સંભાવના ચોક્કસ ઊભી થાય, પણ તે સ્વયં અપરોક્ષાનુભૂતિ નથી, આત્મ-સાક્ષાત્કાર નથી.

મહાત્માઓ પાસેથી અને સત્સંગ થકી સાંભળેલી વાતોને આધારે શરૂઆત થઈ શકે. વિશ્વાસપૂર્વક અધ્યયન કરાયેલ શાસ્ત્રવચનો મદદરૂપ થઈ શકે. ઈશ્વરની ભક્તિ તે વિશેની શ્રદ્ધાને દ્રઢતા આપી શકે. ધ્યાન થકી એકાગ્રતા પ્રાપ્ત છતાં ઇન્દ્રિયો અને મન નિયંત્રણમાં આવી શકે. યોગ દ્વારા પ્રાણના વ્યવહારનું નિયમન થઈ શકે. નિષ્કામ કર્મથી ચિત્ત શુદ્ધ થઈ શકે. દયા અને કરુણાથી સાત્ત્વિક સંવેદનાઓ જાગૃત થઈ શકે. કામ, ક્રોધ, લોભ, મોહ જેવાં દુશ્મનોથી અંતર રાખવાથી અસ્તિત્વમાં પવિત્રતા ઊભરી શકે - પરંતુ આ બધું જ અંતે તો અપરોક્ષાનુભૂતિ માટે હોય, તેનું પરિણામ આત્માનુભૂતિમાં પરિણામે ત્યારે જ તે બધું હોય ત્યારે જ તે બધું યથાર્થ કહેવાય. તેથી જ કહેવાય છે કે જ્યાં સુધી આત્મતત્ત્વ જણાયું ન હોય ત્યાં સુધી દરેક સાધના જુઠી છે.

આત્માનુભૂતિ એટલે કે અપરોક્ષાનુભૂતિ અંતિમ લક્ષ્ય છે અને અન્ય પ્રત્યેક બાબત નિસરણી સમાન છે. નિસરણીની ઉપયોગીતા છે પરંતુ તે અંતિમ ધ્યેય નથી. કોઈ એક તબક્કે નિસરણીનો પણ ત્યાગ કરવો પડે.

ઉપનિષદોમાં ભલે અપરોક્ષાનુભૂતિ શબ્દ નજરે ન ચડતો હોય પરંતુ જ્યારે 'અહમ્ બ્રહ્માસ્મિ' કે 'તત્ત્વમસિ' જેવી વાત કહેવાતી હોય ત્યારે સ્વયં-અનુભૂતિની જ વાત હોય. તેથી જ બૃહદારણ્યક ઉપનિષદમાં જણાવ્યું છે કે આત્મા દ્રષ્ટવ્ય છે, અનુભવનો વિષય છે. અહીં એમ પણ સ્પષ્ટ થાય છે કે આત્મજ્ઞાનનો સાક્ષાત્કાર અપરોક્ષ હોવો જોઈએ અને તેમાં ઇન્દ્રિય, મન, બુદ્ધિ, વૃત્તિ તેમ જ ચિત્તની અવસ્થા મહત્ત્વની ન હોય. આત્મજ્ઞાન અવસ્થા એ પ્રકાશની અવસ્થા છે અને પ્રકાશ એ માહિતીનો વિષય નથી. પ્રકાશની તો અનુભૂતિ કરવાની હોય અને તે અનુભૂતિ થતાં જ અંધકારની આપમેળે બાદબાકી થઈ જાય.

કામ ક્રોધ લોભ જેવી નકારાત્મક બાબતોથી મનની દુરી, તત્વ જિજ્ઞાસા, વૈરાગ્ય, અહંકાર મુક્તિ, પ્રેય ને સ્થાને શ્રેયની પસંદગી, નિત્યાનિત્યનો વિવેક, સંયમ, શ્રવણ - મનન - નિદિધ્યાસન, શાસ્ત્રીય વિધાનમાં શ્રદ્ધા અને તેનું અનુકરણ, ચિત્તની પવિત્ર એકાગ્રતા તથા દિવ્યકૃપા જેવી બાબતો પર અપરોક્ષાનુભૂતિ અવલંબિત હોય. અપરોક્ષાનુભૂતિનું પરિણામ અદભુત રહે. અહીં દૃશ્ય - દર્શન - દ્રષ્ટાનો ભેદ સમાપ્ત થાય. અદ્વૈત સિદ્ધાંત મુજબ સમગ્ર સૃષ્ટિમાં માત્ર બ્રહ્મનું જ અસ્તિત્વ પ્રતીત થાય. અજ્ઞાન અને અવિદ્યા નાશ પામતા સૃષ્ટિનો પ્રપંચ લય પામે. દરેક પ્રકારનાં દ્વન્દ્વથી મુક્તિ મળે. દરેક પ્રકારનાં માયા-ગ્રસ્ત તેમજ પ્રકૃતિ-જન્ય બંધનનો નાશ થતાં જીવનમુક્ત સ્થિતિ પ્રાપ્ત થાય. પરમ આનંદ અને અખંડ શાંતિ સ્થાપિત થાય. આ બધાંને કારણે અંતે વાસ્તવમાં પોતાનું અસ્તિત્વ અને સ્વરૂપ પ્રગટ થાય - 'અહમ્ બ્રહ્માસ્મિ' પ્રતીત થાય. એકંદરે એમ કહી શકાય કે અપરોક્ષાનુભૂતિ એટલે આત્મબ્રહ્મની સીધી, નિર્વિકલ્પ, શાશ્વત, પરમ, અખૂટ, અખંડ અને અનંત અનુભૂતિ. તે જ અધ્યાત્મનું અંતિમ ફળ, શાસ્ત્રોનો સાર અને મોક્ષનો માર્ગ છે.

પ્રશ્ન એ થાય કે અહીં અપરોક્ષાનુભૂતિ કહેવાય છે, પ્રત્યક્ષાનુભૂતિ નહીં. અપરોક્ષ એટલે જ પ્રત્યક્ષ. એમ જણાય છે કે અહીં જે પરિસ્થિતિ સામાન્ય રીતે સ્થાપિત હોય છે તેને નકારવાનો પ્રયત્ન કરાયો છે. દુનિયાની પ્રત્યેક બાબત લગભગ પરોક્ષ રીતે સમજમાં આવે છે. જે તે બાબતને સમજવામાં અને જાણવામાં, જિંદગીના પ્રારંભિક તબક્કામાં માબાપ તથા કુટુંબની ભૂમિકા મહત્ત્વની રહે. ત્યારબાદ શિક્ષણ તથા વ્યવસ્થાનો પ્રભાવ રહે. તેમાં સમયાંતરે મિત્રો તેમજ સંપર્ક-સંદર્ભને પણ સ્થાન મળે. ક્યારેક પુસ્તકો તો ક્યારેક પ્રવચનો, ક્યારેક ચર્ચા તો ક્યારેક સ્થાપિત પરંપરા, ક્યારેક દુનિયા સાથેના સંપર્કથી જાણમાં આવેલી વાતો તો ક્યારેક અકસ્માતની નજરે ચડેલી ઘટનાઓ; આ બધી બાબતો પરોક્ષ સ્વરૂપે જે તે માહિતી પ્રકાશમાં લાવે. અહીં વ્યક્તિગત પ્રત્યક્ષ અનુભૂતિ માટેની સંભાવના ઘણી ઓછી રહી શકે. આ સમગ્ર બાબતને આધ્યાત્મના ક્ષેત્રમાં નકારાત્મક જણાવીને અપરોક્ષાનુભૂતિની વાત કરાઈ હશે. ■

# કર્મયુક્ત રહેવા છતાં કર્મમુક્ત થઇ શકીએ એવી ફોર્મ્યુલા ભગવાન કૃષ્ણ આપણને આપે છે



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

આજે એક ભાઈએ મને પૂછ્યું છે, 'બાપુ, આપ કર્મમુક્તિમાં માનો છો?' હવે મને પૂછ્યું છે તો હું તમને વિનંતી કરું, મારી એવી પૂરી કોશિશ છે કે, કર્મયુક્ત રહેવા છતાં પણ આપણે કર્મમુક્ત થઇ શકીએ છીએ. નાની એવી ફોર્મ્યુલા છે. કહી શકાય એ અનુભવ, ન કહી શકાય એ અનુભૂતિ, એવું મારું સ્પષ્ટ માનવું છે. અનુભૂતિનું સ્ટેશન હજી ન પણ આવ્યું હોય, પરંતુ અનુભવના પડાવ પર મારી ટ્રેન ઊભી છે એટલે હું તમને કહી શકું છું.

અર્જુન ન હોત તો કદાચ ભગવાન કૃષ્ણનો આપણને એટલો મોટો લાભ ન મળ્યો હોત. કૃષ્ણ ન હોત તો અર્જુનને કોઈ ઓળખત નહીં. અને એ બંને ન હોત તો આપણને 'ગીતા'નો કોઈ દિવસ પરિચય થાત નહીં. આ ત્રણેય એક બીજાના આધ્યાત્મિક ત્રિકોણ છે.

'શ્રીમદ્ભગવદ્ ગીતા'માંથી મેં કેટલુંક પસંદ કર્યું છે. એમાંનું એક આ પણ છે; અને હું પ્રાર્થના કરું છું કે ક્યાંયથી પણ બંધાવું નહીં. બધેથી સત્ય લેવું. મારાં ભાઈ-બહેનો, સમગ્ર સંસારમાં રહીને આપણે કર્મમુક્ત થઇ શકીએ છીએ. નાની એવી ફોર્મ્યુલા છે. આ 'ગીતા'ની વાત છે. યુક્ત થઈને પણ મુક્ત રહી શકાય છે. આ મારી પ્રયોગાત્મક વાત છે. યસ, જયારે કર્મસિદ્ધાંત કહે છે કે, એક ક્ષણ પણ કોઈ કર્મ કર્યા વિના નથી રહી શકતું. તો, કર્મથી મુક્ત કેવી રીતે રહી શકાય? સાવ નાની એવી ફોર્મ્યુલા છે. 'યદચ્છાલાભસંતુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ ' નાનું એવું સૂત્ર છે. મારાં ભાઈ-બહેનો, હું હાથ જોડીને પ્રાર્થના કરું છું. કર્મની જાળમાં રહીને પણ કર્મમુક્ત રહી શકીશું. અને એ કોઈ બહુ ગહન વાત નથી. 'મારી કોઈ ઈચ્છા નથી, છતાં પણ મને જે મળી જાય એમાં હું સંતુષ્ટ રહું.' આ વૈશ્વિક સૂત્ર છે. જીવ કર્મની આખી શૃંખલામાં રહે તો પણ એ કર્મથી મુક્ત છે. તમે દોડાદોડ કરો છો, હું તમારાથી અનેકગણી વધારે દોડાદોડ કરું છે. હું કંઈ અકારણ તો ફરતો નથી. એ કર્મ જ છે.

દ્વંદ્વ તો ઘણાં છે, સુખ-દુઃખ,મળવું-છૂટાં પડવું વગેરે, પરંતુ અહીં દ્વન્દ્વનો અર્થ છે, હર્ષ-શોક. સીધાં-સાદાં ચાર સુત્રો છે. આ કોઈ ધાર્મિક પ્રક્રિયા નથી,કર્મકાંડ નથી. આમાં કોઈ ધર્મ બદલવાની જરૂર નથી. તમે કામ કરો, દિલ લગાવીને કામ કરો, પરંતુ ઈચ્છા વિના જ પરમાત્મા જે પદ આપે, પૈસા આપે, પ્રતિષ્ઠા આપે, એમાં સંતુષ્ટ થઇ જાવ.



જયારે કોઈ,કોઈ પણની પાસે કોઈ પણ પ્રકારની આશા રાખ્યા વિના કર્મ કરશે,એના પરિણામરૂપે જે કાંઈ મળશે એમાં સંતુષ્ટ થઈને જીવન જીવશે,એ કર્મ કરતાં કરતાં પણ કર્મમુક્તિની ફોર્મ્યુલાનું પ્રથમ સૂત્ર છે.

બીજું, જીવનમાં હર્ષ અને શોકના પ્રસંગો આપણા સૌના જીવનમાં આવે છે. વર્તમાન સમયમાં જે હર્ષ-શોક આવે એનું સ્વાગત કરો. અને અહીં 'અતીત' શબ્દ છે. ભૂતકાળમાં જે ઘટના ઘટી ગઈ છે. ભૂતકાળમાં હર્ષ આવ્યો,તો હર્ષના પ્રસંગો કેવા આવશે એની કામના ન કરો. અને ભૂતકાળમાં શોક થયો,તો એ પણ ભૂલી જાઓ. થોડું મુશ્કેલ પડશે, કેમ કે આપણે આ દ્વન્દ્વોથી આબદ્ધ છીએ. પરંતુ આનંદ બહુ આવશે. શું કોઈ સાધુ-સંત, કોઈ વિશિષ્ટ વ્યક્તિના જીવનમાં હર્ષ-શોકના પ્રસંગો નહીં આવતા હોય? પરંતુ તેઓ એને પોતાના દિલ સુધી પહોંચવા નથી દેતા. એ સૂત્ર યાદ રાખવું. જે આવે છે એ જવા માટે જ આવે છે. આ દુનિયામાં આપણે આવ્યાં છીએ,તો એક દિવસ આપણે જઈશું. એ નિયમ છે. દુઃખ આવ્યું છે, એ જશે. તો,હર્ષ-શોક આવતા રહે છે.

*અલગ હી મજા હૈ ફકીરી કા અપના,*
*ન પાને કી ચિંતા, ન ખોને કા ડર હૈ*
*દનકૌરીસાહેબ*

હર્ષ-શોકની કોઈ પરવા ન કરવી. શું એવું જીવન આપણે ન જીવી શકીએ? એમાં કોઈ દીક્ષાની જરૂર છે ? એમાં કોઈ મંત્ર જપવાની જરૂર છે ? કદમ ઉઠાવવાની જરૂર છે. અઘરું બહુ છે, પરંતુ કરી શકીએ છીએ. અને ત્રીજું, એનાથી પણ વધારે અઘરું, કોઈની ઈર્ષ્યા ન કરો, દ્વેષ ન કરો. કર્મ કરવા છતાં, કર્મથી મુક્ત થવું હોય તો ઉપાય હાજર છે. તમારે બીજાના કર્મથી મુક્ત થવું હોય તો ઉપાય હાજર છે. તમારે બીજાના દ્વેષ અને ઈર્ષ્યા નિરંતર કરવાં છે અને કર્મથી મુક્ત પણ રહેવું છે ! નહીં,વિચારો. ચોથું, સિદ્ધિ અને અસિદ્ધિમાં જે સમાન રહે છે એ કર્મ કરવા છતાં પણ કર્મથી મુક્ત છે. તમે પૂરેપૂરા કલાસ ભર્યા હોય, હોમવર્ક કર્યું હોય અને છતાં પણ જો તમે પરીક્ષામાં સફળ ન થાવ તો તમારા પ્રામાણિક પ્રયાસોનો આનંદ લો.

સફળતા કે અસફળતા પૂરા પ્રયત્નો પછી આવે છે. એમાં સમ રહો. કેવળ આ ચાર સૂત્ર છે. આ ચાર મંગળ ફેરા ફરો, કૃષ્ણ સાથે લગ્ન થઇ જશે. પહેલું, ઈચ્છા કર્યા વિના જે આવે એનો સંતોષ. હર્ષ-શોકનાં દ્વન્દ્વથી દૂર. કોઈનો દ્વેષ કે ઈર્ષા ન કરવા. અને સફળતા-નિષ્ફળતામાં આપણે સમ રહીએ. 'કૃત્વાપી ન નિબધ્યતે ' 'અર્જુન! એવો માણસ ભરચક કર્મ કરે તો પણ કર્મથી મુક્ત રહે છે.' 'ગીતા' જીવનગ્રંથ છે. કેવળ સ્વાધ્યાય કરવો પર્યાપ્ત નથી, સ્વાનુભવ જરૂરી છે. મારાં ભાઈ-બહેનો, આ રીતે આપણે કર્મથી મુક્ત રહી શકીએ છીએ.

(સંકલન : જયદેવ માંકડ)■

# કોણ છે જે પાર્વતીની જગ્યાએ મને હુંકાર આપતું હતું એ તુરંત મારી સમક્ષ ઉપસ્થિત થાય

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

કૈલાસ ખાતે પરત ફરતાં જ ભગવાન શિવ પોતાની તપસ્યામાં લીન થઈ જાય છે અને માતા પાર્વતી કૈલાસની વ્યવસ્થાપનમાં કાર્યરત થઈ જાય છે. વ્યવસ્થાપનના કાર્ય દરમિયાન તેમને બે શિવગણ વચ્ચેનો વાર્તાલાપ સંભળાય છે.

એક શિવગણ બીજા શિવગણને કહેતો હોય છે કે 'મને બ્રહ્મજ્ઞાન લાધ્યો નથી, કે તારી બધી વાત કહ્યા વગર હું સમજી જાઉં.' એ જ સમયે માતા પાર્વતીના મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે કે 'બ્રહ્મજ્ઞાન મેળવવું કેમ સુલભ નથી?' ભગવાન શિવની તપસ્યા પૂર્ણ થતાં જ માતા પાર્વતી કહે છે, 'હું પરમ જ્ઞાન એટલે કે બ્રહ્મજ્ઞાન વિશે વિચારી રહી હતી કે, જ્ઞાન પર તો દરેક પરિશ્રમીનો અધિકાર હોય છે, તો આ બ્રહ્મજ્ઞાન આટલું દુર્લભ કેમ છે.'

ભગવાન શિવ તેમને સમજાવતાં કહે છે કે, 'બ્રહ્મજ્ઞાન દુર્લભ એ માટે છે કે એ જ્ઞાનનું સર્વોચ્ચ શિખર છે. બ્રહ્મજ્ઞાની માટે અન્ય કોઈ જ્ઞાનની જરૂરત રહેતી નથી તે પૂર્ણતાને મેળવે છે. તેનો આત્માતત્ત્વ મારામાં વિલીન થઇ જાય છે એને પોતાના હૃદયમાં પરમાત્મા બેસેલો દેખાય છે, જેમ તમે નિદ્રાધીન થતાં પહેલા તમે તમારા ઘરેણાં ઉતારી મૂકો છો તેમ બ્રહ્મજ્ઞાની પોતાના આત્માને છોડીને પણ જીવિત રહી શકે છે. બ્રહ્મજ્ઞાન જ અમરત્વનું પ્રતીક છે. જે દૃશ્યમાન છે તે પરમાત્મા છે. દરેકના શરીરમાં જે આત્મા છે એ પરમાત્માનો અંશ છે. આત્માનો સાક્ષાત્કાર એ જ પરમાત્માનું મિલન છે. આ મિલન બાદ કોઈ ઇચ્છા શેષ રહેતી નથી. જીવાત્મા આ મિલન બાદ પરમાત્માને પ્રાપ્ત કરે છે. બ્રહ્મજ્ઞાનનો આજ સંદેશ છે.'

આત્માનો સાક્ષાત્કાર કઈ રીતે કરી શકાય એવું માતા પાર્વતી દ્વારા પુછાતાં ભગવાન શિવ કહે છે, 'ઉપાસના' દ્વારા. ઉપ એટલે પોતે અને આસના એટલે બેસવું, પોતાના આત્મા પાસે બેસવું, પોતાને ઓળખવું. પોતાને ઓળખનાર મનુષ્યને જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે અને તે પૂર્ણ જ્ઞાની બને છે.



બ્રહ્મજ્ઞાન મેળવવા પોતાના આત્માને ઓળખવો પડશે, પોતાના આત્મા દ્વારા દર્શાવેલા માર્ગ પર ચાલી સદ્ગુણોનો વિકાસ કરવો પડશે, પોતાના સ્વાર્થનો ત્યાગ કરી લોકકલ્યાણ માટે પ્રયત્નશીલ રહેવું પડશે. મન ચંચળ છે. ઇન્દ્રીયોના વશીભૂત થઈ પાપ કર્મ કરાવે છે. પરમાત્માનો અંશ એવા આત્માના વિચાર હંમેશાં માનવીને સદ્માર્ગે ચલાવી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે અને પૂર્વ દિશાથી થનારો સૂર્યોદય આપના બ્રહ્મજ્ઞાનનો દ્વાર ખોલવા જઈ રહ્યો છે દેવી.' આટલું સાંભળતાં જ માતા પાર્વતી કહે છે, 'પ્રભુ શું આજે જ મને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થશે.'

* * *

ભગવાન શિવઃ 'હા પાર્વતી મેં નિશ્ચય કર્યો છે કે આ હિમગીરી પર્વતની શ્રેણીની એક ગુફામાં હું એ બ્રહ્મજ્ઞાન તમને આપીશ.'

માતા પાર્વતીઃ 'સ્વામી, અહીં આવી હું એક ઉત્સાહી વાતાવરણનો અનુભવ કરી રહી છું, એવું તે શું છે આ ગુફામાં જેની મને અનેરી લાગણી સ્ફૂરી રહી છે.'

ભગવાન શિવઃ 'દેવી, જ્યારે દેવતાઓ અમરતાના અભાવે અનેક ભયમાં જીવન ગુજારી રહ્યાં હતાં, ત્યારે શ્રીહરિ વિષ્ણુ અને બ્રહ્માજીની વિનંતીથી મેં દેવતાઓને અમરતા આપવાનો નિશ્ચય કર્યો, તે સમયે સમસ્ત દેવતાઓ અમારી સમક્ષ ઉપસ્થિત હતા. એ સમયે મેં મારા મસ્તક પર વિદ્યમાન ચંદ્રમાને હાથમાં લઈ નીચોવ્યો, એ ક્ષણે જે અમરત્વ ચંદ્રમાંથી નીકળ્યું તે દેવતાઓએ આચમન કરતાં દેવતાઓ અમર થઈ ગયા પણ, તે સમયે ચંદ્રમાંથી નીકળેલા અમરત્વના થોડા ટીપાં આ ક્ષેત્રમાં હજીયે વિદ્યમાન છે. અહીં કોઈ માનવ આવી શકતું નથી. જે પણ માનવ અહીં આવશે અને અમરત્વનું પાન કરશે એ અમર થઈ જશે.'

આટલું સાંભળતાં જ માતા પાર્વતી એ ગુફામાંથી નીકળી રહેલા જળનું આચમન કરે છે.

માતા પાર્વતીઃ 'સ્વામી અહીં આવવા સુધીનો માર્ગ ખૂબ જ કઠિન છે, તમે માનવકલ્યાણ માટે એને થોડો સુગમ ન બનાવી શકો?'

ભગવાન શિવઃ 'દેવી તમે શું ભસ્માસુરને ભૂલી ગયા? એના જેવા અસુર મનોવૃત્તિવાળા માનવો અહીં પહોંચી ગયા અને અમરત્વનું પાન કરી લીધું તો સૃષ્ટિની વ્યવસ્થા શું છિન્નભિન્ન નહીં થાય?'

માતા પાર્વતીઃ 'જેવી તમારી ઇચ્છા.'

એ જ સમયે ભગવાન શિવ પોતાનું ડમરું વગાડવા લાગ્યાં.

માતા પાર્વતીઃ 'સ્વામી આ સમયે ડમરું નાદનો અર્થ શું?'

ભગવાન શિવઃ 'આ ડમરુંનો નાદ એટલો વ્યાપક છે કે અહીં આસપાસના વિસ્તારમાં કોઈપણ જીવ હોય તો એ અહીંથી દૂર નાસી જાય. તમને આપવામાં આવનાર બ્રહ્મજ્ઞાનને સાંભળી કોઈ જીવ અમર ન થઈ જાય, પણ તમારી લોક કલ્યાણની ભાવના ખૂબ ગાઢ હોવાથી હું તમને એટલું કહીશ કે આજે શ્રાવણ માસની પૂર્ણિમા છે અને આ દિવસે જે જીવ આ સ્થળની મુલાકાત લઈ મારી હિમલિંગની પૂજાઅર્ચના કરશે તે જીવ પૂર્ણ આયુષ્ય ભોગવી શિવગણમાં સ્થાન પામશે. કળિયુગમાં આ સ્થળ અમરનાથ અને મારી હિમલિંગ અમરેશ્વર તરીકે ખૂબ પ્રખ્યાત થશે.'

* * *

પ્રસન્ન માતા પાર્વતી ભગવાન શિવ સમક્ષ બેસે છે.

ભગવાન શિવઃ 'પાર્વતી તમે મારી સમક્ષ બેઠા છો, હું તમને બ્રહ્મજ્ઞાન આપીશ, થોડા થોડા સમયે તમે મને હુંકાર આપજો જેથી તમે બ્રહ્મજ્ઞાનનું રસપાન કરી રહ્યાં છો એની મને ખાતરી થતી રહે.'

માતા પાર્વતીઃ 'જેવી તમારી આજ્ઞા સ્વામી.'

ભગવાન શિવ માતા પાર્વતીને બ્રહ્મજ્ઞાન આપવાની શરૂઆત કરે છે. ઘણા સમય સુધી માતા પાર્વતી હુંકાર આપતા રહે છે. બ્રહ્મજ્ઞાનના અંતિમ પડાવમાં માતા પાર્વતી નિદ્રાધીન થઈ જાય છે. ભગવાન શિવ તેમને બ્રહ્મ આપતાં જ રહે છે. એ સમયે એક કબૂતર ત્યાં ઉપસ્થિત હોય છે અને તે જુએ છે કે માતા પાર્વતી નિદ્રાધીન થઈ ગયાં છે અને જો હું હુંકાર નહીં આપું તો ભગવાન શિવ બ્રહ્મજ્ઞાન આપવાનું બંધ કરશે, એટલે માતા પાર્વતીના બદલે એ કબૂતર હુંકાર આપવાનું ચાલુ કરે છે. બ્રહ્મજ્ઞાન પૂર્ણ થતાં ભગવાન શિવ આંખ ખોલે છે અને જુએ છે કે માતા પાર્વતી નિદ્રાધીન છે.

ભગવાન શિવઃ 'કોણ છે જે પાર્વતીની જગ્યાએ મને હુંકાર આપતું હતું, તુરંત મારી સમક્ષ ઉપસ્થિત થાય.'

એ જ ક્ષણે એ કબૂતર ત્યાં ઉપસ્થિત થાય છે અને માફી માગતા કહે છે 'પ્રભુ મને માફ કરો, મેં જ માતાના હુંકારની જગ્યાએ તમને હુંકાર આપ્યા. હું એક કબૂતર છું. તમારી ઇચ્છા વિરુદ્ધ અહીં આવી શકું? પ્રભુ તમારી કૃપાથી જ હું આ શીત પ્રદેશમાં અહીં આવી શક્યો છું, મારી કોઈ ભૂલ થઈ હોય તો તમે મને દંડ આપી શકો છો.'

ભગવાન શિવઃ 'ધરૌમ્ય ચિંતિત ન થાવ, તમને બ્રહ્મજ્ઞાન આપવા અને તમારા ગુરુના શ્રાપથી મુક્ત કરવા જ મેં આ લીલા રચી હતી. બ્રહ્મજ્ઞાન મેળવવાની તમારી પાત્રતા પહેલેથી જ નિશ્ચિત થઈ ચૂકી હતી.'

ધરૌમ્ય ઋષિઃ 'દેવાધિ દેવ મહાદેવ, ભોળેનાથ કી જય.'

ધરૌમ્ય ઋષિનો અવાજ સંભળાતા માતા પાર્વતીની નિદ્રા તૂટે છે.

માતા પાર્વતીઃ 'સ્વામી તમારા ડમરું ધ્વનિ બાદ પણ આ યુવાન ઋષિ અહીં કેવી રીતે પહોંચ્યા, અને હું નિદ્રાધીન થઈ ગઈ.'

ભગવાન શિવઃ 'દેવી! દુઃખી ન થાવ, આ ધરૌમ્ય ઋષિ છે અને તેઓને ગુરુના શ્રાપથી કબૂતર યોની મળી હતી. શિવઇચ્છાથી જ તેઓ અહીં ડમરું ધ્વનિથી ખેંચાઇ આવ્યા અને બ્રહ્મજ્ઞાનનું રસપાન કર્યું. જાઓ ધરૌમ્ય તમારા ગુરુ શિવભક્તિમાં લીન હોવા છતાં ય અધૂરાં છે, તેમનાં આશ્રમ જઇ તેમને બ્રહ્મજ્ઞાન આપો. (ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# તત્ત્વમસિ - તું તે બ્રહ્મ છું...



આ મહા વિધાન સામવેદના એક ભાગ છાંદોગ્ય ઉપનિષદનું છે. તત્વમસિ ‘ (તત્-ત્વમ-અસિ) નો અર્થ થાય છે કે ‘તું તે છે’ અથવા ‘તું જ બ્રહ્મ છે’. વેદાંત દર્શનના અદ્વૈત સિદ્ધાંતનો આ એક આધાર છે. જેમ હું બ્રહ્મ છું - અહમ્ બ્રહ્માસ્મિ કહેવામાં આવે છે તેમ તું પણ બ્રહ્મ છું તે અહીં કહેવાય છે. હું જે છું તે જ તું છું, અને આપણે બંને જે છીએ તે જ બ્રહ્મ છે. અહીં બધું બ્રહ્મમય છે. આ સૃષ્ટિમાં બ્રહ્મ સિવાય બીજું કશું જ નથી.

‘તત્ત્વમસિ’ વિધાન દ્વારા વ્યક્તિ અને સર્વવ્યાપી સત્ય-બ્રહ્મ વચ્ચેના શાશ્વત અને સ્થાપિત અદ્વૈત સંબંધની વાત કરવામાં આવી છે. વાસ્તવમાં આ વાત આ સંબંધની પણ નથી, ખરેખર આ વાત તો બંને વચ્ચેના ઐક્યની છે. અહીં એ બાબતનો નિર્દેશ કરાયો છે કે પ્રત્યેક જીવાત્મા અને પરમાત્મા એક જ છે.

અહીં તત્ શબ્દ નિત્ય, અખંડ, અનંત, અનાદિ બ્રહ્મનું નિર્દેશન કરે છે. ત્વમ શબ્દ બીજા પુરુષ એક વચન માટે તું સમાન છે. આ તું એટલે તે વ્યક્તિ કે તે જીવાત્મા. અસિ શબ્દ દ્વારા બ્રહ્મ અને જીવાત્મા વચ્ચેનું સમીકરણ સ્થાપિત થાય છે. થોડું આગળ વિચારતાં સમજાશે કે, અદ્વૈત સિદ્ધાંતનું આ મહા વિધાન મનુષ્યને સ્વજ્ઞાન અને આત્મા-પરમાત્માની એકતાના અનુભવ માટે માર્ગદર્શિત કરે છે. જીવ અને શિવના મિલન માટે જીવ અને શિવના એકત્વનો ભાવ સ્થાપિત થાય તે જરૂરી છે.

સનાતની સંસ્કૃતિમાં જે છ દર્શન વેદ આધારિત છે એમાં વેદાંત એક મહત્ત્વનું દર્શન છે. આ વેદાંતમાં અદ્વૈત વિચારધારાને આધારિત સત્ય, સૃષ્ટિ અને સૃષ્ટિકર્તાને સમજવાનો પ્રયત્ન કરાય છે. અદ્વૈતનો અર્થ છે અ-દ્વૈત અર્થાત અ-ભિન્નતા. અહીં જુદાપણું નથી. અહીં કોઈપણ પ્રકારનો, કોઈપણ સ્તરનો, કોઈપણ માત્રાનો, કોઈપણ પરિસ્થિતિમાં ભેદ નથી. સાદી ભાષામાં કહીએ તો આ ‘બિન-દ્વિતીય’ સિદ્ધાંત છે. આ સિદ્ધાંતનો આધાર ઉપનિષદોની વૈચારિક પરંપરા છે. ‘હું બ્રહ્મ છું અને તમે પણ બ્રહ્મ છો’ એ વાત વ્યક્તિને એ યાદ કરાવે છે કે અંતે તો બધું એકનું એક છે. જે કંઈ દ્વન્દ્વ કે દ્વૈત ભાવ ઊભો થાય છે તે અજ્ઞાન, અવિદ્યા અને માયાના પ્રપંચનું પરિણામ છે. એ સમજવાનું મહત્ત્વનું છે કે નિર્મળ એવા બ્રહ્મ સાથેની એકતા સત્ય છે. આ જ્ઞાનની અનુભૂતિ દૈનિક જીવનમાં પણ શાંતિ અને આત્માનંદ લાવે છે.

આ જગતમાં બ્રહ્મનું જ અસ્તિત્વ છે કારણ કે બ્રહ્મ જ અવિનાશી સત્ય છે. બ્રહ્મ અદ્વિતીય છે અર્થાત તેનાં સમાન અન્ય કોઈ અસ્તિત્વ જ નથી, તો પછી તેના કરતાં વધુ સારાં અસ્તિત્વની તો કલ્પના પણ ન થઈ શકે. બ્રહ્મ અચલ સત્તા સમાન છે. તેની અપેક્ષાએ જગત મિથ્યા છે, ભ્રમ છે, અવાસ્તવિક છે, કપટ છે, પ્રપંચ છે, અનુભૂતિ કરાતું હોય તેમ લાગવા છતાં અનુભૂતિની શક્યતાથી પર છે. જે કંઈ હોવાની પ્રતીતિ થાય છે તે જીવ અને બ્રહ્મના ઐક્યની અવિભક્ત સ્વરૂપની એક છાયા માત્ર છે. આદિ શંકરાચાર્ય અદ્વૈત વેદાંતના મુખ્ય પ્રચારક માનવામાં આવે છે. તેમણે આ સિદ્ધાંતને સમજાવવા ઉપનિષદો, ગીતા અને બ્રહ્મસૂત્રનાં ભાષ્યની રચના કરી હતી. તે સાથે અહીં વિવેક-ચુડામણી ઉલ્લેખ પણ જરૂરી છે. તત્વમસિને સમજવા માટે આ બધાનો અભ્યાસ મદદરૂપ થઈ શકે.

આની માટે વ્યવહારુ તર્ક કંઈ આ પ્રમાણેનો છે. જેમ સમુદ્રના તમામ તરંગ, સમુદ્રના પાણીમાં ઉદ્ભવતું ફીણ, સમુદ્રના પાણીનું પ્રત્યેક ટીપું, સમુદ્રનું પ્રત્યેક મોજું પણ સમુદ્ર જ છે; એવી રીતે ચારે બાજુ પ્રસરેલ સૃષ્ટિ બ્રહ્મનું જ સ્વરૂપ છે. અદ્વૈત વેદાંતનો સિદ્ધાંત સમજવા માટે ઘણીવાર સાપ અને દોરડાંનું ઉદાહરણ પણ આપવામાં આવે છે. અંધારામાં દોરડાંને સાપ માની લેવામાં આવે છે, જે ભ્રમ છે. જ્યારે પ્રકાશ થાય છે, ત્યારે સાપનો ભ્રમ દૂર થાય છે અને દોરડું દોરડાં તરીકે જ દેખાય છે. તે જ રીતે, બ્રહ્મ વિશે જ્ઞાન થાય ત્યારે માયાના ભ્રમથી પ્રતીત થતાં જગતથી મુક્તિ મળે.

આત્મા અને બ્રહ્મનો અદ્વૈત સંબંધ જ્યારે જાણવામાં આવે, જ્યારે પ્રતીત થાય ત્યારે બધી જ ભ્રમણા દૂર થઈ જાય. જ્યારે એ જાણમાં આવે, જ્યારે એ અનુભવાય કે જે તત્ત્વ વ્યક્તિની અંદર છે તે જ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપક છે, ત્યાર પછી અન્ય કોઈ પ્રકારનો લગાવ, અન્ય કોઈ પરિસ્થિતિ માટે કે અન્ય કોઈ હંગામી હેતુ માટે પણ ન સ્થપાઈ શકે. અહીં વચ્ચેનો ભેદ પણ નાશ પામે. બ્રહ્મ અને જીવાત્માના ઐક્યને અભ્યાસ પૂર્વક વારંવાર યાદ કરવાથી તે પ્રકારની માનસિકતા દ્રઢ થતી જાય અને તેથી આ મહાવિધાન તત્ત્વમસિનું મહત્ત્વ છે. તે પરમ સત્તા સાથેની એકતાની અનુભૂતિ એટલે જ સાચું, સંપૂર્ણ, સાત્ત્વિક, પવિત્ર, શાશ્વત જ્ઞાન.

જ્યારે પણ ભેદ વર્તાય ત્યારે હું-તું અને મારું-તારુંનો ભાવ સ્થાપિત થાય. પછી તે મુજબનો વ્યવહાર આગળ વધે. તેને આધારિત કાર્ય અમલમાં આવે. આ કાર્યનું જે કંઈ પરિણામ આવે તેને આધારે તારા-મારાનો ભાવ વધુ દ્રઢ બને. પછી આ ચક્ર ચાલ્યા જ કરે. આમાંથી બહાર નીકળવા માટે ભેદની પ્રતીતિ બંધ થવી જોઈએ. ઉપનિષદોમાં આ માટે જે જ્ઞાન અપાયું છે તેના નિચોડ તરીકે ચાર મહાવિધાન નિર્ધારિત કરાયાં છે. તે બધા પાછળનો મૂળ હેતુ તો એક જ છે અને તે એ કે, માયાના પ્રપંચને કારણે ઉદ્ભવેલી ભેદની પ્રતીતિ નાશ પામે. જો તત્ત્વમસિ - તું તે બ્રહ્મ છું જેવા વિધાનનું વારંવાર રટણ કરવામાં આવે, વારંવાર ચિંતન કરવામાં આવે વારંવાર તે પ્રમાણેનો વ્યવહાર કરવામાં આવે તો અંતિમ પરમ-લક્ષ્ય દૂર નથી. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay samachar.com

# છિન્નસંશય



સિદ્ધિ માટે પાંચ કારકોના મહત્ત્વને સમજ્યા. આજે કૃષ્ણ ભગવાન સંશયના નાશની મહત્તા બતાવે છે, તે સમજીએ.

સંશય એટલે મનની શંકા, અવિશ્વાસ કે અનિશ્ચિતતા. જ્યારે કોઈ વાતને લઈ મન સ્પષ્ટ નથી હોતું, સાચુંખોટું, કરવું ન કરવું, વિશ્વાસઅવિશ્વાસ જેવા દ્વંદ્વમાં ફસાઈ જાય છે ત્યારે તેને સંશય કહે છે. સંશય મનને ક્યારેય સ્થિર રહેવા દેતો નથી. એ જ કારણ છે કે ગીતામાં પહેલેથી જ કહેવામાં આવ્યું છે સંશયાત્મા વિનશ્યતિ એટલે કે જે મનુષ્ય સંશયમાં રહે છે તેનો વિનાશ થાય છે.

સંશય મનમાં અશાંતિ જગાવે છે અને વિશ્વાસનો નાશ કરે છે. જ્યારે વિશ્વાસ નથી ત્યારે ચિત્ત ક્યારેય શાંત નથી થતું. કાર્યમાં સંશય રાખવાથી માણસ આગળ વધતો નથી. સંશય પ્રગતિને રોકે છે. વળી, માણસ જો બીજાની ભાવના અથવા વફાદારી વિશે શંકાશીલ હોય તો માનવીય સંબંધ ક્યારેય મજબૂત રહી શકતા નથી. અને અધ્યાત્મ માર્ગમાં તો સંશય શ્રદ્ધાને જ સમાપ્ત કરી દે છે ! ભક્તિ, યોગ કે જ્ઞાનના માર્ગમાં સંશય એ મોટો અવરોધ છે. પરમાત્મા પર શ્રદ્ધા વિના અનુભૂતિ શક્ય નથી.

હા, સંશય મનુષ્યને પૂર્ણ અશાંત કરે છે. અને અશાંત મન ધ્યાન-ધારણા કેવી રીતે કરી શકે? પરિણામે મુમુક્ષુના જીવનની દિશા અધૂરી રહે છે. શંકા એ એવો અંધકાર છે જે જ્ઞાનનો પ્રકાશ આવવા દેતો નથી. સંશયના કારણે વ્યક્તિ ક્યારેય પૂર્ણ નિર્ધાર સાથે અધ્યાત્મ માર્ગે આગળ વધી શકતી નથી.

આવું જ દૈનિક જીવનમાં પણ બને છે કોઈ વિદ્યાર્થી પરીક્ષાની તૈયારી કરે છે, પરંતુ સતત સંશય રાખે કે હું પાસ થઈશ કે નહિ? તો તે ક્યારેય પૂરેપૂરી એકાગ્રતા સાથે અભ્યાસ કરી શકતો નથી. પરંતુ જો વિશ્વાસ રાખે કે મારા પ્રયત્ન સાચા છે, તેથી હું સફળ થઈશ, તો નિશ્ચિત જ સફળતા મળે છે.

યાદ રાખો, સંશયમાત્ર મનને નબળું બનાવે છે. પતિ-પત્ની વચ્ચે જો સંશયનું બીજ વાવવામાં આવે, તો પ્રેમ અને વિશ્વાસ ધીમે ધીમે ખતમ થઈ જાય છે. જ્યાં વિશ્વાસ છે ત્યાં સુખ અને શાંતિ છે, અને જ્યાં સંશય છે ત્યાં વિખવાદ અને દુઃખ છે.

તેથી મહંતસ્વામી મહારાજ કહે છે-જીવનમાં સંશયને દૂર રાખીને વિશ્વાસને સ્થાન આપવું એ જ સાચો માર્ગ છે. જ્યારે મહાભારતમાં અર્જુન યુદ્ધના સમયે સંશયમાં પડી ગયો કે પોતાનાં સ્વજનો સામે લડવું યોગ્ય છે કે નહિ. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેને જ્ઞાન આપીને તેના સંશયનો નાશ કર્યો.

કર્મયોગી હોય કે ત્યાગી હોય, તે સંશય રહિત હોય આ વાતમાં માનવજીવનના ઊંડા તત્ત્વનો સાર સમાયેલો છે. ત્યાગી એ છે જે આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાનની શોધમાં આંતરિક ધ્યાન, સાધના અને સમાધિમાં પ્રવૃત્ત થાય છે, જ્યારે કર્મયોગી એ છે જે બાહ્ય ભોગ, સંપત્તિ, મોહ અને બંધનોથી દૂર રહીને અનાસક્તિનો માર્ગ અપનાવે છે. જો કે બંને માર્ગમાં પ્રત્યક્ષ પરમાત્માનો યોગ જ મુખ્ય છે. અને તે માટે સંશયરહિત થવું તે પહેલી અનિવાર્યતા છે. એક યોગીની મૂલ્યવાન લાક્ષણિકતા એ છે કે તે સદા સંશય રહિત હોય છે, વિકલ્પ રહિત હોય છે.

યોગી જ્યારે ધ્યાનમાં પરમાત્માનો સાક્ષાત્કાર પામે છે ત્યારે તેના મનમાં કોઈ દ્વંદ્વ કે સંશય રહેતો નથી; તેના માટે બ્રહ્મજ્ઞાન સત્ય રૂપે અનુભૂતિમાં આવે છે. એ જ રીતે ત્યાગી, જ્યારે બધું ત્યજી દે છે, ત્યારે કોઈ પ્રશ્નો કે સંશય બાકી રહેતા નથી કારણ કે તેના માટે મોહ અને આશ્રયના બધા સ્તોત્ર ખંડિત થઈ જાય છે. તે ‘અહં’ તથા ‘મમતા’ના વલયમાંથી મુક્ત થઈ જાય છે.

આ સંશય રહિતાવસ્થા મનુષ્યજીવનની સર્વોચ્ચ સિદ્ધિ છે. ગીતા જણાવે છે કે આ મેધાવી છિન્ન સંશય બની જાય છે. વિશ્વાસ, શ્રદ્ધા અને આત્મસમર્પણ વગર જ્ઞાનનું ફળ પ્રાપ્ત થતું નથી. યોગીનો વિશ્વાસ તેને પરમાત્માના અનુભવ સુધી લઈ જાય છે, જ્યારે ત્યાગીનો વિશ્વાસ તેને વિવેક અને અક્ષરધામ સુધી પહોંચાડે છે.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે -સંશય રહિત થવા માટે જીવનમાં ગુરુનું શરણું લેવું પડે. એકાગ્રતા, શ્રદ્ધા અને સાધનાથી આવેલ સંશયનો અંત જ આત્મજ્ઞાનનો આરંભ છે. આથી કર્મયોગી અને ત્યાગી બંને જીવનના અલગ માર્ગે ચાલે છે, છતાં તેમની સફળતા અને પૂર્ણતા ત્યારે જ છે જ્યારે તેઓ શંકા અને દ્વંદ્વથી પર હોય છે. અંતે એ બંને એક જ સત્ય તરફ આગળ વધે છે પ્રત્યક્ષ પરમાત્માનો સાક્ષાત્કાર! ■

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombay samachar.com

# શ્યામ સંગ શ્યામા રંગી, શ્યામા કે સંગ શ્યામ



(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણની સંગિની રાધાનું સ્થાન શ્રીકૃષ્ણના જીવનમાં આટલું મહત્ત્વનું હોય તો પછી એ નવાઈની વાત નથી કે રાધાનું મહત્ત્વ સ્થાપતા સંપ્રદાયનો ઉદય થાય. એ છે રાધાવલ્લભ સંપ્રદાય. તેના સ્થાપક વૃંદાવનમાં રહેતા હરિવંશ કે હિતહરિવંશ, શ્રીકૃષ્ણની મુરલીના અવતાર મનાય છે. તેમણે કહ્યું - શ્રી વૃંદાવનનાથ - પટ્ટમહિષી રાધૈવ સેવ્યા મમ, શ્રી વૃંદાવનનાથ શ્રીકૃષ્ણની પટરાણી રાધાની જ હું સેવા કરીશ. અહીં રાધા જ સંપ્રદાયની સ્થાપક, આચાર્ય, મંત્રદાયી, સદ્ગુરુ અને પરમ આરાધ્ય છે. જ્યાં રાધા અને કૃષ્ણમાં કોઈ જુદાઈ નથી. રાધા મધુર ઉજ્જવળ પ્રેમની પ્રાણસ્વરૂપા, શૃંગારલીલાની ચરમ અવધિ. પરા અને સ્વતંત્ર શક્તિ છે, જે શ્રીકૃષ્ણની પણ આરાધ્યા છે. ધ્રુવદાસ ગાઈ ઊઠ્યા.

*‘શ્યામ સંગ શ્યામા રંગી, શ્યામા કે સંગ શ્યામ*
*એક પ્રાણ તન મન સહજ કહિબો કૌં દોઉ નામ.’*

સારસ ચક્વીને ટોણો મારે છે કે આખી રાત પોતાના પ્રિયતમથી વિખૂટી પડીને તે હજી જીવી રહી છે. તે કેવો પ્રેમ? ચક્વીએ જવાબ આપ્યો કે પ્રેમની પીડા સારસ ન જાણે. વિયોગની વેદના વેઠીને પ્રેમ કરવાનો હોય છે. હિતહરિવંશનું આ ઉદાહરણ પ્રેમની સાચી સમજણ આપે છે. પ્રેમવિરહ, મિલનમાં પણ પ્રેમનું ભાન. અહીં રાધાકૃષ્ણના નિત્ય મિલનમાં વિયોગ તો નથી. પ્રેમની ક્ષીણતા પણ નથી.

રાધા માટે એક નામ પ્રસિદ્ધ છે, કિશોરી. તો કૃષ્ણ માટે પણ એવું જ નામ છે (નંદ) કિશોર. બંગાળમાં તો ‘કિશોરી ભજા’ નામનો વૈષ્ણવ સંપ્રદાયનો એક ફાંટો છે. ત્યાંના બાઉલ ગીતોમાં ‘કિશોરી’ની મનોસ્થિતિનું વર્ણન કાયમ થતું હોય છે. ચંડીદાસ કહે છે.

‘ઉઠિતે કિશોરી, બસિતે કિશોરી, કિશોરી ગલાર હાર,
કિશોરી ભજન, કિશોરી પૂજન, કિશોરી ચરણસાર.’

ઋગ્વેદમાં વિષ્ણુ માટે એક શબ્દ છે - નવીયસ્, એટલે ચિર નવીન કે નૂતન ‘ચિર નવીન એટલે યુવાન. ‘વંદે મદનગોપાલં કૈશોરાકારમદ્ભૂતં (પદ્મપુરાણ) રૂપગોસ્વામીના મત પ્રમાણે ભગવાન પ્રાયઃ કિશોર અવસ્થામાં ભક્તોને દર્શન દે છે.

વૃંદાવનમાં રાધા અધીશ્વરી છે. તેની સાથે તેની અનેકાનેક સખીઓ અને દાસીઓ સેવામાં રત હોય છે. સાધકના જીવનનો ઉદ્દેશ્ય પણ સખી કે દાસીભાવે રાધાના ચરણોની સેવા કરવાનો હોય છે. સખીઓ તો હોય જ સખીઓ. અને તેમને દાસીઓને ‘મંજરી’ કહેવાય અને તેમના જીવનની કૃતાર્થતા જુગલજોડી રાધાકૃષ્ણની સેવામાં જ છે. આ રીતે ભક્તે વૃંદાવનમાં સ્ત્રીભાવે સ્ત્રીરૂપે જવાનું હોય છે. એક સંપ્રદાય છે, સખીસંપ્રદાય. તેના સ્થાપક તાનસેનના ગુરુ હરિદાસ કહેવાય છે. સખીરૂપે આરાધના કરી રાધાકૃષ્ણનો પ્રેમ સંપાદન કરવાનો હોય છે. તેમણે પોતાના ગ્રંથ ‘કેલિમાલા’માં રાધાકૃષ્ણની કેલિ અને એકતારૂપનું વર્ણન કર્યું છે. બીજી એક કથા પ્રમાણે ત્રિપુરાદેવીની કૃપાથી અનુષ્ઠાન, પૂજા, સ્નાન વગેરે કરીને અર્જુન પણ અર્જુની રૂપે દૈવી વૃંદાવનમાં પહોંચ્યો હતો. નારદમુનિ સ્વયં એ જ રીતે દૈવી રહસ્યમય વૃંદાવનમાં રાધા સમીપ જઈને શ્રીકૃષ્ણ સાથે રમ્યા હતા. ગર્ગસંહિતાના ઉલ્લેખ પ્રમાણે રાસમંડળમાં આવતા ભગવાન શંકર અને આસુરિ મુનિને ગોપીઓએ રોક્યા હતા. રાસમંડળ વૃંદાવનમાં પુરુષ ફક્ત શ્રીકૃષ્ણ જ. તેથી તેઓ માનસ-સરોવરમાં ડૂબકી મારી પછી ગોપીરૂપે ક્રીડામાં જોડાયા હતા. અહીં મીરાંબાઈના જીવનની એક વાત યાદ આવે. પોતાને સ્ત્રી હોવાથી મળવાનો ઈનકાર કરતા જીવ ગોસ્વામીને મીરાંબાઈએ કહેવડાવ્યું હતું કે વૃંદાવનમાં તો શ્રીકૃષ્ણ સિવાય કોઈ પુરુષ છે જ નહીં!

જયદેવે લખ્યું કે જેમ ચંદ્રને જોઈ સાગરના તરંગો ઊંચા ઊછળે તેમ કૃષ્ણ રાધાનું મુખ જોઈને બહુ ભાવવિભોર થયા. તેણે રાધાના મુખનું વર્ણન કર્યું છે. સાથે કુસુમાયુધ કામદેવનાં પાંચ બાણનો હવાલો આપી દીધો. શ્રીકૃષ્ણના શબ્દોમાં કહેવાયું, હોઠ બંધૂક ફૂલ જેવા. કપાળ મધૂક (મહુઆ)ના ફૂલ જેવું. આંખો તો નીલકમળની સુંદરતાને પણ પાછળ મૂકી દે. નાક તલના ફૂલ જેવું અને દાંત કુંદફૂલ જેવા. પ્રીતમદાસે ‘રૂપરાશી શી રાધિકા, પ્રેમસાગર પ્યારી’ની સુંદરતા વર્ણવી છે.

*‘સુંદરતા પર સુંદરી : નાખે સરવસ વારી,*
*પ્યારી તણું મુખ જોઈને : ગાયો ઈંદુ આકાશે,*
*નેન તણી છબિ નિરખાનાં : નાવ્યાં ખંજન પાસે,*
*કંઠને જોતાં કોકિલા : વસ્યાં જૈને રે વનમાં;*
*પંકજ પેઠાં પંકમાં : લજવાયાં રે મનમાં.*
*ચરણ તણી છબિ જોઈને : કેળ કંપવા લાગે,*
*જાત રૂપ તન જોઈનેઃ જઈ બાળિયું રે આગે.*
*શ્રીરાધાના રૂપથી : રવિ ઝાંખો પડિયો;*
*કટિને જોઈએ કેસરી : રાતમાં રડવડિયો.*
*ચાલ જોતાં ચતુરાતણી : ગજ જંગલ સેવે;*
*કુણ કવિ સંસારમાં : કશી ઉપમા દેવે.’*

શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ મન્મથમન્મથ, કામદેવથી પણ સુંદર. સુરદાસ ગોપીઓના માધ્યમથી કહે છે, ‘દેખો ભાઈ સુંદરતા કો સાગર, દેખિ સુરૂપ સકલ ગોપીજન.’ તો વળી રાધા પણ એટલી જ સુંદર છે. ‘વિરાજતિ રાધા રૂપનિધાન’. અને પછી યુગલની સુંદરતાની વાત કહે છે, ઝૂલત શ્યામ-શ્યામા સંગ. ‘નિરખિ દંપતી અંગ-સોભા, લજત કોટિ અનંગ.’

**‘શ્યામ સમીપે’ પુસ્તકમાંથી સાભાર.**
**પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની**

(ક્રમશઃ)■

વિશેષ

કવિતા યાજ્ઞિક
feedback@ bombaysamachar.com

# આ મંદિરમાં ૧૦૦ વર્ષ જૂનું ઘી પણ બગડતું નથી!





આપણો દેશ મંદિરોનો દેશ છે. પરદેશી વિધર્મી લૂંટારાઓએ હજારો મંદિરોનો ધ્વંસ કર્યો, તેમ છતાં આજે પણ લાખોની સંખ્યામાં મંદિરો આસ્થાની જ્યોત જગાવતા ઊભા છે. ગુજરાતમાં પણ અનેક પ્રાચીન મંદિરો આવેલા છે. જ્યાં મંદિરો હોય ત્યાં ચમત્કૃતિ પણ જોડાયેલી હોય છે. પ્રત્યેક મંદિરમાં દરેક ભક્તનો પોતાનો અનોખો અનુભવ હોય છે. તેના આધારે જ તેની આસ્થા તે સ્થાન સાથે જોડાયેલી હોય છે. ઘણી બાબતોને આપણે અંધશ્રદ્ધા કહીને શંકાની નજરે જોઈ શકીએ છીએ. પણ, જે નરી આંખે દેખાતું હોય તેને કેવી રીતે નકારી શકાય?

આજે આવા જ એક મંદિરની વાત કરવી છે, જ્યાં છેલ્લાં ૬૦૦થી વધુ વર્ષોથી સતત ઘીનો ચઢાવો થાય છે. જેટલું ઘી મંદિરમાં વપરાય છે, તેનાથી વધારે રોજ ચઢાવામા આવે છે. તેમ છતાં, વર્ષોથી સંગ્રહ કરેલું ઘી, બગડતું નથી, કે તેમાં જીવાત પડતી નથી, કે નથી તેમાં કોઈ વાસ બેસી જતી. ગમે તેટલું શુદ્ધ ઘી ઘરમાં અમુક સમય પછી બગડવા લાગે છે. જ્યારે અહીંયા દાયકાઓથી ઘીનો સંગ્રહ કોઈપણ જાતના બગાડ વગર સચવાયો છે!

આ મંદિર છે શ્રી કામનાથ મહાદેવ મંદિર, રઢુ ગામ, ગુજરાતમાં. રઢુ ગામ, ખેડા જિલ્લામાં આવેલું છે, જે અમદાવાદથી લગભગ ૫૦ કિમી અને નડિયાદથી લગભગ ૩૫ કિમી દૂર વાત્રક નદીને કાંઠે આવેલું છે.

આ મંદિરની કથા ઘણી રસપ્રદ છે. ગામમાં એક શિવભક્ત રહેતા હતા, જેમનું નામ હતું જેસંગભાઈ પટેલ. આજથી લગભગ ૬૩૦ વર્ષ પહેલાની વાત છે. પહેલા વાત્રક નદીના બીજા કાંઠે પુનાજ ગામે મહાદેવજીનું મંદિર હતું. જેસંગભાઈનો નિયમ હતો કે મહાદેવના દર્શન કર્યા વિના મોઢામાં અન્નનો દાણો મૂકવો નહીં. એક વખત ચોમાસામાં વાત્રક નદીમાં પૂર આવતા સામે કાંઠે જવાય તેવું રહ્યું નહીં. જેસંગભાઈ પોતાના નિયમ પાલનમાં અડગ હતા. પૂર આઠ દિવસ રહ્યું. પરિણામે આઠ દિવસ સુધી તેમના ઉપવાસ થઇ ગયા. પણ તેઓ ડગ્યા નહીં. મહાદેવના દર્શન વિના પારણાં કરવા તૈયાર નહોતા. કહે છે કે આઠમાં દિવસની રાત્રે તેમને સ્વપ્નમાં ભગવાનના દર્શન થયા અને ભગવાને કહ્યું કે તું પુનાજ ગામના મંદિરેથી ઘીનો દીવો પ્રગટાવીને તારી સાથે મને તારા ગામે લઇ જા.

બીજે દિવસે સવારે જેસંગભાઈએ ગામના વડીલોને સ્વપ્નની વાત કરી. ગામના આગેવાનો શ્રદ્ધાપૂર્વક પુનાજ ગામે ગયા. ત્યાંથી દાદાનો દીવો પ્રગટાવીને નીકળ્યા. તે દિવસે શ્રાવણ વદ-૧૨ હતી. પુનાજ ગામ રઢૂથી આઠ કિલોમીટર થાય. તે દિવો વરસાદ અને પવનમાં પણ અખંડ રહ્યો હતો. ત્યારબાદ અહીં નાની દેરી બનાવી તેમાં દીવાની સ્થાપના સંવત ૧૪૪૫માં કરવામાં આવી હતી. તે દિવસ અને આજનો દિવસ....મહાદેવનો એ દીવો અખંડ ઝળહળી રહ્યો છે. ઈશ્વરની એવી કૃપા કે એક પણ દિવસ દિવા માટે ઘી વેચાતું લાવવું પડ્યું નથી. આ મંદિરના પ્રાંગણમાં યજ્ઞવેદીમાં પણ અગ્નિ હંમેશાં પ્રજ્વલિત રહે છે. જે રીતે મહાદેવના લિંગ ઉપર જળાધારી બંધાય, તેમ યજ્ઞવેદી પર જળાધારી બાંધીને તેમાં ઘીની ધાર થતી રહે છે.

આ ઘી ક્યારેય મંદિરની બહાર લઈ જવામાં આવતું નથી કે અન્ય કોઈ હેતુ માટે ઉપયોગમાં લેવાતું નથી. તેનો ઉપયોગ મંદિરના પ્રાંગણમાં પ્રગટાવવામાં આવતી વલ્લી જ્યોત (પવિત્ર જ્યોત) અને મંદિરના પ્રાંગણમાં કરવામાં આવતા યજ્ઞમાં થાય છે. ભક્તો અહીં શ્રદ્ધાપૂર્વક માનતા માને છે અને તે પૂરી થતાં ઘી ભેટમાં આપે છે, કોઈને પણ ત્યાં શુભ પ્રસંગ હોય ત્યારે પણ મહાદેવના ચરણે ઘી ભેટ અપાય છે. તેને કારણે જેટલું ઘી વપરાય તેનાથી અનેકગણું જમા થતું રહે છે. આ સંકુલમાં ઘી સંગ્રહ માટે સમર્પિત ચાર રૂમ છે, જ્યાં આશરે ૧,૨૦૦ કાળી માટીના ઘડામાં ઘીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. મંદિરમાં દરરોજ ૮ થી ૧૦ કિલો ઘીનો વપરાશ છે. હાલમાં અહીં આશરે ૮૦,૦૦૦ કિલોગ્રામ ઘીનો સંગ્રહ થયેલ છે, જેમાંથી સૌથી જૂનું ૧૦૦ વર્ષનું છે.

સંવત ૨૦૫૬થી શ્રાવણ માસમાં આખો માસ હોમાત્મક યજ્ઞ કરવામાં આવે છે. માટીના ઘડામાં ઢાંકણ ઢાંકીને રાખ્યું હોવા છતાં ઘી બગડતું નથી, દુર્ગંધ આવતી નથી કે જીવાત પડતી નથી, જે એક ચમત્કારથી કમ નથી. શ્રાવણ વદ બારસના દિવસે અહીં જ્યોતિ સ્વરૂપે મહાદેવની સ્થાપના થઇ હોવાથી એ દિવસે અહીં મેળો ભરાય છે. મહાદેવનો વરઘોડો નીકળે છે અને ઉત્સવ ઉજવાય છે. અહીં પાછળથી શિવલિંગ અને મહાદેવની મૂર્તિની પણ સ્થાપના કરવામાં આવી હતી. કહેવાય છે કે, ગુજરાતનું આ એકમાત્ર એવું મંદિર છે, જ્યાં મહાદેવ જ્યોતિ સ્વરૂપે, મૂર્તિ સ્વરૂપે અને લિંગ સ્વરૂપે, એમ ત્રણેય સ્વરૂપે એક સાથે બિરાજમાન છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@

# રામ રસ પ્યાલા હે ભરપૂર...



સંતકવિઓ દ્વારા રચાયેલાં એમાંના રૂપકને કારણે જ ‘પ્યાલો’ એવું પ્રકારનામ ધરાવતાં પોતાની અનુભવ મસ્તીનું ગાન કરતાં ભજનોની સુવિશાળ પરંપરા આપણે ત્યાં સાંભળવા મળે છે. આત્મસાક્ષાત્કાર થાય અને જે અલૌકિક- અવર્ણનીય આનંદમસ્તીની પ્રેમ ખુમારી પ્રગટ થાય એની અભિવ્યક્તિ જુદી જુદી દેશીઓમાં જુદા જુદા રાગ- ઢાળ - તાલ-છંદમાં આવાં ‘પ્યાલા’નું રૂપક લઈને આવતાં ભજનોમાં જોવા મળે છે.

‘રામરસ પ્યાલા હૈ ભરપૂર પીયો રે કોઈ ઘટક ઘટક ઘટક્..‘(કબીર), ‘અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો..’ (રવિસાહેબ), ‘દયા કરીને મું ને પ્રેમે પાયો, મારી નેનુંમાં આયા નૂર, પ્યાલો મેં પીધેલ છે ભરપૂર..’ (દાસી જીવણ), ‘એવો પિયાલો મું ને પાયો રે, ગુરુએ મારે મહેરૂં કરી..’ (લખીરામ),‘મન મતવાલો પ્યાલો ચાખિયો, હે જી પ્યાલો પ્રેમ હૂંદો પાયો..’ (લખીરામ),‘ગુરુજી એ મારે પરા પિયાલો પાયો, જીસમે આનંદ અતિ ઉભરાયો...’(રણછોડ) , ‘અજર પિયાલા પૂરા સંત પીવે રે... હે... જી..’ (સરવણ કાપડી), ‘પ્યાલો ગુરુએ પાયો ને પીધા ભેળી ખબર પડી..’ (ખાનસાહેબના શિષ્ય અરજણ દાસ).

ભક્ત કવિ મામંદે ગાયું છે -

*પ્રેમી ગુરુયેં કરીને પ્યાર, પ્રેમનો પ્યાલો પાયો. પાંચ તત્ત્વનો બનાવ્યો પ્યાલો અનહદ રંગ લગાયો;*
*ખૂબી ભરેલાં કીધાં ખાનાં,*
*સરવે વસ્તુ સમાયો. પ્રેમનો...*
*સિરગુણ સાકર નિરગુણની રે મહામંત્ર મિલાયો,*
*ગુરુગંમની ગરણીથી ગાળ્યો,*
*સોહમ્ દંમ ચલાયો. પ્રેમનો...*
*પીધો પ્યાલો ચડી ખુમારી, આનંદ ઉરમાં આયો;*
*અગર અણી પર ઝળહળ જ્યોતિ આપેઆપ ઓળખાયો. પ્રેમનો...*
*સોહં નામનું નાણું સાચું,*
*કળિજુગ માંહી કમાયો;*
*મામંદને મિયાં અશરફ મળિયા,*
*બ્રહ્મસ્વરૂપ બતાયો. પ્રેમનો...*
*તો મીર મુરાદ ગાય છે -*
*મેરા મુરશિદ મતવાલા રે,*
*મૈંને પિયા ઉસીકા પ્યાલા રે,*
*પ્યાલા પિલાયા, દિયા હાથ શિર પર,*
*નૈન ભયે ગુલાલા રે...*
*માત-પિતા-સૂત અરુ બાંધવ,*
*જૂઠા સબ જંજાલા રે,*
*જો મેરે મુરશિદ કો નહીં માનત,*
*કાફિરકામ કા કાલા રે..*
*કહત મુરાદ મહેર મુરશદ કી,*
*તા સે ખૂલ ગયા તાલા રે...*
*અને દાસ સતારે ગાયું છે -*
*એવી પ્યાલી પીધી મેં તો,*
*મારા સદ્દગુરુને હાથે રે,*
*પીતાં મારે પ્રીત બંધાણી,*
*મારા પ્રીતમજી સંગાથે રે..*
*પ્રેમ તણી લાગી છે અગ્નિ,*
*એ તો પ્રગટી હાડો હાડે રે,*
*અણસમજુ અજ્ઞાની મુજને ગાંડી ગણીને કાઢે રે..*
*પ્રેમે સદ્ગુરૂ મુજને મળિયા,*
*મારો સફલ થયો જન્મારો રે,*
*હું ગાંડી કે દુનિયા ગાંડી,*
*જ્ઞાની આપ વિચારો રે..*
*સ્વામીના તો સુખને બેની પરણેલી સ્ત્રી જાણે રે,*
*શું સમજે કુંવારી કન્યા? એ તો પિયરીયું જ વખાણે રે..*
*‘દાસ સતાર’ સદ્ગુરુ પ્રતાપે, પરણી મોજો માણે રે,*
*જોવું હોય પિયુનું સુખ તો, પરણો વચન પ્રમાણે રે..* ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# આણંદરામની આત્માનુભૂતિનું ગાન

ભાઈ નિરંજન રાજ્યગુરુએ સ્વાતિના સર વડા ગ્રંથમાં સંતસાહિત્યના અમારા શ્રદ્ધેય અભ્યાસી મકરંદ દવેનું વિધાન નોંધ્યું છે કે કબીરના નામ સાથે એક વિશાળ વડ ગુજરાતમાં પાંગર્યો કબીરની બીજકવાણી એથીય વિશેષ રૂપે શાખા-પ્રશાખા ફેલાવતી અને વડવાઈઓ ઝૂલાવતી ગુજરાતને પાવન કરતી હતી. કબીરે વાવેલા અને ભાણ-રવિએ જીવતરમાં ઝીલેલાં એ બીજ કેવા તો વાઙ્મય - વડલો બની કોળી ઊઠ્યાં છે એનું સુપેરે દર્શન થાય છે.

જ્ઞાનીજી અને નીલકંઠદાસજીએ રામ કબીર અને સંત કબીર એમાંથી રામ કબીર દક્ષિણ ગુજરાતમાં આગવી પરંપરા તરીકે પ્રચલિત થયો. નીલકંઠદાસજી શિષ્ય પરંપરામાંના ભાણસાહેબે સતકબીરને રવિભાણ પરંપરા સ્વરૂપે આગવી રીતે-ભાતે જીવંત રાખ્યો. એ પરંપરાના એક સમર્થ શિષ્ય મોરારસાહેબના ભક્ત શિષ્ય આણંદરામ, તેઓ ઓગણીસમી સદીમાં હયાત હતા. જ્ઞાતિએ રાજપુત અને પડધરીના નિવાસી હતા. તેમણે રચેલી રચનાઓ રામજી હીરસાગર સંપાદિત રાજયોગવાણીમાં તથા ભાઈ નિરંજનના લેખોમાં તથા નાથાલાલ ગોહિલ સંપાદિત ભજનસાગરના મોતીમાં મળે છે.

આણંદરામની પદરચનાઓ માત્ર ચારેક જ મળે છે. ભલે અલ્પ માત્રામાં પદો રચ્યા પણ એમની તાત્ત્વિક પીઠિકાનું ઊંડાણ એમાથી પ્રગટે છે. પોતે પોતાના મનને જ જાણે પ્રબોધે છે અને યોગ સાધનામાં લીન રહેવા પ્રેરે છે. ગુજરાતી-હિન્દી સાધુકડી ભાષાનું પદ ભજનિકોને પણ પ્રિય છે એ પદને આસ્વાદીએ.

*અબ તો મનવા મેરા, કરી લે, શુદ્ધ વિચાર, વિચાર..*
*અબ તો ...(ટેક)*

*પરમાત્મા પદ પૂરણ સબ હી, નહિ પાર નહિ ધાર;*
*સ્થાવર જંગમ લોક આદ કે, નામ રૂપ આધાર, આધાર ....૨*



*વેદ સ્મૃતિ સદા પોકારે, વિશ્વ રૂપ કિરતાર;*
*સમ સંતોષ વિચાર શુદ્ધ સંગ, ઓહી મોક્ષકો દ્વાર, દ્વારા....૩*
*વિવેક અરુ વૈરાગ્ય ખટ સંપત્તિ, મુમુક્ષુતા ઉર ધાર;*
*તત્પદ, ત્વંપદ કરો વિચાર, લક્ષાર્થ નિહાર, નિહાર....૪*

*શ્રવણ, મનન, અરુ નિદિધ્યાસન, હોવત સાક્ષાત્કાર;*
*તિમિર નાશ ભયો તતકાલ, સૂરજ કા ઉજિયાર,*
*ઉજિયાર.....૫*

*સોહમ્ સદ્ગુરુ જ્ઞાન બતાયા, મહા વાક્ય અનુસાર;*
*આનંદરામ સદ્ગુરુ મોરાર કે ચરણે, બાંય ગ્રહી લિયો તાર,*
*તાર ...૬*

હે મન ગુરુકૃપાથી સાધનાલીન, સાધનારત રહ્યા પછી હવે શુદ્ધ-બુદ્ધિથી વિચારવાનું છે કે પરમાત્માનું પદ જ પૂર્ણતાની પ્રતીતિ કરાવનારું અને પાર પહોંચાડનારું છે. સ્થાવર-જંગમ, દૃશ્ય-અદૃશ્ય, હરતાં-ફરતાં અસ્તિત્વનો આધાર એ જ છે, એ જ છે.

મોક્ષની પ્રાપ્તિનું દ્વાર તો શુદ્ધ વિચારવાળું મન અને સંતુષ્ટ ભાવ તથા સત્સંગ છે. વેદશાસ્ત્રો-સ્મૃતિ શાસ્ત્રો આ જ બાબત પોકારી-પોકારીને જગતને કહે-સમજાવે છે.

વૈરાગ્ય અને વિવેક તથા છ પ્રકારની સંમતિના ભાવને મુમુક્ષુએ -સાધકે પોતાના હૃદયમાં ધારણ કરવાનો હોય છે તત્પદ-ત્વમ્પદની સ્થિતિએ પહોંચવાનું લક્ષ્ય ધારણ કરીને એને જ નિહાળવાનું-ભાળવાનું-જોવાનું છે.

આત્મ સાક્ષાત્કારની સ્થિતિએ પહોંચવા માટે શ્રાવણ અને પછી સતત એનું જ મનન અને યોગ-સાધનામાં નિદિધ્યાસની ઉપાસનાથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થશે અને અજવાળું - પ્રકાશ પાથરતો સૂર્યોદય થશે.

સદ્ગુરુએ આવું સોહમ વિદ્યાનું જ્ઞાન બતાવ્યું અને એ માર્ગે-પંથે વાળ્યો એને મહાવાક્ય માનીને-ધારણ કરીને એમનો હાથ પકડીને તાર-તાર-વસ્ત્રના તાંતણે-તાંતણાંને આણંદરામ મોરાર ગુરુ કૃપાથી પામી શક્યા.

આણંદરામની આત્માનુભૂતિન, સત્-ઋત તત્ત્વની પ્રાપ્તિની વિગત અહીં તેણે ગાઈ છે. આણંદરામ રવિભાણ પરંપરાની સાધનાધારાનું જ્ઞાન ચીંધતું સાધક વ્યક્તિત્વ હોઈને સદાય સ્મરણમાં રહેશે. ■

વિશેષ પ્લસ

આર. સી. શર્મા
feedback@bombaysamachar.com

# પરંપરા ને વિજ્ઞાનનો સંગમઃ શીતળા અષ્ટમી



શીતળા માતા દેવી દુર્ગાનું જ એક રૂપ છે. તેઓ વાસી ભોજન, ગોળ અને દહીં પ્રસાદ તરીકે ગ્રહણ કરે છે. આ વર્ષે ૧૦ માર્ચે શીતળા સપ્તમી અને ૧૧ માર્ચે શીતળા અષ્ટમી છે. એ દિવસે શીતળા માતાને વાસી ભોજનનો ભોગ ધરવામાં આવતો હોવાથી એને બસોડા પણ કહેવામાં આવે છે. આ પર્વ અતિશય મહત્ત્વનો છે કેમ કે ધાર્મિક આસ્થાની સાથે સ્વાસ્થ્યની વૈજ્ઞાનિક પરંપરા પણ તેની સાથે જોડાયેલી છે.

હોળીના આઠ દિવસ પછી આ તહેવારને ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, બિહાર, હરિયાણા, પંજાબ અને દિલ્હીમાં મનાવવામાં આવે છે. શીતળા માતાને રોગ નિવારણના દેવી તરીકે પણ પૂજવામાં આવે છે. ગામડામાં લીમડાના ઝાડ પર શીતળા માતા માટે જળ ચડાવવામાં આવે છે.

એક સમયે જ્યારે દેશમાં ઓરી, અછબડા બાળકોમાં નીકળતા હતા ત્યારે એને શીતળા માતા સાથે પણ જોડવામાં આવતા હતા. ત્વચાના રોગ અને સંક્રમણથી રક્ષા કરનારી આ દેવી છે. શીતળા શબ્દનો અર્થ છે શીતળતા પ્રદાન કરનાર. શીતળા માતા ગધેડા પર સવાર, હાથમાં ઝાડુ, કળશ અને લીમડાના પાંદડાંની સાથે દેખાય છે.

આ બધાં પ્રતીકો આરોગ્ય સાથે સંકળાયેલા છે એનો અર્થ થાય છે સાફ-સફાઈ, બીમારીઓ અને અશુદ્ધિઓને દૂર કરવા. કળશ જીવન અને સ્વાસ્થ્યનો સ્તોત્ર છે. લીમડાનાં પાંદડાંઓમાં ઔષધિય ગુણ છે જે રોગપ્રતિરોધક છે. તો ગધેડા વિનમ્રતા અને સેવાભાવના પ્રતીક છે.

ભારતમાં અનેક વર્ષો પહેલાં અન્ય સંક્રમક રોગોનો વ્યાપક પ્રકોપ ફેલાયેલો રહેતો હતો. એથી આધુનિક ચિકિત્સા-વિજ્ઞાનનો વિકાસ થયો એ પહેલાં આ બીમારીથી બચવા માટે દેવી-દેવતાઓની પૂજા કરવામાં આવતી હતી. શીતળા માતાની પૂજા પણ આ જ સામાજિક-સ્વાસ્થ્ય સંદર્ભથી જોડાયેલી છે.

સદીઓ પહેલા જ્યારે ગામડાઓમાં ચિકન પોક્સનો ફેલાવો થતો ત્યારે લોકો એમ માનતા કે શીતળા માતાનો તેમના પર પ્રકોપ થયો છે. એથી આ પ્રકોપથી બચવા લોકો તેમની આરાધના કરતાં હતાં. સાથે જ બીમારને ઠંડક આપવા માટે લીમડાના પાંદડાંઓનો ઉપયોગ કરતા હતા. બીમારને લીમડાના ઝાડ નીચે બેસાડવામાં આવતા જેથી તેને ઠંડકની સાથે આરામ પણ મળે.

શીતળા અષ્ટમી ઉજવવાની પાછળ કેટલાંક કારણો પણ છે. જેમ કે, બીમારની રોગોથી રક્ષા, સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવે. આ સાથે જ ઋતુમાં આવેલા પરિવર્તનનું પણ સ્વાગત કરવામાં આવે. શીતળા અષ્ટમીના દિવસે માતાઓ તેમના પરિવાર અને બાળકોની સલામતી માટે પ્રાર્થના કરે છે. સ્મોલપોક્સ ખૂબ ઝડપથી ફેલાય છે. ઘરમાં એકને થાય તો અન્યને પણ એ થતા સમય નથી લાગતો.

શીતળા અષ્ટમીના દિવસે ઠંડો ખોરાક ખાવાની પરંપરા છે. એ દિવસે પૂરી, કઢી-ચોખા, દહીં પકવાન ખાવાની પરંપરા છે. એનાથી શરીરને પણ ટાઢક મળે છે. એનાથી પાચન વ્યવસ્થા પણ સંતુલિત રહે છે.

શીતળા માતાના હાથમાં રહેલા લીમડાનાં પાંદડાં હંમેશાંથી એન્ટિ બેક્ટેરિયલ અને એન્ટિ વાઇરલ રહ્યો છે. એ આપણને અનેક સ્વાસ્થ્ય સુરક્ષાના લાભ આપે છે. એથી શીતળા અષ્ટમી માત્ર એક પર્વ, આસ્થા કે ધર્મ નથી, પરંતુ વિજ્ઞાન સાથેનો પણ અનોખો સંબંધ ધરાવે છે. ■

ફોકસ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# ગણગૌર: શ્રદ્ધા ને સૌંદર્યનો સાંસ્કૃતિક ઉત્સવ



મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ગણગૌર ઉત્સવ ખૂબ શ્રદ્ધા અને ઉત્સાહથી મનાવવામાં આવે છે. આ પર્વ નિમિત્તે માતા પાર્વતી અને ભગવાન શિવની પૂજા થાય છે. ગણનો અર્થ શિવ અને ગૌરનો અર્થ ગૌરી છે. આવી રીતે ગણગૌર શિવ-પાર્વતીના દિવ્ય દાંપત્ય અને સૌભાગ્યનો ઉત્સવ છે.

૪ માર્ચથી ૨૧ માર્ચ સુધી આ ઉત્સવ મનાવવામાં આવશે. ૧૬ દિવસ સુધી ચાલનારા આ ઉત્સવના છેલ્લાં દિવસે ભવ્ય શોભાયાત્રા અને પૂજાનું આયોજન કરવામાં આવે છે.

માતા પાર્વતીએ કઠોર તપસ્યા કરીને ભગવાન શિવને પ્રાપ્ત કર્યા હતા. એથી પરિણીત મહિલાઓ પતિના લાંબા આયુષ્ય અને સુખ-સમૃદ્ધિ માટે ગણગૌરનું વ્રત રાખે છે. આ પર્વ ખરેખર તો સ્ત્રી આસ્થા અને આત્મબળનું પ્રતીક છે. અહીં ગૌરી માત્ર એક દેવી નથી, પરંતુ તે તો એક સંઘર્ષ, સમર્પણ અને પ્રેમની જીવંત પ્રતિમા બનીને અડીખમ ઊભી રહે છે. આ એક લોકજીવનનો ઉત્સવ છે.

ગણગૌર દરમિયાન દરરોજ સાંજે મહિલાઓ પારંપરિક શણગાર સજે છે. સાંજે એકઠી થઈને ગણગૌરનાં ગીતો ગાય છે.

રાજસ્થાનમાં મુખ્યત્વે જયપુર, ઉદયપુર, જોધપુરમાં ગણગૌરની શોભાયાત્રા ભવ્ય હોય છે. હાથી, ઘોડા, લોકનૃત્ય, શાહી વેશભૂષા અને પારંપરિક સંગીત એને સાંસ્કૃતિક મહોત્સવ બનાવે છે. આ ઉત્સવનો આનંદ લેવા માટે તો વિદેશથી પણ પર્યટકો આકર્ષિત થાય છે. એ દરમિયાન જ વિદેશીઓ રાજસ્થાન પહોંચે છે.

વસંતઋતુ સાથે ગણગૌરનો પણ ખાસ સંબંધ છે. ધરતી જ્યારે નવજીવનના રોમાંચથી સજી ઊઠે છે, ખેતરમાં નવા પાક લહેરાય છે, વાતાવરણ નવી ફોરમથી મહેંકી ઊઠે છે એવા વખતે ગણગૌર ઉત્સવ સોનામાં સુગંધ ભળવા સમાન છે. ગણગૌરને સ્ત્રી અને સૃજનનો ઉત્સવ પણ કહેવામાં આવે છે.

ગામડા અને શહેરોમાં મહિલાઓ સાથે મળીને ગણગૌરની પૂજા કરે છે. પિયરથી મહિલાઓને સૌભાગ્યની સામગ્રી, શણગારનો સામાન અને મીઠાઈઓ મોકલવામાં આવે છે.

રાજસ્થાન સરકાર ગણગૌર પર્વને એક સાંસ્કૃતિક પર્યટન તરીકે પણ વિકસિત કરી રહી છે. આ જ કારણ છે કે વિવિધ શહેરો અને કળા કેન્દ્રોમાં ભવ્ય પ્રદર્શન, લોકનૃત્ય અને હસ્તશિલ્પના મેળાનું આયોજન થાય છે. એનાથી સ્થાનિક સ્તરે તો અર્થવ્યવસ્થા મજબૂત થાય જ છે સાથે જ વિદેશી પર્યટકો પણ પર્યટન માટે આકર્ષિત થાય છે.

આ લોક ઉત્સવ ધાર્મિક આયોજનની સાથે-સાથે લોકકળા, શિલ્પ અને સાંસ્કૃતિક ઓળખ બની જાય છે. પારંપરિક ચીજ-વસ્તુઓના વેચાણથી ગ્રામીણ કલાકારો, વણકરો અને કારીગરોને આવક મળે છે. ગણગૌર આપણને શીખવે છે કે શ્રદ્ધામાં શક્તિ છે, સૌંદર્યમાં સંસ્કૃતિ અને એકતામાં સમાજની આત્મા વસે છે.

અનેક ઠેકાણે ગણગૌરની પારંપરિક શોભાર્યાા કાઢવામાં આવે છે. જેમાં શિવ-પાર્વતીની પ્રતિમાને શણગારીને નગર ભ્રમણ કરાવવામાં આવે છે. આ ઉત્સવ સમાજમાં પારિવારિક સુખ, સૌભાગ્ય અને સાંસ્કૃતિક પરંપરાને જાળવી રાખવાનો સંદેશ આપે છે.

ગણગૌર એક એવો હર્ષોલ્લાસનો પર્વ છે જેમાં આસ્થા, ઉમંગ અને ધર્મનો સંગમ જોવા મળે છે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખુ!

# અમદાવાદમાં 'ક્રિકેટ વૉર'નો ફાઇનલ જંગ જીત્યું ભારત, પબ્લિકના પૈસા વસૂલ









અમદાવાદમાં ગઈ કાલે ફાઇનલ પહેલાંની આતશબાજીવાળી શાનદાર ઓપનિંગ સેરેમનીમાં ફાલ્ગુની પાઠક છવાઈ ગઈ હતી. સુખબીર સિંહ અને રિકી માર્ટિને પણ સવા લાખ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ગૃહ પ્રધાન અમિત શાહ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તેમ જ બીજા મહાનુભાવો મૅચ જોવા આવ્યા હતા. એક તરફ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ લોકોના ધસારાથી છલકાઈ ગયું હતું ત્યાં બીજી બાજુ ચેન્નઈના મરીના બીચ પર લોકોની મેદનીએ મેગા સ્ક્રીન પર ફાઇનલ માણી હતી. મૅચ પહેલાં ટ્રોફી સાથે આઇસીસી ચૅરમૅન જય શાહ અને બીસીસીઆઇ પ્રમુખ મિથુન મન્હાસે ૨૦૦૭ વર્લ્ડ કપના વિજેતા એમએસ ધોની તેમ જ ૨૦૨૪ વિશ્વ કપના ચૅમ્પિયન સુકાની રોહિત શર્મા સાથે ટ્રોફી સાથે મેદાન પર આગમન કર્યું હતું. (પીટીઆઇ)

## પાંચ બૉલમાં પાંચ વિકેટઃ ન્યૂ ઝીલૅન્ડના બ્રેટ રૅન્ડલનો રેકોર્ડ




હૅમિલ્ટનઃ ન્યૂ ઝીલૅન્ડ નામ વાંચીને તમે જરૂર ચોંકી ગયા હશો! રવિવારે અમદાવાદમાં ટી-૨૦ વર્લ્ડ કપની બહુચર્ચિત ફાઇનલની ભારતની હરીફ ટીમ ન્યૂ ઝીલૅન્ડનું નામ આવે એટલે સ્વાભાવિક છે કે ભવાં ઊંચા જ થઈ જાય, પરંતુ આપણે જે વાત કરવા જઈ રહ્યા છીએ એ ન્યૂ ઝીલૅન્ડની વર્લ્ડ કપ ટીમના કોઈ ખેલાડીની નહીં, પણ તેના જ દેશના બ્રેટ રૅન્ડલ નામના ફાસ્ટ બોલરની છે જેણે અનેરી સિદ્ધિ હાંસલ કરી છે.

ન્યૂ ઝીલૅન્ડની સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સ નામની ટીમના આ બોલરે નવો ઇતિહાસ રચ્યો છે. વિવિધ દેશોની પ્રથમ કક્ષાની ક્રિકેટના ઇતિહાસમાં ક્યારેય કોઈ બોલરે આજ સુધી સતત પાંચ બૉલમાં પાંચ વિકેટ નહોતી લીધી, પરંતુ ૩૦ વર્ષના રાઇટ-આર્મ ફાસ્ટ બોલર બ્રેટ ગ્રેહામ રૅન્ડલે એ ઉપલબ્ધિ મેળવી છે. ન્યૂ ઝીલૅન્ડની વિવિધ સ્થાનિક ટીમો વતી રમી ચૂકેલા રૅન્ડલે રવિવારે પ્લન્કેટ શીલ્ડ ટૂર્નામેન્ટની નૅપિયરમાં નૉર્ધર્ન ડિસ્ટ્રિક્ટ્સ સામે રમાયેલી મૅચમાં પાંચ બૉલમાં પાંચ વિકેટ લીધી હતી અને આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો પહેલો જ બોલર બન્યો છે. એકંદરે તે આઠ બૉલમાં છ વિકેટ લેનાર પણ પ્રથમ બોલર બની ગયો છે.

ચાર દિવસીય મૅચના પ્રથમ દાવમાં સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સ ૩૭૩ રન પર ઑલઆઉટ થયા બાદ બીજા દિવસે નૉર્ધર્ન ડિસ્ટ્રિક્ટ્સનો દાવ હજી તો શરૂ થયો હતો ત્યાં રૅન્ડલે એ ટીમની છાવણીમાં ઊથલપાથલ મચાવી દીધી હતી. ચાર રન પર એક પણ વિકેટ નહોતી પડી, પરંતુ એ જ સ્કોર પર ધબડકો શરૂ થઈ ગયો હતો અને ૦/૪ના સ્કોર બાદ ૫/૯નો સ્કોર જોવા મળ્યો હતો.

રૅન્ડલે પોતાની બીજી ઓવરના અંતિમ બૉલમાં ઓપનર હેન્રી કૂપર (એક રન)ને ક્લીન બોલ્ડ કર્યો હતો. ત્યાર પછીની ઓવરમાં પાંચ રન બન્યા હતા અને ફરી રૅન્ડલની ઓવર શરૂ થઈ ત્યારે સ્કોર એક વિકેટે નવ રન હતો. ખરો ખેલ તો હવે શરૂ થયો હતો. રૅન્ડલે એ નવી ઓવરના પહેલા ચારેય બૉલમાં વિકેટ લીધી હતી. નૉર્ધર્ન ડિસ્ટ્રિક્ટ્સનો ગુજરાતી કૅપ્ટન જીત રાવલ (છ રન) પણ ક્લીન બોલ્ડ થયો હતો. રૅન્ડલની નવી ઓવરના પ્રથમ બૉલમાં તેની એ બીજી વિકેટ હતી. બીજા બૉલમાં જો કાર્ટર (૦) કૅચઆઉટ થયો હતો. એ રૅન્ડલની ત્રીજી વિકેટ હતી અને તેણે હૅટ-ટ્રિક નોંધાવી હતી. ત્રીજા બૉલમાં રોબર્ટ ઑડોનેલ (૦) કૅચઆઉટ થયો હતો અને રૅન્ડલની એ ચોથી વિકેટ હતી. રોબર્ટ પૅવિલિયનમાં જઈને માંડ સેટ થયો ત્યાં તો તેનો સાથી ખેલાડી ક્રિસ્ટિયન ક્લાર્ક (૦) ક્લીન બોલ્ડ થઈને પાછો આવી ગયો હતો. આમ, રૅન્ડલે પાંચ બૉલમાં પાંચ બૅટ્સમેનને પૅવિલિયન ભેગા કરીને વિશ્વવિક્રમ રચ્યો હતો.

રૅન્ડલ ૩.૫ ઓવરમાં પચીસ રનમાં સાત વિકેટ લઈ ચૂક્યો હતો.■

## ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફીનું છે જયપુર કનેક્શન!


અમદાવાદ/જયપુરઃ આઇસીસી ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલ પર દુનિયાભરની નજર હતી તથા ત્રણ-સાડાત્રણ કલાક પછી એની ટ્રોફી પણ કેન્દ્રસ્થાને રહી હતી અને ટ્રોફીની વાત નીકળી જ છે તો કહી દેવાનું આ આઇસીસી ટ્રોફીનું જયપુર શહેર સાથે બહુ સારું કનેક્શન છે.

આ ટૂર્નામેન્ટ મહિના પહેલાં શરૂ થઈ અને હવે ટ્રોફી પણ એનાયત થઈ એટલે જણાવી દેવાનું કે બહુ ઓછા લોકોને ખબર હશે કે જયપુરના ટ્રોફી ડિઝાઇનર અમિત પબુવાલે આ ટ્રોફી બનાવી છે. તેમણે એવું પણ કહ્યું છે કે ઑસ્ટ્રેલિયાના મિનેલ બ્રાયસે આ ટ્રોફી માટેનો પ્રારંભિક કન્સેપ્ટ તૈયાર કર્યો ત્યાર બાદ ટ્રોફી જયપુરમાં તેમણે (અમિતે) બનાવી હતી.

આ ટ્રોફી સાથે ચૅમ્પિયન ટીમને ત્રણ મિલિયન ડૉલર (અંદાજે ૨૭.૪૮ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ અપાશે. આ ટ્રોફીની ડિઝાઇન આઉટલાઇન નક્કી થઈ ગઈ ત્યાર બાદ આઇસીસીએ અમિત પબુવાલને ટ્રોફી બનાવવાનો કૉન્ટ્રૅક્ટ આપ્યો હતો.

પબુવાલે આ પહેલાં ક્રિકેટ માટેની વિશ્વની સૌથી મોટી ચાંદીની 'ફ્રેન્ડશિપ કપ' ટ્રોફી બનાવી હતી અને એને આધારે જ આઇસીસીએ ટી-૨૦ વર્લ્ડ કપ ટ્રોફી બનાવવાનો કૉન્ટ્રૅક્ટ તેમને આપ્યો હતો. પબુવાલે પીટીઆઇને કહ્યું, 'આઇસીસીએ પહેલાં તો ટિટેનિયમ અને કાચના મિશ્રણથી બનાવવાનું વિચાર્યું હતું કે જેથી એ ઝડપી તથા આધુનિક સ્ટાઇલની ટી-૨૦ ક્રિકેટનું પ્રતિબિંબ પાડી શકે. જોકે ધાતુ સાથે કાચનું મિશ્રણ થવાથી ઘણી વાર કાચનો ભાગ તૂટી જતો હોવાથી ટેક્નિકલી એ કન્સેપ્ટનો અમલ કરવો મુશ્કેલ થઈ ગયું હતું. ઘણી અજમાયશો બાદ મેં આઇસીસીને કહ્યું કે આ મિશ્રણ ઠીક નથી. છેવટે પ્લેટિનમના પ્લેટિંગવાળી સિલ્વરની ટ્રોફી બનાવવાનું નક્કી થયું હતું. આ ટ્રોફી ખૂબ ટકાઉ અને આકર્ષક છે. ૨૧ ઇંચ ઊંચી અને છ કિલોગ્રામ વજનની ઑરિજિનલ ટ્રોફી આઇસીસીના હેડક્વૉર્ટર્સમાં જ રાખી મૂકવામાં આવે છે અને વિજેતા ટીમને એવી જ ટ્રોફીની રેપ્લિકા આપવામાં આવે છે.' ■

## બ્રિટનનો જ્યોર્જ રસેલ જીત્યો ફૉર્મ્યુલા-વન ઑસ્ટ્રેલિયન ગ્રાં પ્રિ




મેલબર્નમાં આયોજિત રેસિંગ સીઝનની સૌપ્રથમ સ્પર્ધા ફૉર્મ્યુલા-વન ઑસ્ટ્રેલિયન ગ્રાં પ્રિમાં બ્રિટનના જ્યોર્જ રસેલે વિજય હાંસલ કર્યો હતો. મર્સિડિઝના રસેલે આ રેસ ૧:૨૩:૦૬.૮૦૧ના ટાઇમિંગમાં પૂરી કરી હતી અને પ્રથમ સ્થાને રહેવાની સાથે તેણે ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. તેની જ ટીમનો એ. કે. ઍન્ટૉનેલી બીજા નંબરે રહ્યો હતો. તેણે આ રેસ પૂરી કરવામાં રસેલ કરતાં ૨.૯૭૪ સેકન્ડનો વધુ સમય લીધો હતો. ભૂતપૂર્વ ચૅમ્પિયન ચાર્લ્સ લેકલર્ક ત્રીજા સ્થાને હતો. તેને રેસ પૂરી કરવામાં રસેલ કરતાં ૧૫.૫૧૯ સેકન્ડનો વધુ સમય લાગ્યો હતો. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | |
| | ■ | ૬ | | ■ | ૭ | | ■ | | ■ |
| ■ | ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ | ■ |
| | ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | | ૧૬ |
| ૧૭ | | | | ■ | ૧૮ | ■ | | ■ | |
| ■ | ■ | | ■ | ૧૯ | | ■ | ■ | ૨૦ | |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | | ■ | ૨૪ | | ■ |
| ■ | | ■ | ૨૫ | | ■ | ૨૬ | | ■ | ૨૭ |
| ૨૮ | | | | ■ | ૨૯ | | | | |

### આડી ચાવી

૧. નજર ચૂકાવી પારકી વસ્તુ ઉચાપત કરી જનાર (૫)
૪. નિર્વાહ, ગુજારો (૪)
૬. આબરૂ (૨)
૭. સ્ત્રી (૨)
૮. મિજાજ, અહંકાર (૨)
૯. યજ્ઞ (૩)
૧૦. સાર, રહસ્ય (૨)
૧૧. ચામડી (૨)
૧૨. લાલ (૨)
૧૫. --- કરવી=હા ના કરવી (૪)
૧૭. માસિક પગાર (૪)
૧૯. બિલાડીનો ભાણેજ (૨)
૨૦. સોબતી, સાથી (૨)
૨૧. દુર્ગંધ (૨)
૨૩. દોઢ ડહાપણ કરનારું, ચિબાવલું (૩)
૨૪. પાર, છેડો (૨)
૨૫. કમ્મર, કટિ (૨)
૨૬. પિતામહ (૨)
૨૮. હવા ઉજાશ વગરનું (૪)
૨૯. સહેલાઈથી મળે તેવું (૫)

### ઊભી ચાવી

૧. ઊંચું, ચડિયાતું (૨)
૨. --- ગગન વિશાલ, નીચે ગહેરા પાતાળ (૩)
૩. ગાયન, ગાણું (૨)
૪. અભિમાન, ગર્વ (૩)
૫. આરામ, વિસામો (૩)
૭. --- તું ને વૈદે કહ્યું (૩)
૮. બોલમાં --- હોવો જોઈએ (૨)
૯. રખડતું, ધણી ધોરી વિનાનું (૩)
૧૧. પતિ, માલિક (૩)
૧૩. બક્ષિસ, યોગ્યતાની કદરમાં મળતી ભેટ (૩)
૧૪. હવાઈજહાજ (૩)
૧૬. તંદુરસ્ત (૩)
૧૮. બધું, તમામ (૩)
૧૯. સમાચાર, ભાળ (૩)
૨૦. સાધુ પુરુષ (૨)
૨૨. સાધુ સન્યાસીનું મરણ (૩)
૨૩. નોકર (૩)
૨૪. અડસટ્ટો (૩)
૨૬. બળતરા (૨)
૨૭. સાત (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગિ | રા | ■ | ૨ ગૌ | પા | લ | ૩ ક | ■ | ૪ ગં | ૫ ધ |
| રિ | ■ | ૬ ગો | ર | ■ | ■ | ૭ હા | ટ | ■ | ન |
| ■ | ૮ વે | ■ | ૯ વ | ૧૦ ધા | ૧૧ મ | ણી | ■ | ૧૨ ફા | ■ |
| ૧૩ કા | ળ | ૧૪ પ | ■ | ૧૫ ર | ઢ | ■ | ૧૬ ગો | કી | રો |
| ઢો | ■ | ૧૭ ત | ર | ણા | ■ | ■ | ર | ■ | ■ |
| ■ | ■ | રા | ■ | ■ | ૧૮ આ | ક્ષે | પ | ■ | ૧૯ ના |
| ૨૦ હ | ૨૧ રા | જી | ■ | ૨૨ શો | ભા | ■ | ૨૩ હું | ૨૪ દ | ભિ |
| ■ | હ | ■ | ૨૫ ખ | ર | સ | ૨૬ ટ | ■ | ક્ષ | ■ |
| ૨૭ કા | ■ | ૨૮ દં | ડ | ■ | ■ | ૨૯ પા | ડ | ■ | ૩૦ હો |
| ૩૧ જી | ર્ણ | ■ | ૩૨ ક | લ | બ | લ | ■ | ૩૩ ઠા | ઠ |

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઝાંખું | સુલેહ |
| ઝાઝું | અમૃત |
| ઝેર | મંદ |
| ઝઘડો | પ્રકાશિત |
| ઝડપી | થોડું |

### માતૃભાષાની મહેક

સમુદ્ર સાત હોવાની માન્યતા છેઃ ક્ષીરોદધિ (દૂધનો સમુદ્ર), ઇક્ષુરસોદધિ (ઇક્ષુ એટલે શેરડી - શેરડીના રસ જેવું મીઠું પાણી હોવાની માન્યતા ધરાવતો સમુદ્ર), સુરોદધિ (સુરાનો સમુદ્ર), ઘૃતોદધિ (ઘૃત એટલે ઘી - ઘીનો સમુદ્ર, એના પાણીમાં ઘીનું સત્વ હોવાની માન્યતા છે) દધિમંડોદધિ (દહીંનો સમુદ્ર), શુદ્ધોદધિ (મીઠા પાણીનો સમુદ્ર)અને ક્ષારોદધિ (ખારો સમુદ્ર).

### ગુજરાત મોરી મોરી રે

સોથી વધારે ગામડાને પાણી પહોંચાડતા બનાસકાંઠાના જિલ્લાના ડેમનું નામ જણાવો. આ બંધ બનાસ નદી પર આવેલો છે.

અ) કડાણા  બ) કલ્પસર
ક) મધુવંતી  ડ) દાંતીવાડા

### ઈર્શાદ

*સૂમસામ માર્ગ પર હજી તાજી સુગંધ છે,*
*કોઈ કહો, વસંતની ક્યાં પાલખી ગઈ ?*
*--- ભગવતીકુમાર શર્મા*

### ઓળખાણ પડી?



આણંદ જિલ્લાના કયા શહેરમાં ૪૦૦ વર્ષ જૂનું સ્વયંભૂ બાપેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે એની ઓળખાણ પડે છે ખરી?

અ) સોજીત્રા  બ) કરમસદ  ક) વાસણા  ડ) ઉમરેઠ

### ચતુર આપો જવાબ અર્થ જણાવો

'મહેશને કામ પ્રત્યે લગાવ ઘણો છે' પંક્તિમાં લગાવનો અર્થ શું થાય એ જણાવો.

અ) અઘરું  બ) પ્રેમ  ક) લત  ડ) અણગમો

### માઈન્ડ ગેમ

વિવિધ દેશના આર્થિક વ્યવહારમાં અલગ અલગ ચલણ હોય છે. ઉગતા સૂર્યના દેશ ગણાતા જાપાનમાં કયું ચલણ અસ્તિત્વમાં છે?

અ) પાઉન્ડ  બ) યેન  ક) દીનાર  ડ) રિયાલ

### સુડોકુ-૯૨૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | | ૯ | | | | | |
| ૧ | ૮ | | | ૨ | ૩ | | | |
| ૯ | ૫ | | | ૧ | ૪ | | | |
| | ૪ | | | | ૬ | | | ૭ |
| ૫ | ૭ | | | | | | ૬ | ૪ |
| ૨ | | | ૪ | | | | ૩ | |
| | | | ૫ | ૬ | | | ૯ | ૮ |
| | | | ૧ | ૪ | | | ૫ | ૬ |
| | | | | | ૯ | | ૭ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ | ૯ | ૧ |
| ૪ | ૨ | ૯ | ૧ | ૬ | ૩ | ૫ | ૮ | ૭ |
| ૧ | ૮ | ૫ | ૪ | ૭ | ૯ | ૨ | ૩ | ૬ |
| ૩ | ૪ | ૬ | ૫ | ૮ | ૭ | ૯ | ૧ | ૨ |
| ૫ | ૭ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ | ૪ | ૩ |
| ૨ | ૯ | ૧ | ૬ | ૩ | ૪ | ૮ | ૭ | ૫ |
| ૬ | ૩ | ૭ | ૮ | ૯ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૮ | ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૫ | ૯ |
| ૯ | ૫ | ૪ | ૭ | ૧ | ૨ | ૩ | ૬ | ૮ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જોખમ | સલામતી |
| જોડાણ | ભંગાણ |
| જોબન | ઘડપણ |
| જોરાવર | કમજોર |
| જોશીલું | ઢીલું |

**ગુજરાત મોરી મોરી રેઃ** રાજકોટ

**ઓળખાણ પડી?** વિયેતનામ

**માઈન્ડ ગેમ :** યેન

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** દુનિયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) ભારતી બુચ (૧૩) હર્ષા મહેતા (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનલ કાપડિયા (૧૯) કિરીટ છેડા (૨૦) ચેતના છેડા (૨૧) પ્રવીણ વોરા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મહેશ સંઘવી (૨૫) ભરત કજરિયા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) અંજુ ટોલિયા (૨૯) અરવિંદ કામદાર (૩૦) ભાવના કર્વે (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અલકા વાણી (૩૪) ડાયના સંતોકે (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) પુષ્પા ખોના (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) મહેશ દોશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ

## ‘લાડકી બહિણ’ યોજના અંતર્ગત મહિલાઓને હવે મળશે લોન

ભાયંદર: મહિલાઓના આર્થિક સશક્તીકરણને વધુ મજબૂત કરવા માટે ‘લાડકી બહિણ’ યોજનાને સરકારની અન્ય યોજનાઓ સાથે જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માધ્યમથી મહિલાઓને વિવિધ વ્યવસાયો અને પ્રવૃત્તિ માટે લોન ઉપલબ્ધ કરી આપવામાં આવશે, તેવી જાહેરાત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ યોજનાઓ અને સબસિડીની સમીક્ષા કરતાં એવું જોવા મળ્યું છે કે, સામાન્ય લોન યોજનાઓનો ચુકવણી દર લગભગ ૫૦ ટકા છે. જોકે સ્વ-સહાય જૂથો અથવા અન્ય માધ્યમો દ્વારા મહિલાઓને આપવામાં આવતી લોનનો ચુકવણી દર ૯૯ ટકાથી વધુ છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે, મહિલાઓમાં લોનનો યોગ્ય ઉપયોગ કરીને સક્ષમ અર્થતંત્ર ઊભું કરવાની ક્ષમતા રહેલી છે.

આ પૃષ્ઠભૂમિમાં, ‘લાડકી બહિણ’ યોજના હેઠળ ફક્ત મહિલાઓને નાણાકીય સહાય આપવાને બદલે આ યોજનાને અન્ય સરકારી યોજનાઓ સાથે જોડવાનો

(જુઓ પાનું ૪) ▶▶

## છ વર્ષ પૂર્ણ થયા બાદ જ પહેલા ધોરણમાં એડમિશન

### રાજ્ય સરકારે નવી માર્ગદર્શિકા જાહેર કરી

પુણે: પહેલા ધોરણમાં પ્રવેશ માટે પાત્ર બનવા માટે વિદ્યાર્થીઓએ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬સુધીમાં છ વર્ષ પૂર્ણ કરવા આવશ્યક છે. આ નિયમ સરકારી, ગ્રાન્ટ મેળવતી અને ખાનગી શાળાઓને લાગુ પડશે.

શાળા પ્રવેશ અંગેના એક મોટા નિર્ણયમાં, મહારાષ્ટ્ર શાળા શિક્ષણ વિભાગે પહેલા ધોરણમાં પ્રવેશ માટે પાત્રતાના નિયમોમાં સુધારો કર્યો છે. ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષથી શરૂ કરીને, ફક્ત છ વર્ષ પૂર્ણ કરનારા બાળકો જ પ્રથમ ધોરણમાં પ્રવેશ માટે પાત્ર બનશે.

નવી માર્ગદર્શિકા અનુસાર, આગામી શૈક્ષણિક વર્ષમાં પહેલા ધોરણમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં છ વર્ષના થવા જોઈએ. સરકારે રાજ્યભરની તમામ શાળાઓને કોઈપણ છૂટછાટ વિના આ નિયમનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે.

નિયમ બધી શાળાઓને લાગુ પડે છે. સુધારેલા વયના માપદંડ મહારાષ્ટ્રભરની તમામ સરકારી, સહાયિત અને ખાનગી શાળાઓને લાગુ પડશે. શિક્ષણ વિભાગે શાળાઓને નવી પ્રવેશ નીતિના અમલ વિશે માહિતી આપતો પરિપત્ર જારી કર્યો છે. અગાઉ, કેટલીક શાળાઓ શૈક્ષણિક વર્ષ શરૂ

(જુઓ પાનું ૪) ▶▶



**વર્લ્ડ રેકર્ડ:** ડોમ્બિવલીમાં ૯,૧૧૧ મહિલાઓએ એકસાથે લેઝીમ રમીને ગિનેસ વર્લ્ડ રેકર્ડ બનાવ્યો હતો.

### કોસ્ટલ રોડ પર ‘જય હો’ની ધૂન સામે સ્થાનિકોની ફરિયાદ

## પાલિકા હવે અવાજના ડેસિબલનો અભ્યાસ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોસ્ટલ રોડના ઉત્તર તરફના પટ્ટામાં સવારના છ વાગ્યાથી મધરાત સુધી મ્યુઝિકલ રોડ પર ‘જય હો’ની ધૂનનો અવાજ સંભળાવવાની બ્રીચ કેન્ડીના રહેવાસીઓની ફરિયાદ બાદ આખરે મુંબઈ મહાનગરપાલિકાએ અવાજના ડેસિબલનો અભ્યાસ કરવા અને સમસ્યાનો ઉકેલ લાવવા માટે કન્સલટન્ટને નિર્દેશ આપ્યો છે.

દેશના સૌ પ્રથમ મ્યુઝિકલ રોડનું ઉદ્ઘાટન ૧૧ ફેબ્રુઆરીના કરવામાં આવ્યું હતું. કોસ્ટલ રોડ પર જ્યારે વાહનો નિર્ધારિત ઝડપે પસાર થાય છે ત્યારે ‘જય હો’ની ધૂન વાગે છે. આ નવતર પ્રયોગથી વાહનચાલકો ખુશ હતા પણ આ પ્રયોગ સામે બ્રીચ કેન્ડીના રહેવાસીઓએ વિરોધ કર્યો હતો. ગયા મહિને ૬૫૦થી વધુ રહેવાસીઓએ આ ધૂનને બંધ કરવાની વિનંતી કરતી ઔપચારિક ફરિયાદ લેખિતમાં કરી હતી. આખો દિવસ રોડ પરથી આવતા અવાજને કારણે શાંતિ ભંગ થઈ ગઈ હોવાની ફરિયાદ સ્થાનિકોએ કરી હતી.

સ્થાનિકોએ કમિશનરને પત્ર લખ્યો છે, જેમાં સ્થાનિકો ફરિયાદ કરી છે કે મેલોડી રોડને કારણે તેમની શાંતિ ભંગ થઈ ગઈ છે. અવાજને કારણે તેઓ ઘરની બારી ખુલ્લી રાખી શકતા નથી. તેમના ઘરમાં સતત કર્કશ અવાજ આવતો હોય છે, જેનાથી નાના બાળકો અને સિનિયર સિટિઝનને ત્રાસ થઈ રહ્યો છે. પાલિકાના ઉચ્ચ અધિકારીએ આ

(જુઓ પાનું ૪) ▶▶

### સેમિ ફાઈનલ મેચની ટિકિટોના કાળાબજાર

## દક્ષિણ મુંબઈની કૉલેજના શિક્ષક સહિત ચારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વાનખેડે સ્ટેડિયમ ખાતે ટી-૨૦ વર્લ્ડ કપની ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ગુરુવારે થયેલી સેમિ ફાઇનલ મેચની ટિકિટોના કાળાબજાર પ્રકરણે ડી.બી. માર્ગ પોલીસે ચાર જણની ધરપકડ કરી હતી, જેમાં દક્ષિણ મુંબઈની કોલેજના શિક્ષકનો સમાવેશ છે.

ડી.બી. માર્ગ પોલીસે આ પ્રકરણે ધરપકડ કરેલા ચારેયની ઓળખ વિલે પાર્લેના આદિત્ય મિલિંદ રાવરાણે (૨૬), અંધેરી, એમઆઇડીસીના મેઘન સંદેશ પ્રધાન (૩૨), કૈવલ્ય ચંદ્રશેખર થિટે અને ઘાટકોપરના સાગર અર્જુન તોડકર (૪૦) તરીકે થઇ હતી. ચારેય જણ હાલ પોલીસ કસ્ટડીમાં હોઇ તેમની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સાગર તોડકર દક્ષિણ મુંબઈની કોલેજનો શિક્ષક છે.

વાનખેડે સ્ટેડિયમમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની સેમિ ફાઇનલ મેચની એમસીઓ પાસેથી ઓછી કિંમતે અને કોમ્પ્લીમેન્ટરી તરીકે પ્રાપ્ત ટિકિટો તેની મૂળ કિંમત કરતાં વધુ કિંમતે વેચીને આયોજકો તથા અન્યો સાથે છેતરપિંડી આચરવા પ્રકરણે ડી. બી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા અને મુંબઈ પોલીસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરહાયો હતો.

દરમિયાન આ પ્રકરણે કરાયેલી તપાસમાં ઉપરોક્ત ચારેયની સંડોવણી હોવાનું સામે આવ્યું હતું, જેને પગલે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓએ ટિકિટ કઇ વ્યક્તિઓને વેચી હતી, તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી હોઇ ગુનામાં સામેલ અન્ય લોકોની પોલીસ શોધ ચલાવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## કાલાઘોડાનો સુશોભીકરણ પ્રોજેક્ટ અંતિમ તબક્કામાં

### માર્ચના અંત સુધીમાં ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈનો પ્રખ્યાત અને પર્યટકોનું માનીતું સ્થળ ગણાતા કાલા ઘોડાનો કાયાપલટ કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનું કામ અંતિમ તબક્કામાં હોઈ માર્ચ મહિના અંત સુધીમાં કામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. મુંબઈની કલા રાજધાનીનો કાયાપલટ કરવાનો પ્રોજેક્ટ

(જુઓ પાનું ૪) ▶▶

## ...તો રાજ્યમાં લાખો રેશનકાર્ડ રદ થશે

### સરકાર તરફથી નવા નિયમો

મુંબઈ: કેન્દ્ર અને રાજ્ય સરકારે રેશનકાર્ડના નિયમોમાં મોટા ફેરફારો કર્યા છે. વન નેશન વન રાશન કાર્ડની વિભાવનાને વધુ અસરકારક બનાવવા માટે, ૧ એપ્રિલ, ૨૦૨૬ થી રાશન કાર્ડના નિયમોમાં મોટા ફેરફારો કરવામાં આવશે. આ નવા ફેરફારોથી દેશના લાખો અપાત્ર લાભાર્થીઓના નામ રાશન યાદીમાંથી કાયમ માટે દૂર થવાની

(જુઓ પાનું ૪) ▶▶

## અમિત શાહના સચિવના સ્વાંગમાં છેતરપિંડી આચરનારો પકડાયો

મુંબઈ: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ખાનગી સચિવના સ્વાંગમાં પોલીસ અધિકારીઓનો સંપર્ક સાધી કેસની તપાસમાં પોતાની વગ વાપરવા બદલ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ૪૧ વર્ષના શખસની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ મોહંમદ તારિક પઠાણ તરીકે થઇ હોઇ તે ખાસ કરીને ગુનો દાખલ કરાવવા તેમ જ આરોપીઓને રાહત અપાવવા પોલીસ અધિકારીઓને સંપર્ક કરતો હતો, એવું તપાસમાં જાણવા મળ્યું હતું.

રત્નાગિરિના ખેડના રહેવાસી પઠાણને વાશીમાં એપીએમસી માર્કેટ નજીકની હૉટેલમાંથી શનિવારે ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીએ આ રીતે કેટલા કેસ પર પ્રભાવ પાડ્યો છે અને કોની કોની પાસેથી રૂપિયા લીધા છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

પઠાણપાસે આવતા ફોજદારી કેસના આરોપીઓ કેસમાં સેટિંગ કરવા માટે કહેતા હતા. આ સામે પઠાણ રૂપિયા લને સંબંધિત પોલીસ અધિકારીનો સંપર્ક સાધતો હતો અને કેસ પર પ્રભાવ પાડતો હતો. તે સિમકાર્ડ પણ સતત બદલ્યા કરતો હતો. પોલીસ અધિકારીને કૉલ કરવા પૂર્વે ‘પીએસ ટુ એમએચએ’ નામે ફોન સેવ કરી રાખતો હતો. તે જુદા જુદા રાજ્યમાંથી અન્ય લોકોને નામે સિમકાર્ડ લેતો હતો. ૧ માર્ચે આરોપીએ દિલ્હીના કોનોટ પ્લેસ પોલીસ સ્ટેશનના અધિકારીનો સંપર્ક સાધ્યો હતો, જે મુંબઈમાં ગ્રાન્ટ રોડ ખાતે એક મહિલા સામે સમન્સ બજાવવા આવવાનો હતો. આરોપીએ પોલીસ અધિકારીને કૉલ કરી કહ્યું હતું કે પોતે અમિત શાહનો ખાનગી સચિવ છે અને મહિલાને કોઇ મુશ્કેલી થવી ન જોઇએ.

## જ્યાં સુધી હું સાથે છું, ત્યાં સુધી મોદી જ વડા પ્રધાન રહેશે : રામદાસ આઠવલે

મુંબઈ: રાજ્યસભામાં ફરી એકવાર ચૂંટાયેલા રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આરપીઆઇ)ના નેતા રામદાસ આઠવલે પોતાની ત્વરિત કવિતાઓ અને રાજકીય કટાક્ષો માટે જાણીતા છે. હાલમાં ધૂળેમાં તેમણે કરેલા એક નિવેદનથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી હતી.

રાજ્યસભામાં ચૂંટાયા બાદ તેઓ શનિવારે ધુળેના પ્રવાસે હતા. અહીં બેઠક દરમિયાન તેમણે કહ્યું કે, હું સંસદમાં બેસીને કવિતાઓ કરું છું. તેના કારણે આજે વિશ્વભરમાં મારા ચાહકો તૈયાર થયા છે. મારી લોકપ્રિયતા સતત વધી રહી છે. હું જેની સાથે હોઉં છું તેઓ સત્તામાં હોય છે. હું સાથે હોઉં એટલે તે પક્ષને ૧૦૦ ટકા સત્તા મળે છે, આ અત્યાર સુધીનો ઇતિહાસ રહ્યો છે. તેમાં બદલાવની કોઈ શક્યતા નથી, એવો દાવો આઠવલેએ કર્યો હતો.



હેપી વિમેન્સ ડે: વર્લ્ડ વિમેન્સ ડે નિમિત્તે રવિવારે મેટ્રો એકવા લાઈનમાં મહિલા સ્ટાફે સેવા આપીને નોખી રીતે ઉજવણી કરી હતી. (અમય ખરાડે)

## અલગ-અલગ પુરુષો સાથે લગ્ન કરવા મહિલા પર દબાણ: રૅકેટ ચલાવનારા ચારની ધરપકડ

બીડ: લાતુર જિલ્લાની મહિલાને અલગ-અલગ પુરુષો સાથે લગ્ન કરવા માટે દબાણ કરીને કમિશન પેટે લાખો રૂપિયા કમાનારા ચાર જણની ધરપકડ કરવામાં આવી હતી.આષ્ટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર શરદ ભુતેકરે કહ્યું હતું કે લાતુર જિલ્લાના કાનડી (બુદ્રુક) ગામમાં ચોથા લગ્ન માટે દબાણ કરવામાં આવતાં પીડિતાએ શુક્રવારે સાંજે ઝેર પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, જેને પગલે આ મામલો પ્રકાશમાં આવ્યો હતો.

પોલીસે આ પ્રકરણે તુળજાપુર અને પુણેથી મહિલા, તેના પતિ સહિત ચાર જણની ધરપકડ કરી હતી. પકડાયેલી મહિલા સોદા કરતી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.પતિ દ્વારા અપાતા ત્રાસને કારણે પીડિતા છેલ્લાં બે વર્ષથી લાતુર જિલ્લામાં પોતાનાં માતા-પિતા સાથે રહેતી હતી. આ સમયગાળામાં તે લાતુરમાં રહેતી મહિલાના સંપર્કમાં આવી હતી, જેણે બાદમાં પીડિતાની મુલાકાત પુણેના હડપસરમાં રહેતી બીજી મહિલા સાથે કરાવી હતી અને તેણે પીડિતાના લગ્ન ગોઠવી આપવાનું આશ્વાસન આપ્યું હતું.

પીડિતાના બીજા લગ્ન કરાવી આપવાનું કહીંને તેને પુણે લઇ જવામાં આવી હતી, જ્યાં કાત્રજ વિસ્તારના શખસ સાથે લગ્ન કરવા માટે તેના પર દબાણ કરાયું હતું. શખસ પાસેથી આરોપીઓએ પાંચ લાખ રૂપિયા લીધા હતા.

લગ્નના ૧૦ દિવસ બાદ પીડિતાને પુણે જિલ્લાના કુરકુંભ વિસ્તારના રહેવાસી સાથે લગ્ન કરવા માટે ફરી દબાણ કરાયું હતું, જેની પાસેથી ૪.૫ લાખ રૂપિયા લેવામાં આવ્યા હતા.

## વિમાનનો ‘તે’ વીડિયો શેર કર્યો, પત્રકાર પરિષદ રદ કરી: જય પવારના મનમાં શું છે?

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના દિવંગત નેતા અને ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું વિમાન અકસ્માતમાં નિધન થયાને એક મહિનો પૂર્ણ થયો, પરંતુ હજુ પણ કેટલાક પ્રશ્નો વણઉકેલ્યા જ છે.

રાષ્ટ્રવાદીના વિધાનસભ્ય રોહિત પવારે આ મામલે અનેક ગંભીર આરોપો કર્યા છે. ત્યારબાદ હવે અજિત પવારના પુત્ર જય પવાર પત્રકાર પરિષદ યોજવાના હતા, પરંતુ, આ પ્રેસ કોન્ફરન્સ હવે મુલતવી રાખવામાં આવી હોવાથી રાજકીય ચર્ચાઓ તેજ બની હતી. જય અજિતદાદા પવારે જાહેરાત કરી હતી કે તેઓ ૯ માર્ચે પ્રેસ કોન્ફરન્સ કરશે. અજિતદાદાના મૃત્યુ પછી આ પહેલી વાર છે જ્યારે જય પવાર મીડિયા સામે આવવાના હતા અને તેઓ કયા મુદ્દા પર પ્રેસ કોન્ફરન્સ કરશે તે અંગે તર્ક વિતર્ક ચાલી રહ્યા હતા.

દરમિયાન જય પવારે છ દિવસ પહેલા સોશ્યલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં એક પાયલોટ સીટ પર સૂઈ રહ્યો હતો.

વિમાન હવામાં ઉડતું હતું ત્યારે તે સૂઈ રહ્યો હતો. એવું બહાર આવ્યું હતું કે પાયલોટ સીટ પર સૂતો વ્યક્તિ રોહિત સિંહ હતો.

રોહિત સિંહ વીએસઆર કંપનીની એરલાઇનનો માલિક છે. આ વીડિયો શેર કરતા જય પવારે રોહિત સિંહની ધરપકડની માગ કરી હતી. આ કેસમાં તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ, જ્યાં સુધી સંપૂર્ણ તપાસ ન થાય ત્યાં સુધી તમામ વીએસઆર વિમાનોને તાત્કાલિક ગ્રાઉન્ડ કરવા જોઈએ અને રોહિલ સિંહની તાત્કાલિક ધરપકડ અને કડક કાનૂની કાર્યવાહી કરવી જોઈએ, એવી જય પવારે અપીલ કરી હતી.

## પાકિસ્તાની નાગરિકોને યુદ્ધ જહાજો, સબમરીનની માહિતી આપનાર એન્જિનિયરના જામીન નકારાયા

મુંબઈ: થાણેની કોર્ટે પાકિસ્તાની નાગરિકોને યુદ્ધ જહાજો તેમ જ સબમરીન વિશેની માહિતી પૂરી પાડવા બદલ પકડાયેલા જુનિયર સર્વિસ એન્જિનિયરને જામીન આપવાનો ઇનકાર કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે નૌકાદળના સંસ્થાનો સંબંધિત ગુનો ગંભીર સ્વરૂપનો છે.

આ મહિનાની શરૂઆતમાં આપવામાં આવેલા આદેશમાં એડિશનલ સેશન્સ જજ વી.જી. મોહિતેએ નોંધ્યું હતું કે આરોપી સામેના આરોપો માટે તેને ૧૪ વર્ષની જેલ થઇ શકે છે.

આરોપી રવિ વર્મા નેવલ ડોકયાર્ડ, મઝગાંવ ડોકર્યાડ, કોસ્ટ ગાર્ડ, મુંબઈ પોર્ટ ટ્રસ્ટને સેવાઓ પૂરી પાડતી ક્રાસ્ની ટેક્નોલોજી પ્રાઇવેટ લિમિટેડમાં કાર્યરત હતો અને ૨૮ મે, ૨૦૨૫ના રોજ વર્માની ધરપકડ કરવામાં આવી હતી. થાણેના કલવા વિસ્તારનો રહેવાસી વર્મા હાલ જુડિશિયલ કસ્ટડીમાં છે.

તપાસકર્તાપક્ષે આરોપ લગાવ્યો હતો કે નવેમ્બર, ૨૦૨૪ અને માર્ચ, ૨૦૨૫ દરમિયાન વર્માએ રૂપિયાના બદલામાં બે પાકિસ્તાની નાગરિકને ભારતીય નૌકાદળના જહાજો અને બોટના નામ અને લોકેશન વિશેની ગુપ્ત અને સંવેદનશીલ માહિતી વ્હૉટ્સઍપ દ્વારા પૂરી પાડી હતી.

વર્મા વિરુદ્ધ ઓફિશિયલ સિક્રેટ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૧ (૨) (ગુનાહિત કાવતરું) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

વર્મા જામીન અરજીમાં દાવો કર્યો હતો કે તે નિર્દોષ છે અને તેને આ કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તેણે કહ્યું હતું કે તપાસ પૂરી થઇ છે અને આરોપનામું પણ દાખલ કરાયું છે.

તપાસકર્તા પક્ષે જણાવ્યું હતું કે વર્માએ પોતાના બૅંક અકાઉન્ટની માહિતી ફરાર આરોપીને આપી હતી, જેણે બાદમાં વર્માના અકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.


વર્માને જામીન પર મુક્ત કરવામાં આવે તો તે તપાસકર્તા પક્ષના સાક્ષીદારોને નુકસાન પહોંચાડી શકે છે એ પુરાવા સાથે ચેડાં કરી શકે છે તેમ જ પોતે પણ ફરાર થઇ શકે છે.

## પાલઘરને આગામી બે વર્ષમાં ૨૦૦ એસટી બસો મળશે

પાલઘર: જાહેર પરિવહન સેવાઓની અછતને પહોંચી વળવા માટે આગામી બે વર્ષમાં પાલઘર જિલ્લા માટે લગભગ ૨૦૦ એમએસઆરટીસી બસો ઉપલબ્ધ કરાવવામાં આવશે, એમ બોઇસરના ધારાસભ્ય વિલાસ તારેએ જણાવ્યું હતું.

તારેએ ઉમેર્યું હતું કે, રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં ૧૦ ફેબ્રુઆરીના રોજ એસટી ડેપોમાં બસોની અછતને કારણે નાગરિકોને પડતી મુશ્કેલીઓ અંગેનું એક મેમોરેન્ડમ તેમને સુપરત કરવામાં આવ્યું હતું.

‘‘યોજના મુજબ, ૨૦૨૬-૨૭ માં ૯૦ બસો અને ૨૦૨૭-૨૮ માં બીજી ૧૧૦ બસો પૂરી પાડવામાં આવશે. આ બસો પાલઘર, સફાલે, વસઈ, અર્નાલા, દહાણુ, જવાહર, બોઈસર અને નાલાસોપારાના ડેપોમાં વિતરિત કરવામાં આવશે,’’ તેમણે જણાવ્યું હતું.



એલર્ટ: હવામાન વિભાગ તરફથી વધતી ગરમીને કારણે રવિવારના ચલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, ત્યારે રજાના દિવસે પણ મરીન ડ્રાઇવ ખાતે સન્નાટો જોવા મળ્યો હતો. (અમય ખરાડે)

## ૨૭ વર્ષ પછી ધારાવી આગના પીડિતોને રાહત

મુંબઈ: ગુરુવારે ધારાવીમાં લાગેલી આગથી પ્રભાવિત ૪૩૬ ઝૂંપડપટ્ટીવાસીઓને મુંબઈના દેવનાર વિસ્તારમાં જમીન ફાળવવાનો નિર્ણય મહારાષ્ટ્ર સરકારે લીધો છે. આ નિર્ણયને પગલે દુર્ઘટનાના ૨૭ વર્ષ પછી તેમને રાહત મળશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી પ્રધાન મંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. દેવનારમાં ૧૧ હજાર ૬૫૯ ચોરસ મીટર સરકારી જમીન ફાળવવાના મહેસૂલ મંત્રી ચંદ્રશેખર બાવનકુળેના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

આ જમીન ધારાવીમાં રાજીવ ગાંધી એસઆરએ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી સાથે સંકળાયેલા ૪૩૬ ઝૂંપડપટ્ટીવાસીઓને આપવામાં આવશે, જેમના ઘર ૧૯૯૯ માં લાગેલી આગમાં ખલાસ થયાં હતાં.

એક અધિકારીએ જણાવ્યું હતું કે આ નિર્ણયથી અસરગ્રસ્ત રહેવાસીઓનું પુનર્વસન કરવામાં મદદ મળશે અને તેમના પુનર્વસનને સરળ બનાવશે. (પીટીઆઈ)

# શૅરબજારમાં ટૂંકા ગાળાની અફડાતફડીમાં રોકાણકારો માટે બેલેન્સ્ડ સ્ટ્રેટેજી મહત્ત્વની

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અખાતી યુદ્ધ અટકવાનું નામ નથી લેતું અને તેને કારણે શેરબજારમાં ઊથલપાથલ જારી રહી છે એવા સમયે રોકાણકારોએ ટૂંકા ગાળાના વલણોની આગાહી કરવાનો પ્રયાસ કરવાને બદલે સંતુલિત રોકાણ વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ એવું જણાવતા નિષ્ણાતો કહે છે કે, આવા અસ્થિર સમયમાં ઓલ કેપ ફંડ ઓફ ફંડ્સ (એફઓએફ) જેવા વૈવિધ્યસભર રોકાણ માધ્યમ ઉપયોગ બની શકે છે.

કોઈ પણ એક માર્કેટ કેપ સેગમેન્ટ માર્કેટ સાઇકલમાં સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરતું નથી. લાર્જ કેપ શેર સ્થિરતા પ્રદાન કરે છે, જ્યારે મિડ કેપ અને સ્મોલ કેપ શેરમાં મજબૂત વળતર સાથે ઝડપી ધોવાણનું જોખમ પણ હોય છે, એમ જણાવતાં સ્માર્ટ ઇન્વેસ્ટમેન્ટ્સના અશ્વિની કુંટે કહે છે કે બજારની ગતિ તર્ક સાથે ના ચાલતી હોવાથી રોકાણકારો માટે કક્ય.ારે ક્યુ સેગમેન્ટ સારુ રહેશે તે નક્કી કરવું મુશ્કેલ બને છે. પરિણામે, તેઓ નિર્ણય લેવામં ભૂલ કરી શકે છે. આ સંદર્ભે ઓલ કેપ એફઓએફ શેરોમાં સીધું રોકાણ કરવાને બદલે બહુવિધ ઇક્વિટી લક્ષી મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓમાં રોકાણ કરીને આ પડકારનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે. આ યોજનાઓ સામાન્ય રીતે વિવિધ માર્કેટ કેપ શ્રેણીઓ જેમ કે લાર્જકેપ, મિડકેપ, સ્મોલકેપ અને ફ્લેક્સી કેપ ફંડ્સને આવરી લે છે, જે એક જ રોકાણ માળખામાં બજારના વિવિધ સેગમેન્ટ્સમાં રોકાણને સક્ષમ બનાવે છે. આ વ્યૂહરચનાનો હેતુ વિવિધ માર્કેટ સેગમેન્ટ્સને એકબીજાના પૂરક બનવાની મંજૂરી આપીને કામગીરીને સંતુલિત કરવાનો છે. જ્યારે એક સેગમેન્ટ ધીમી વૃદ્ધિ અથવા સુધારાનો અનુભવ કરે છે, ત્યારે બીજા સેગમેન્ટમાં મજબૂત પ્રદર્શન એકંદર પોર્ટફોલિયો પરની અસરને સરભર કરવામાં મદદ કરી શકે છે. આવા વૈવિધ્યકરણથી બજારની અસ્થિરતા દૂર થતી નથી, પરંતુ જોખમ સમાન રીતે વિભાજિત થઇ શકે છે. ફાળવણીમાં સતત ફેરફાર કર્યા વિના લાંબા ગાળાના ઇક્વિટી એક્સપોઝર મેળવવા માગતા રોકાણકારો માટે ઓલ કેપ ફંડસ ઓફ ફંડ જેવું માધ્યમ ઉપયોગી બની શકે છે.

# શું સેન્સેક્સ ફરી મોટા કડાકા સાથે સપ્તાહની શરૂઆત કરશે?: નિફ્ટી ૨૪૦૦૦ની નીચે ખાબકશે?

મુંબઇઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ભલે ગમે એવા બણગાં ફૂંકે, ઇરાને વધુ તીવ્ર હુમલા શરૂ કરવા સાથે તેની સાવ સસ્તા ખર્ચે ઊભા કરેલા લશ્કરી સંરજામથી અમેરિકાના અબજો ડોલરના રડારોમાં ભાંગફોડ કરીને અમેરિકાને મોટી શિકસ્ત આપી છે. આ જોતા પરિસ્થિતિ વધુ વણસવાની શક્યતાને આધારે એવું લાગે છે કે સેન્સેક્સ ફરી મોટા કડાકા સાથે સપ્તાહની શરૂઆત અને સપ્તાહના અંત સુધીમાં, કદાચ એકાદ બે સત્રમાં જ નિફ્ટી ૨૪૦૦૦ની નીચે ખાબકશે!

નોંધવું રહ્યુ કે માર્ચના માત્ર ચાર સત્રમાં સેન્સેક્સ ત્રણ ટકાનો તોતિંગ કડાકો જોવા મળ્યો છે. પાછલા સપ્તાહે સેન્સેક્સ ૨,૩૬૮.૨૯ પોઈન્ટ અથવા ૨.૯૧ ટકા ઘટીને ૭૮,૯૧૮.૯૦ની સપાટી પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૭૨૮.૨ પોઈન્ટ અથવા ૨.૮૯ ટકા ઘટીને ૨૪,૪૫૦.૪૫ની સપાટી પર બંધ થયો છે. એ જ સાથે, વ્યાપક બજારમાં પણ વેચવાલીનું મોટું દબાણ રહ્યું હોવાથી બીએસઇ મિડકેપ, સ્મોલકેપ અને લાર્જકેપ શેરઆંક પ્રત્યેક અઠવાડિયા દરમિયાન ત્રણ ત્રણ ટકા ગબડ્યા હતા.

મોટાભાગના ક્ષેત્રીય સૂચકાંકો અઠવાડિયા દરમિયાન રેડ ઝોનમાં બંધ થયા. નિફ્ટી પીએસયુ બેંક શેરઆંકમાં ૬.૫ ટકાનો ઘટાડો થયો, ત્યારબાદ નિફ્ટી રિઅલ્ટી ઇન્ડેક્સમાં પાંચ ટકાનો ઘટાડો થયો. નિફ્ટી બેંક સૂચકાંકમાં ૪.૫ ટકાનો ઘટાડો થયો, જ્યારે નિફ્ટી મીડિયા સૂચકાંકમાં ૪.૩ ટકાનો ઘટાડો થયો અને નિફઅટી પ્રાઇવેટ બેન્ક સૂચકાંકમાં ચાર ટકાનો ઘટાડો થયો. જોકે, નિફ્ટી ડિફેન્સ સૂચકાંકે આ વલણથી વિપરીત, લગભગ પાંચ ટકાનો વધારો નોંધાવ્યો હતો.

હજુ સુધી અમેરિકા-ઈરાન યુદ્ધમાં તણાવ ઓછો થવાના કોઈ સંકેત નથી. દરમિયાન, કુવૈત, યુએઈ, સાઉદી અરેબિયા, ઈરાક અને કતારે તેમના ઓઇલ ઉત્પાદનમાં આંશિક બંધની પુષ્ટિ કરી છે. રોઇટર્સના જણાવ્યા અનુસાર, યુએસ-ઈરાન યુદ્ધ વચ્ચે કતારે બુધવારે ગેસ નિકાસ પર જાહેર કરેલી બંધીને કારણે ગ્લોબલ માર્કેટમાં ગેસની અછત સર્જાશે કારણ કે કતાર ગ્લોબલ લિક્વિફાઇડ નેચરલ ગેસનો વીસ ટકા હિસ્સો સપ્લાય કરે છે. આ બધા ટ્રિગર્સ સંકેત આપે છે કે સોમવારે અથવા આગામી થોડા સત્રોમાં ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલર સુધી પહોંચી શકે છે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન ક્રૂડ ઓઇલ ખરીદવા માટે ભારત સરકારને કથિત રીતે આપવામાં આવેલી એક મહિનાની છૂટ બાદ, બજારનો અંદાજ છે કે અમેરિકન વહીવટીતંત્ર પણ માને છે કે અમેરિકા-ઈરાન યુદ્ધ એક મહિનામાં સમાપ્ત નહીં થાય. તેથી, ક્રૂડ ઓઇલના ભાવમાં મોટા ગેપ-અપ ઓપનિંગ થવાની ધારણા છે અને તેનાથી ગ્લોબલ ઇક્વિટી બજારો સહિત ભાતીય શેરબજાર પર દબાણ આવવાની ધારણા છે.

સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહમાં અખાતી યુદ્ધની વધતી તીવ્રતાની ગ્લોબલ માર્કેટની પર પડેલી ગંભીરક અસરને કારણે સ્થાનિક બજારમાં પમ તીવ્ર કડાકો જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવ ૮૫ ડોલરથી ઉપર પહોંચી ગયા હતા જ્યારે ભારતીય રૂપિયો નબળો પડ્યો હતો, જે ક્રૂડ ઓઇલ સપ્લાયમાં લાંબા સમય સુધી વિક્ષેપો અંગે ચિંતા દર્શાવે છે, એમ જણાવતા જિયોજીત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું કે, આ બાબતો રોકાણકારોના સેન્ટિમેન્ટ પર દબાણ લાવી શકે છે. ઓઇલના ભાવમાં સતત વધારો ભારતની ખાધ તથા ફુગાવો વધારીને આરબીઆઇના નાણાકીય વલણ પર પ્રતિકૂળ અસર કરી શકે છે. અમેરિકાના દસ વર્ષના બોન્ડની યીલ્ડમાં વધારા અને ડોલરની મજબૂતીએ એફઆઇઆઇને સ્થાનિક ઇક્વિટી તરફ રિસ્ક ઓફ અભિગમ અપનાવવા માટે પ્રેરિત કર્યા છે. બજારમાં વ્યાપક વેચવાલી જોવા મળી હતી, જેમાં રિયલ્ટી, બેંકો અને ઓટો સેકટરની કામગીરી નબળી રહી હતી, જ્યારે બદલાતી ભૂરાજકીય પરિસ્થિતિ અને બજેટ ખર્ચમાં વધારો થવાને કારણે ડિફેન્સ સેકટરમાં થોડો સુધારો જોવા મળ્યો હતો. ઇન્ડિયા વીઆઇએક્સમાં જોવા મળેલો ઉછાળો બજારના સહભાગીઓમાં અનિશ્ચિત પરિસ્થિતિ વચ્ચે વધેલા ગભરાટ અને જોખમના ભયનો સંકેત આપે છે.

રોકાણકારો પરંપરાગત સેફ હેવન એસેટ તરફ આગળ વધી રહ્યા છે અને વધુ સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યા છે, સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે. નિષ્ણાતો રોકાણકારોને આગામી કેટલાક અઠવાડિયામાં ગભરાટ ભર્યા વેચાણને ટાળવા અને શિસ્તબદ્ધ, લાંબા ગાળાના દ્રષ્ટિકોણ અપનાવવા અને ધીરજ રાખવાની સલાહ આપી રહ્યા છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સતત ત્રીજા સપ્તાહમાં વેચવાલીનો સિલસિલો ચાલુ રાખતા પાછલાં સપ્તાહે ૨૧,૮૩૧.૧૯ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા. દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ અઠવાડિયા દરમિયાન ૩૨,૭૮૬.૯૨ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા હતા.

સમાહ દરમિયાન બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ ૩.૩ ટકા ઘટ્યો, જેમાં ઇન્ફોબીન્સ ટેક્નોલોજીસ, વર્થ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડિંગ, ઓર્કિડ ફાર્મા, સાધના નાઇટ્રોકેમ, રાજેશ એક્સપોર્ટ્સ, નેટવેબ ટેક્નોલોજીસ ઇન્ડિયા, અગ્રવાલ ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન, જેટીએલ ઇન્ડસ્ટ્રીઝ, ડી પી આભૂષણ, સ્ટેલિયન ઇન્ડિયા ફ્લોરોકેમિકલ્સમાં ૧૫થી ૨૫ ટકા સુધીના કડાકા જોવા મળ્યા હતા. બીજી તરફ, જિંદાલ પોલી ફિલ્મ્સ, જિંદાલ ડ્રિલિંગ ઇન્ડસ્ટ્રીઝ, હિન્દુસ્તાન ઓઇલ એક્સપ્લોરેશન કંપની, રૂબી મિલ્સ, પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેક્નોલોજીસ, એન્ટેલોપસ સેલન એનર્જી, એક્સટેલ ઇન્ડસ્ટ્રીઝ, સ્ટરલાઇટ ટેક્નોલોજીસ, જ્યુપિટર વેગન્સમાં ૧૨થી ૨૫ ટકા સુધીનો ઉછાળો હતો.

# સરકારી એસેટસનું વેચાણ કરી ચાર વર્ષમાં ૧૮૩.૭૦ અબજ ડૉલર ઊભા કરવાનો લક્ષ્યાંક

મુંબઈ : જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં આઈપીઓ મારફત હિસ્સાનું વેચાણ કરી નાણાં વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં સરકાર ૧૮૩.૭૦ અબજ ડોલર અથવા રૂપિયા ૧.૭૯ ટ્રિલિયન જેટલી રકમ ઊભી કરવા ઈરાદો ધરાવે છે. આગામી ચાર વર્ષમાં સરકારી એસેટસનું વેચાણ કરી ૧૮૩.૭૦ અબજ ડોલર ઊભા કરવાની યોજનાનો આઈપીઓ એક હિસ્સો છે, એમ નીતિ આયોગના એક રિપોર્ટમાં જણાવાયું હતું.

નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ના અંતે સમાપ્ત થયેલા ચાર વર્ષમાં સરકારે રૂપિયા છ ટ્રિલિયનના ટાર્ગેટ સામે જાહેર ક્ષેત્રની એસેટસના વેચાણ મારફત રૂપિયા ૫.૩૦ ટ્રિલિયન ઊભા કર્યા હતા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સંપૂર્ણ બહુમતિ મેળવવામાં નિષ્ફળ ગયા બાદ સરકારે કેન્દ્ર હસ્તકની કંપનીઓના ખાનગીકરણની યોજનાને મોકૂફ રાખી હતી.

સરકારી કંપનીઓના ખાનગીકરણ કરી તેમાંથી નાણાં ઊભા કરવાનું સરકાર માટે પડકારરૂપ રહ્યું છે. આ હકીકતને ધ્યાનમાં રાખી સદર કંપનીઓ તથા તેની સબ્સિડીઅરીઓની એસેટસમાંથી નાણાં ઊભા કરી તેને ફરીથી ઈન્વેસ્ટ કરવા સરકારે યોજના બનાવી છે.

એસેટસના વેચાણ મારફત ઊભા થતાં નાણાં સંબંધિત કંપનીના ખાતામાં જશે અને કંપનીઓ તેને ફરી ઈન્વેસ્ટ કરે છે, જેથી આ કંપનીઓમાં નાણાં નાખવા માટે સરકારનો બોજ હળવો થાય છે.

પોતાની બજેટ ખાધને ઘટાડવાની યોજનામાં સરકારી ઉપક્રમોમાંથી હિસ્સાના વેચાણ તથા ખાનગીકરણ એક યોજના છે. રેલવે મંત્રાલય હેઠળની સાત કંપનીઓમાં હિસ્સાના વેચાણ મારફત સરકાર રૂપિયા ૮૩૭૦૦ કરોડ રૂપિયા ઊભા કરવા ઈરાદો ધરાવે છે.

# એઆઇની ચિંતાઓ વચ્ચે એફઆઇઆઇએ આઇટી શૅરોમાં ₹ ૧૭,૦૦૦ કરોડનું વેચાણ કર્યું

મુંબઈઃ જનરેટિવ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ની અસર અંગે ચિંતાઓને કારણે ઇન્ફોર્મેશન ટેકનોલજી (આઇટી) ક્ષેત્રના શેરોમાં પાછલા મહિને તીવ્ર વેચવાલી અને ધોવાણ જોવા મળ્યું હતું અને તેની પાછળનું એક મહત્ત્વનું કારણ ફેબ્રુઆરીના બીજા ભાગમાં વિદેશી રોકાણકારોએ લગભગ રૂ. ૬,૦૦૦ કરોડના આઇટી શેરોનું કરેલું વેચાણ હતું. જનરેટિવ એઆઇમાં ઝડપી પ્રગતિથી, કોડિંગ અને આઇટી સપોર્ટ સેવાઓની માગમાં ઘટાડો થઈ શકે છે તેવી આશંકા વચ્ચે આ સેગમેન્ટના શેરોમાં પાથછલા મહિને ભારે વેચાણ થયું હતું. ભારતના સોફ્ટવેર નિકાસકારો માટે કોડિંગ અને આઇટી સપોર્ટ સર્વિસ મુખ્ય આવકનું માધ્યમ છે.

ફેબ્રુઆરી દરમિયાન વિદેશી ફંડો દ્વારા આઇટી શેરોમાં સેક્ટર સ્પેસિફિક સંયુક્ત વેચાણ લગભગ રૂ. ૧૭,૦૦૦ કરોડ રહ્યું હોવા છતાં એફઆઇઆઇ ભારતીય ઇક્વિટીમાં એકંદરે ચોખ્ખા ખરીદદારો રહ્યા હતા, કારણ કે ફેબડુઆરી મહિના દરમિયાન લગભગ તેમણે રૂ. ૧૫,૨૫૦ કરોડની ખરીદી કરી હતી.

આ વેચાણ બાદ, એફઆઇઆઇનું આઇટી શેરોમાં સંયુક્ત રોકાણ ફેબ્રુઆરીના અંતમાં ઘટીને રૂ. ૪.૧૮ લાખ કરોડ થયું, જે ચાર વર્ષમાં સૌથી નીચું સ્તર છે. એનએસડીએલના ડેટા અનુસાર, આ જાન્યુઆરી ૨૦૨૬ના અંતમાં રૂ. ૫.૩૪ લાખ કરોડથી ૨૧.૮ ટકાનો ઘટાડો દર્શાવે છે. વિદેશી રોકાણકારો ૨૦૨૫ની શરૂઆતથી સતત આઇટી શેરોમાં રોકાણ ઘટાડી રહ્યા છે, આ સમયગાળા દરમિયાન કુલ રૂ. ૭૪,૬૯૮ કરોડનું વેચાણ થયું છે. માર્ચ ક્વાર્ટરના શેરહોલ્ડિંગ પેટર્નમાં સ્ટોક મુજબ હિસ્સામાં ઘટાડાની વિગતો જાહેર થવાની ધારણા છે. ૨૦૨૫ની શરૂઆતમાં આઇટી શેરોમાં એફઆઇઆઇ હોલ્ડિંગ રૂ. ૭.૩ લાખ કરોડના રેકોર્ડ સ્તરે હતું. શેરના ભાવમાં તાજેતરના ઘટાડા સાથે સતત વેચાણ સાથે, આ હોલ્ડિંગનું મૂલ્ય લગભગ ૪૨.૮ ટકા ઘટ્યું છે. ફેબ્રુઆરી દરમિયાન મોટીઆઇટી કંપનીઓમાં શેરના ભાવમાં ઘટાડો તીવ્ર રહ્યો છે. મહિના દરમિયાન ઇન્ફોસિસ ૨૦.૪ ટકા ઘટ્યો હતો, જ્યારે ટીસીએસ ૧૮ ટકા ઘટ્યો હતો અને એચસીએલ ટેક્નોલોજી ૨૦.૧ ટકા ઘટ્યો હતો. ટેક મહિન્દ્રા ૨૩.૫ ટકા, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ ૨૩ ટકા અને વિપ્રો લગભગ ૧૭.૪ ટકા ઘટ્યો હતો. આ જ સમયગાળા દરમિયાન નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં ૨૦.૮ ટકાનો ઘટાડો થયો હતો.

આઇટી ઉપરાંત, એફઆઇઆઇએ ફેબ્રુઆરીના બીજા ભાગમાં કેટલાક અન્ય ક્ષેત્રોમાં રોકાણ ઘટાડ્યું હતું.

## સિટી ન્યૂઝ

# જાલના જિલ્લા આયોજન સમિતિ વિરુદ્ધ અરજી પર પંકજા મુંડે અને અન્યોને હાઇ કોર્ટની નોટિસ

જાલના (મહારાષ્ટ્ર): રાજ્ય સરકાર દ્વારા રચાયેલી જાલના જિલ્લા આયોજન સમિતિની કાયદેસરતાને પડકારતી અરજીમાં બોમ્બે હાઇકોર્ટે મહારાષ્ટ્રના પ્રધાન પંકજા મુંડે અને અન્ય સરકારી અધિકારીઓને નોટિસ ફટકારી છે.

મુંડે જાલનાના પાલક પ્રધાન છે.

સ્થાનિક કાર્યકર્તા ભાઉસાહેબ ગોરે દ્વારા દાખલ કરાયેલી રિટ અરજીની સુનાવણી કરતી વખતે ઔરંગાબાદ ખાતેની હાઇકોર્ટની જસ્ટિસ વિભા કાંકનવાડી અને જસ્ટિસ હિતેન વેણેગાવકરની ડિવિઝન બેન્ચે ચોથી માર્ચે રાજ્ય સરકાર અને અન્ય પ્રતિવાદીઓને નોટિસ ફટકારી હતી.

અરજદારના મતે, જિલ્લા આયોજન સમિતિની રચના કાયદાનું ઉલ્લંઘન કરીને કરવામાં આવી હોવાના કારણે ગેરકાયદે ભંડોળ ફાળવવામાં આવ્યું છે જેનો હેતુ માટે ઉપયોગ થતો નથી.

સુનાવણી દરમિયાન, અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે ગોરેને અગાઉ બાવીસમી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજના સરકારી ઠરાવ (જીઆર) હેઠળ સમિતિના ખાસ આમંત્રિત સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જો કે, તેમનો કાર્યકાળ હવે સમાપ્ત થઈ ગયો છે અને તેઓ હવે સમિતિ સાથે સંકળાયેલા નથી.

અરજદારે દાવો કર્યો હતો કે તેમને તાજેતરમાં જ ખબર પડી હતી કે સમિતિનું બંધારણ કાયદા અનુસાર નથી, જેના કારણે તેમને રિટ અરજી દાખલ કરવાની ફરજ પડી હતી.

બેન્ચે કહ્યું કે તેણે બાવીસમી ઓગસ્ટ, ૨૦૨૪ના જીઆરનો અભ્યાસ કર્યો છે. જો કે, આ પ્રારંભિક તબક્કે, કોર્ટે કહ્યું કે તે હાલની સમિતિ દ્વારા પહેલાથી લેવામાં આવેલા પગલાં અથવા નિર્ણયો પર ટિપ્પણી કરશે નહીં.

# અનધિકૃત ફેરિયાઓ સામે તાત્કાલિક આકરા પગલાં લેવાનો કમિશનરનો નિર્દેશ

મુંબઈઃ કાંદિવલીમાં અનધિકૃત ફેરિયાઓ વિરુદ્ધની કાર્યવાહી દરમ્યાન ટોળાએ મુંબઈ મહાનગરપાલિકાના અધિકારી અને કર્મચારીઓની કરેલી મારપીટના પ્રકરણ બાદ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ તમામ અનધિકૃત ફેરિયાઓ તથા ફૂટપાથ પર અતિક્રમણ કરનારા દુકાનદારો સામે આકરા પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો.

કાંદિવલીમાં લોખંડવાલા સર્કલ પરિસરમાં શુક્રવારે ફેરિયા વિરુદ્ધ કાર્યવાહી કરવા ગયેલા કર્મચારી અને અધિકારીઓની ફેરિયાઓ દ્વારા મારપીટ કરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં સમતાનગર પોલીસે ગુનો નોંધીને પાંચની ધરપકડ પણ કરી હતી. આ ઘટનાના બે દિવસ બાદ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ કાંદિવલીમાં ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. મુંબઈમાં ગેરકાયદે બાંધકામ તથા ગેરકાયદે ફેરિયાઓ સામે વખતોવખત કાર્યવાહી કરવામાં આવતી હોય છે પણ પાલિકાની કાર્યવાહી પૂરી થવાની સાથે જ તરત ફેરિયાઓ જગ્યા પર અંડિગો જમાવી બેસતા હોય છે. શુક્રવારે કાંદિવલીમાં વિશ્વકર્મા ચોકમાં ફેરિયાઓ હટાવવા ગઈ એ દરમ્યાન પાલિકાના કર્મચારી અને અધિકારીઓની ટીમ થયેલી મારપીટના મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ પરિસરમાં રહેલા તમામ અનધિકૃત ફેરિયાઓ તેમ જ ફૂટપાથ પર અવરોધ નિર્માણ કરનારા દુકાનદારો સામે તાત્કાલિક અને આકરા પગલાં લેવાનો કમિશનરે નિર્દેશ આપ્યો હતો.

# પશ્ચિમ એશિયાના યુદ્ધ વચ્ચે ભારત સંપૂર્ણપણે પોતાનું અસ્તિત્વ ગુમાવી ચૂક્યું છેઃ સંજય રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે રવિવારે કહ્યું કે ઈરાન પર યુએસ-ઇઝરાયલના સંયુક્ત હુમલા બાદ પશ્ચિમ એશિયામાં ભડકેલા યુદ્ધના તમામ વિકાસ વચ્ચે ભારત એક દેશ તરીકે 'સંપૂર્ણપણે પોતાનું અસ્તિત્વ ગુમાવી ચૂક્યું છે.'

રાજ્યસભાના સાંસદે એમ પણ કહ્યું હતું કે યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને ઇઝરાયલ વૈશ્વિક ગુંડાઓની જેમ વર્તી રહ્યા છે, જ્યારે ભારત જેવા મોટા દેશો, જે ગઈકાલ સુધી પોતાની બહાદુરીની બડાઈ મારતા હતા, તેઓ આ ગુંડાઓના એજન્ટોની જેમ વર્તી રહ્યા છે.

શિવસેના (યુબીટી)ના મુખપત્ર 'સામના'માં તેમના સાપ્તાહિક કોલમ 'રોકઠોક'માં રાઉતે જણાવ્યું હતું કે ભારતે ઈરાન યુદ્ધને રોકવામાં આગેવાની લેવી જોઈતી હતી, જે એક સળગતો મુદ્દો બની ગયો છે. તેમણે કહ્યું કે આનાથી ભારતીય નેતૃત્વની ખોખલાપણું પણ વિશ્વ સમક્ષ આવી ગયું છે, તેમણે એવો નિર્દેશ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કટોકટી પર એક પણ શબ્દ બોલ્યા નથી.

'જ્યારે પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફાટી નીકળ્યું છે, ત્યારે ભારતે એક દેશ તરીકે પોતાનું અસ્તિત્વ સંપૂર્ણપણે ગુમાવી દીધું છે,' એમ રાઉતે કહ્યું હતું. રાજ્યસભાના સાંસદે કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલનો મત હતો કે ઇરાનને 'વંદા'ની જેમ કચડી શકાય છે.

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેનીની હત્યા કર્યા પછી, તેઓએ વિચાર્યું કે યુદ્ધ સમાપ્ત થઈ જશે, એમ પણ તેમણે કહ્યું હતું.

# મહારાષ્ટ્ર લઘુમતી પંચે સાઉદી અરેબિયામાં અટકાયતમાં રહેલા બે નાગપુરના પુરુષો માટે કોન્સ્યુલર સહાયની માગણી કરી

નાગપુરઃ મહારાષ્ટ્ર રાજ્ય લઘુમતી પંચે સાઉદી અરેબિયાના મક્કામાં અટકાયતમાં રાખવામાં આવેલા નાગપુરના એક ડોક્ટર અને એક ઉદ્યોગપતિ માટે કોન્સ્યુલર સહાયની અપીલ કરી છે, જ્યાં તેઓ ઉમરાહ કરવા ગયા હતા. બંનેના પરિવારો દ્વારા તેમની દુર્દશાની જાણ કર્યા પછી, મહારાષ્ટ્ર રાજ્ય લઘુમતી પંચના અધ્યક્ષ પ્યારે ખાને શનિવારે સાઉદી અરેબિયાના ભારતીય દૂતાવાસના ચીફ ઓફ મિશનને પત્ર લખ્યો. પરિવારે કમિશનને લખેલા પત્રમાં એવો દાવો કર્યો છે કે કંપની લાઇસન્સ વિના દલાલી પ્રવૃત્તિઓમાં સંડોવણીનો ખોટો આરોપ લગાવ્યા બાદ બંનેની અટકાયત કરવામાં આવી છે. 'નાગપુરના રહેવાસી અબ્દુલ અસીમ ખાન અને ડો. યાહ્યા હુનાનીના પરિવારો પાસેથી મળેલી માહિતી મુજબ, બંને ત્રીજી માર્ચે જેદ્દાહ પહોંચ્યા હતા અને ઉમરાહ માટે મક્કા ગયા હતા. ચોથી માર્ચે, મસ્જિદ અલ-હરમમાં નમાજ અદા કરતી વખતે, સાદા ડ્રેસમાં આવેલા વ્યક્તિઓ દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ ફક્ત અરબીમાં થયેલી વાતચીત દરમિયાન ગેરસમજ બાદ તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા, જે તેઓ સમજી શક્યા નહોતા,' એમ લઘુમતી આયોગના અધ્યક્ષે પત્રમાં જણાવ્યું હતું. એવું જાણવા મળ્યું છે કે બંને વ્યક્તિઓ હાલમાં અલ શુમૈસી અટકાયત કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે અને તેમના દેશનિકાલની કાર્યવાહી શરૂ કરવામાં આવી હશે, એમ પણ પત્રમાં કહેવામાં આવ્યું છે.

# પુણેના નવા ડબલ-ડેકર ફ્લાયઓવરનું ફડણવીસના હસ્તે ઉદ્ઘાટન

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે પુણેના નવા ડબલ-ડેકર ફ્લાયઓવરનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. જે શહેરના અનેક ભાગોમાં ટ્રાફિક જામ હળવો કરશે તેવી અપેક્ષા છે.

ગણેશખિંડ રોડ પરનો આ ફ્લાયઓવર મુખ્ય પ્રધાન ફડણવીસે વિડીયો કોન્ફરન્સ દ્વારા ઉદઘાટન કર્યા પછી જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

પુણે મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા બનાવવામાં આવેલ આ સ્ટ્રક્ચરમાં ડબલ ડેકર ડિઝાઇન છે જેમાં પહેલા લેવલ પર રોડ ફ્લાયઓવર અને ઉપર મેટ્રો લાઇન બનાવવામાં આવી છે. તેનાથી બાનેર, પાશાન, શિવાજીનગર અને ઔંધ સહિતના વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા હળવી થવાની અપેક્ષા છે.ઉદ્ઘાટન દરમિયાન કેન્દ્રીય પ્રધાન મુરલીધર મોહોલ અને નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર હાજર હતા. સુનેત્રા પવારે યાદ કર્યું કે તેમના સ્વર્ગસ્થ પતિ અને તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જૂના પુલને તોડી પાડવાનો બોલ્ડ નિર્ણય લીધો હતો.

# સાવરકર કટ્ટર દેશભક્ત હતા, હિન્દુત્વ પરના તેમની સમજૂતી હજુ પણ સુસંગતઃ ગડકરી

નાગપુરઃ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે વિનાયક દામોદર સાવરકર વૈજ્ઞાનિક વૈચારિક દ્રષ્ટિકોણ ધરાવતા કટ્ટર દેશભક્ત હતા, અને હિન્દુત્વ પર તેમની સમજૂતી હજુ પણ સુસંગત અને ઉપયોગી છે.

કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધીનો ઉલ્લેખ કરતાં, ગડકરીએ કહ્યું હતું કે તેમણે એકવાર સાવરકરની ટીકા કરનારા એક 'મોટા રાજકીય નેતા'ને કહ્યું હતું, કે જો સ્વાતંત્ર્ય સેનાની મહાન નથી, તો દેશમાં કોઈ મહાન નથી. શનિવારે સ્વાતંત્ર્ય વીર સાવરકર સ્મારક સમિતિ દ્વારા આયોજિત ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ મનોજ પાંડે (નિવૃત્ત)ના સન્માન કાર્યક્રમને સંબોધતા ગડકરીએ કહ્યું કે સાવરકર દરેક માટે પ્રેરણા સ્રોત છે. 'તેઓ માત્ર કટ્ટર દેશભક્ત જ નહોતા, પણ એક ઉત્તમ કવિ, દાર્શનિક અને ઇતિહાસકાર પણ હતા. પરંતુ, સૌથી અગત્યનું, તેઓ એક આદર્શ સમાજ સુધારક હતા. સાવરકરનો વૈચારિક દ્રષ્ટિકોણ વૈજ્ઞાનિક હતો. હિન્દુત્વ વિશે તેમણે જે સમજૂતી આપી હતી તે આજે પણ ખૂબ જ ઉપયોગી અને સુસંગત છે,' એમ ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું. તેમણે સાવરકરનો સ્પષ્ટ મત હતો કે જાતિ વ્યવસ્થા અને તેના વિભાગો, તેમજ હિન્દુ સમાજમાં હાજર અસ્પૃશ્યતાનો સંપૂર્ણપણે નાશ થવો જોઈએ, એમ તેમણે ધ્યાન દોર્યું હતું. 'કોઈ પણ વ્યક્તિ તેની જાતિને કારણે શ્રેષ્ઠ નથી, વ્યક્તિ તેના ગુણોને કારણે શ્રેષ્ઠ બને છે, આ જ સાવરકરનો વિશ્વાસ હતો. સાવરકરનું આખું જીવન બલિદાન, તપસ્યા અને સમર્પણનું ઉદાહરણ છે.

# મનસેની વર્ષગાંઠ નિમિત્તે રાજ ઠાકરેએ ફરી મરાઠી માણ્સનો મુદ્દો ઉઠાવ્યો

### કાર્યકરોને આપ્યા નવા આદેશો

**મનસેએ ૧૯ માર્ચે ગુડી પડવાના દિવસે શિવતીર્થ ખાતે એક સભાનું આયોજન કર્યું છે. આ સભા પહેલા રાજ ઠાકરેએ તમામ મનસે કાર્યકરો અને પદાધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ પોસ્ટ શેર કરી છે**

મુંબઈ : મ્યુનિસિપલ ચૂંટણીઓ પછી મનસેએ ફરી એકવાર નવા જોશ સાથે કામે લાગી ગઈ છે. મનસે ૯ માર્ચે તેની ૨૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહી છે. આ પ્રસંગે પાર્ટી પ્રમુખ રાજ ઠાકરેએ એક પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટમાં રાજ ઠાકરેએ ફરી એકવાર મરાઠી માણુસનો મુદ્દો ઉઠાવ્યો છે અને તમામ મનસે પદાધિકારીઓ અને કાર્યકરોને નવા આદેશો આપ્યા છે.

મનસેએ ૧૯ માર્ચે ગુડી પડવાના દિવસે શિવતીર્થ ખાતે એક સભાનું આયોજન કર્યું છે. આ સભા પહેલા રાજ ઠાકરેએ તમામ મનસે કાર્યકરો અને પદાધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ પોસ્ટ શેર કરી છે.

૯ માર્ચ, ૨૦૨૬ આપણી પાર્ટીની ૨૦મી વર્ષગાંઠ છે. આ એક એવી પાર્ટી અને એક વિચારની વર્ષગાંઠ છે જેણે મરાઠી લોકો અને મરાઠી ભાષા માટે આક્રમક રીતે લડત આપી. આ પ્રસંગે પાર્ટીની સભ્યપદ નોંધણી ૧૦ માર્ચ, ૨૦૨૬ થી શરૂ થઈ રહી છે.

આપણી સભ્યપદ નોંધણી ફક્ત મહારાષ્ટ્રના સૈનિકો સુધી મર્યાદિત નથી. જે વર્તમાન પરિસ્થિતિથી ગુસ્સે છે, નવનિર્માણ માટેના આપણા જુસ્સા સાથે જોડવા માગે છે અને મહારાષ્ટ્રનું નવનિર્માણ કરવા માગતા દરેકને સભ્ય બનાવવાના છે . આપણી સાથે જોડાયેલા બધા લોકો સાથે, તમારે પણ જાણવું જોઈએ કે આપણે બધા મહારાષ્ટ્રના નેતા છીએ, એવી પોસ્ટ તેમણ કરી હતી.

# વીજબિલના બાકીદારો સાવધાન!: પશ્ચિમ કચ્છમાં પીજીવીસીએલે એક જ દિવસમાં ૬૩૯ કનેક્શન કટ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નાણાકીય વર્ષનો અંતિમ પડાવ નજીક આવતા જ સરકારી તંત્રો એક્શન મોડમાં આવી ગયા છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા બાકી લેણાંની વસૂલાત માટે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. ગત શનિવારે યોજાયેલી મેગા ડિસકનેક્શન ડ્રાઈવમાં તંત્રએ વીજ બિલ ન ભરનારાઓ સામે લાલ આંખ કરી છે. પશ્ચિમ કચ્છના વિવિધ વિસ્તારોમાં ઉતરેલી પીજીવીસીએલની ૮૫ જેટલી સ્પેશિયલ ટીમ દ્વારા કુલ ૧,૯૪૭ ગ્રાહકો પાસેથી અંદાજે રૂ.૨.૫૯ કરોડની વસૂલાત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ ટુકડીઓએ બાકીદારોના આંગણે ધામા નાખતા વીજચોરો અને બિલ ન ભરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ ઝુંબેશ હેઠળ શનિવારે ૬૩૯ વીજ કનેક્શન સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા, જેની લેણી રકમ અંદાજે રૂ.૭૫ લાખ થાય છે.પાવર કટથી બચવા ફફડી ગયેલા ગ્રાહકોએ તાત્કાલિક ડિજિટલ માધ્યમનો સહારો લીધો હતો. આ ડ્રાઈવ દરમિયાન ૫૬૧ ગ્રાહકોએ ઓનલાઈન પેમેન્ટ દ્વારા અંદાજે રૂ. ૭૦ લાખનું બાકી બિલ ભરીને પોતાના કનેક્શન બચાવ્યા હતા. માર્ચ એન્ડિંગને ધ્યાનમાં રાખીને આ રિકવરી ઝુંબેશ હજુ વધુ તેજ બનાવવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે. ■



**નિકંદન:** અમરેલી જિલ્લાના અમરેલી લીલિયા ભોરિંગડા માર્ગ પર લીલિયા પોલીસે દેશી બાવળના લાકડાથી ભરેલો આઈસર ટ્રક ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન લાકડાની કોઈ માન્ય પરમિટ ન હોવાનું બહાર આવતા પોલીસે અંદાજે ૯ ટન લાકડું અને ટ્રક સીઝ કર્યો હતો. મામલો મામલતદાર કચેરીને સોંપવામાં આવ્યો છે અને દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# મેઘપરમાં સોફા પર રમતા રમતા પડી જતા ચાર વર્ષની બાળકીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અંજારના મેઘપર (કુંભારડી)માં ઘરમાં રમી રહેલી ચાર વર્ષની માસૂમ બાળકીનું સોફા પરથી પડી જવાથી મોત નીપજ્યું છે, જ્યારે મુંદરાના હટડી પાસે ચેકડેમમાં ડૂબી જવાથી એક ૧૭ વર્ષીય કિશોરે જીવ ગુમાવી દેતાં પંથકમાં અરેરાટી પ્રસરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, મેઘપર (કુંભારડી)માં રહેતી ચાર વર્ષીય બાળકી આરાધ્યા વિજય પરમાર ગત તારીખ ૬-૩ના રોજ સવારના અરસામાં પોતાના ઘરે રમી રહી હતી. રમતા-રમતા તે અચાનક સોફા પરથી નીચે પટકાઈ હતી. અચાનક પડી જવાથી ગંભીર ઈજાઓ પહોંચતા બાળકીને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ ટૂંકી સારવાર દરમિયાન આ કુમળી વયની બાળકીએ દમ તોડી દીધો હતો. હસતી-રમતી પુત્રીના અકાળે અવસાનથી પરમાર પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. અંજાર પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી અપમૃત્યુની ઘટના બંદરીય મુંદરા તાલુકાના હટડી ગામે બની હતી, જેમાં મૂળ રાપરના પલાંસવાના અને હાલ હટડીમાં રહી કામ કરતા રામજી કોળીનો ૧૭ વર્ષીય પુત્ર ઈશ્વર રામજી કોળી ભેંસો ચરાવવા માટે ગામના ચેકડેમ પાસે ગયો હતો. અહીં હાથ-પગ ધોવા જતાં અકસ્માતે ચેકડેમના પાણીમાં ડૂબી જવાથી તેનું કરુણ મોત નીપજ્યું હતું.

મુંદરા પોલીસે પિતાની કેફિયતને આધારે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# આઝાદીના ૭૯ વર્ષ બાદ તરસ છીપાઈ: વાગડની 'નોઘરાઈ વાંઢ'માં પ્રથમવાર વહ્યા નર્મદાના નીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રણપ્રદેશ કચ્છના વાગડ વિસ્તારમાં ઉનાળાના પ્રારંભે જ એક ઐતિહાસિક અને માનવીય સંવેદનાસભર પરિવર્તન જોવા મળ્યું છે. આઝાદીના પોણો દાયકા કરતા પણ વધુ સમય બાદ, રાસાજી ગઢડા ગ્રામ પંચાયત હેઠળની છેવાડાની નોઘરાઈ વાંઢમાં પહેલીવાર નર્મદાના નીર પહોંચતા પારકરા કોલી સમુદાયના પરિવારોમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે.

નોઘરાઈ વાંઢમાં વસતા ૧૧ પરિવારોના અંદાજે ૭૦ જેટલા લોકો અત્યાર સુધી વીજળી અને પાણી જેવી પાયાની સુવિધાઓથી વંચિત હતા. ખેતીની જમીન ન હોવાથી મજૂરીકામ કરીને ગુજરાન ચલાવતા આ લોકો માટે પીવાનું પાણી મેળવવું એ જ મોટો પડકાર હતો. રોજ બે કિલોમીટર દૂર ચાલીને માથે બેડા ઉપાડી પાણી લાવવું પડતું હતું. તળાવ કે વીરડાનું પાણી ખૂટી જાય ત્યારે મોંઘા ટેન્કર પર નિર્ભર રહેવું પડતું હતું. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સમર્થ સંસ્થા, પાણી પુરવઠા વિભાગ અને રાસાજી ગઢડા ગ્રામ પંચાયત દ્વારા સંયુક્ત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. પાણી પુરવઠા વિભાગ દ્વારા દૂર સુધી પાઈપલાઈન બિછાવી પાણી પહોંચાડ્યું જ્યારે સમર્થ સંસ્થાએ પાણીના સંગ્રહ માટે ટાંકીનું નિર્માણ અને મોટર કાર્યની જવાબદારી ઉપાડી જ્યારે ગ્રામ પંચાયતે સમગ્ર પ્રકલ્પમાં વહીવટી અને સ્થાનિક સહયોગ પૂરો પાડ્યો.

રાજ્યભરમાં જ્યારે અકળાવનારી ગરમીનો પારો વધી રહ્યો છે, ત્યારે ઉનાળાની આકરી તપન શરૂ થાય તે પૂર્વે જ નોઘરાઈ વાંઢના આંગણે નર્મદાના નીર પહોંચતા લોકોએ હર્ષની લાગણી સાથે આ ભગીરથ કાર્ય કરનાર તમામ સંસ્થાઓનો આભાર માન્યો છે. આ સફળતા એ વાતનું પ્રતીક છે કે જ્યારે સામુદાયિક ઈચ્છાશક્તિ અને વહીવટી તંત્ર હાથ મિલાવે છે, ત્યારે અંતરિયાળ વિસ્તારોમાં પણ પરિવર્તનના મશાલ પ્રગટાવી શકાય છે. ■

# ગાંધીધામ નજીક એસ.ટી. બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત: સાત મુસાફરો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અકસ્માત ઝોન બની રહેલા ગાંધીધામ-ભચાઉ ધોરીમાર્ગ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ભુજથી ધંધુકા જઈ રહેલી રાજ્ય પરિવહન બસના ચાલકે ઓવરટેક કરવાના પ્રયાસમાં ટ્રેઇલરની પાછળ બસ ટકરાવી દેતાં સાત જેટલા પ્રવાસીઓને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ, સવારના ૮:૩૦ વાગ્યાના અરસામાં ભુજ-ધંધુકા રૂટની એસ.ટી.બસ ગાંધીધામની ભાગોળેથી પસાર થઈ રહી હતી. બસના ચાલક હિતેશ સામત મકવાણાએ પોતાની બસ પૂરઝડપે હંકારી આગળ જતી ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બસનો એક ભાગ ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર અથડાયો હતો. આ અકસ્માતમાં બસમાં બેઠેલા સાત જેટલા મુસાફરો સીમાબેન કુલદીપ મોરિયા,અશોકાસિંહ જયદેવાસિંહ ઝાલા,નારાયણ વશરામભાઈ,હનુભા લાલુભા જાડેજા,જશુબેન જેન્તીભાઈ ચાવડા,જયંતીભાઈ ચાવડા અને બસના કંડક્ટરને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતની જાણ થતાં જ બે સરકારી એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ ઇજાગ્રસ્તોને આદિપુરની રામબાગ હૉસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ગાંધીધામ પોલીસે આ મામલે એસ.ટી. બસના ચાલક હિતેશ મકવાણા વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. જોખમી બની રહેલા ધોરીમાર્ગ પર ઓવરટેક કરવાની ઉતાવળ ફરી એકવાર નિર્દોષ મુસાફરો માટે જોખમી સાબિત થઈ છે. ■

# ભાડાના ફ્લેટમાં ચાલતું શરાબનું નેટવર્ક ઝડપાયું, મહિલા બુટલેગરનો ₹ ૫.૦૭ લાખનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સીમાવર્તી કચ્છના પાટનગર ભુજના પ્રવેશદ્વાર સમા જ્યુબિલી સર્કલ પાસે આવેલા એક એપાર્ટમેન્ટમાંથી સ્થાનિક ગુન્હાશોધક શાખાએ પાંચ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

આ અંગે એલસીબીના પી.એસ.આઇ. એમ.એચ.શીણોલએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભુજના પ્રમુખસ્વામી નગરમાં રહેતી નેહા અક્ષય લાખાણી નામની મહિલાએ, બહારથી મંગાવેલા વિદેશી શરાબના જથ્થાને છુપાવવા અને તેના ગેરકાયદે વેચાણ માટે જ્યુબિલી સર્કલ પાસેના એપાર્ટમેન્ટમાં ગ્રાઉન્ડ ફ્લોર પર એક ફ્લેટ ભાડે લીધો હોવા અંગે પેટ્રોલિંગ દરમ્યાન તેમને પૂર્વ બાતમી મળી હતી.

આ ઈન્પુટના આધારે એલસીબીએ દરોડો પાડતા આ ફ્લેટમાંથી ભારતીય બનાવટના વિદેશી શરાબની નાની-મોટી કુલ ૧૮૬ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા આ જથ્થાની કુલ બજાર કિંમત રૂ. ૫,૦૭,૫૯૦ આંકવામાં આવી છે. પોલીસે દરોડો પાડ્યો ત્યારે આરોપી મહિલા નેહા લાખાણી સ્થળ પર હાજર મળી આવી ન હતી, જેને પગલે પોલીસે તેને ફરાર જાહેર કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, નેહા લાખાણી અગાઉ પણ દારૂના ગેરકાયદે વેપલામાં સક્રિય રહી છે. ગત વર્ષે જ તેની વિરુદ્ધ ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે પ્રોહિબિશનના બે અલગ-અલગ ગુનાઓ નોંધાઈ ચૂક્યા હતા. હાલ એલસીબી દ્વારા ફરાર આરોપી મહિલાને ઝડપી પાડવા માટે તજવીજ આદરી છે. ■

# રાપરના ઘાણીથર પાસે બિનવારસુ કારમાંથી અડધા લાખનો શરાબ ઝડપાયો: બે આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ નશાખોરીનું જાણે હબ બની રહ્યું હોય તેમ લગભગ દરરોજ ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં રાપર તાલુકાના ઘાણીથર ગામની સીમમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને એક કારમાંથી મોટા પ્રમાણમાં અંગ્રેજી શરાબનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જોકે, પોલીસને જોઈ આરોપીઓ અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

રાપર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, ગઈકાલે મોડી રાત્રિના અરસામાં પેટ્રોલિંગ દરમ્યાન શરાબની હેરફેર બાબતે મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે સિંઘાબાપાના મંદિર પાછળના વિસ્તારમાં હાથ ધરેલી તપાસ દરમિયાન ત્યાં પડેલી કારમાંથી પોલીસને કિંમત: રૂ. ૫૩,૭૦૦ના ભારતીય બનાવટના વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન આરોપી વિશાલ ઉર્ફે વિહો શકતા ભરવાડ અને નવઘણ ઉર્ફે રોકી દેવજી ભરવાડ નાસી છૂટ્યા હતા. પોલીસે હાલમાં દારૂનો જથ્થો અને કાર કબજે કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા માટે વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભુજના આકાશમાંથી વરસી આગ: ભુજ સહિત કચ્છના મોટાભાગના મથકો ૪૦ ડિગ્રીમાં શેકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર રાજ્ય સહિત રણપ્રદેશ કચ્છમાં હૈયું અકળાવનારા તાપ સાથે ફાગણ મહિનો આકરા પાણીએ થયો હોય તેમ વાગડથી લઈ કોટેશ્વર સુધી તીવ્ર ગરમીનું મોજું ફરી વળતાં જનજીવન તોબા પોકારી ઊઠયું છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમ્યાન ગુજરાતમાં ઉષ્ણતામાનનો પારો ૪૦થી ૪૨ ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી કરી છે એ વચ્ચે રણપ્રદેશ કચ્છમાં રાત્રે ગુલાબી ઠંડી અને બપોરે લોકો આકરી ગરમી અનુભવી રહ્યા છે. જિલ્લા મથક ભુજમાં આજે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચતા જ આભમાંથી અગનજવાળા વરસવાનું શરૂ થઈ ગયું હતું અને આ કિલ્લેબંધ શહેરે રાજ્યના સૌથી ગરમ મથકોમાં પોતાનું અગ્રક્રમે સ્થાન જાળવી રાખ્યું હતું. ત્રણ-ચાર દિવસ અગાઉ ૧૫ ન્યૂનતમ તાપમાન સાથે ઠંડીનો ચમકારો અનુભવી ચૂકેલા અબડાસાના મુખ્ય મથક નલિયામાં આજે ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે બળબળતા તાપની આણ થોડી નરમ પડેલી જોવા મળી હતી. બીજી તરફ રણકાંધીના રાપર અને ખાવડામાં ૩૯.૫ ડિગ્રીની આસપાસ ઊંચું તાપમાન રહેતાં સર્વત્ર ગરમીનું સામ્રાજ્ય છવાયેલું જોવા મળી રહ્યું છે.સરહદી કચ્છનું લઘુતમ તાપમાન ઊંચા ભેજ સાથે ૨૯ ડિગ્રી જેટલું ઊંચું રહેતાં મોડી રાત્રિના પણ ઉકળાટ અનુભવાઈ રહ્યો છે. ગુલાબી ઠંડી સાથે વધતી જતી ગરમી વચ્ચે ઋતુજન્ય રોગચાળો હાલ માથું ઊંચકી રહ્યો છે તેવામાં લોકોએ તીખાં-તળેલાં અને વાસી ખોરાક તેમજ વધુ પડતી 'એડેડ સ્યુગર' ધરાવતાં ઠંડા પીણાં, ટેટ્રા પેકમાં મળતા ફ્લેવર્ડ ફ્રૂટ જ્યુસ ન લેવાં જોઈએ તેવું ભુજના બાળરોગ નિષ્ણાત ડો.નેહલ વૈદ્યે જણાવ્યું હતું. ■

# આડેસર અને માંડવીમાંથી નશીલા પદાર્થો સાથે બે શખ્સો ઝડપાયા

## કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી નશીલા પદાર્થોના નેટવર્કને તોડવા માટે પોલીસ સતર્ક બની છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: માદક પદાર્થોને દેશમાં ઘુસાડવા માટે ગોલ્ડન ગેટ-વે બની ચૂકેલા સરહદી જિલ્લા કચ્છના વાગડ વિસ્તારમાં તાજેતરમાં કરોડો રૂપિયાના ગાંજા-અફીણની ખેતીના પર્દાફાશ બાદ હવે આડેસર ચેકપોસ્ટ અને માંડવી ખાતેથી પોલીસે અલગ-અલગ કાર્યવાહીમાં પોષડોડાની ભૂકી અને ગાંજાના જથ્થા સાથે બે આરોપીઓની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શનિવારે મોડી સાંજે આડેસર પોલીસે પૂર્વ બાતમીના આધારે ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન પંજાબ પાસિંગનું એક ટ્રેઈલર શંકાસ્પદ જણાતા તેને અટકાવવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ટ્રેઈલર ચાલક સુરેન્દ્રસિંહ પૈરાસિંહ જાટ પાસેથી કિંમત રૂ. ૪,૪૨૫ની ૨૯૫ ગ્રામ કેફી પદાર્થ પોષડોડાની ભૂકી મળી આવી હતી.

આડેસર પોલીસે આ કાર્યવાહીમાં કિંમત રૂ. ૨૦ લાખનું ટ્રેઇલર તેમજ લોખંડના નટ અને સાઇકલના પૂર્જા કિંમત રૂ. ૪૦.૮૭ લાખ, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહીત રૂ. ૬૦,૯૮,૦૩૩નો મુદ્દામાલ જપ્ત કરી, આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, માંડવી પોલીસે પણ પૂર્વ બાતમીના આધારે જ્યોતેશ્વર પાર્ક સોસાયટી પાસે દરોડો પાડીને પરેશ કરશન પાતરિયા (મહેશ્વરી) નામના શખ્સને ૮૦ ગ્રામ અફઘાની ગાંજા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ગાંજો, એક મોબાઈલ ફોન અને ટૂ-વ્હિલર મળી કુલ રૂ. ૬૪,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી નશીલા પદાર્થોના નેટવર્કને તોડવા માટે પોલીસ સતર્ક બની છે. આ બંને કિસ્સામાં પોલીસે ગુનો નોંધી આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે દિશામાં તપાસ શરૂ કરી છે. ■

# ભાવનગરમાં મહાનગરપાલિકાના ₹ ૩૮૪.૫૪ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત - લોકાર્પણ થયું



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ સરકારની વિવિધ ગ્રાન્ટ હેઠળ ₹ ૩૮૪.૫૪ કરોડના ખર્ચે જનસુખાકારીના વિવિધ પ્રકલ્પોનો ખાતમુહૂર્ત - લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે કેન્દ્રીય રાજ્ય પ્રધાન શ્રીમતી નિમુબેન બાંભણિયાએ લોકોની સુખાકારી માટેના વિકાસ કાર્યો સફળતાપૂર્વક હાથ ધરવા બદલ ભાવનગર મહાનગરપાલિકાની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત પ્રધાને મહિલા દિવસની ઉજવણીના દિવસે યોજાયેલ કાર્યક્રમમાં ડબલ્યુ એસ-૨ અંતર્ગત ૪૭૨ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે કૃષિ વિભાગના કેબિનેટ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશભરમાં વિકાસની નવી ક્ષિતિજો સર થઈ રહી છે. રાજ્યના મુખ્ય પ્રધાન તથા નાયબ મુખ્ય પ્રધાનના નેતૃત્વ હેઠળ રાજ્યમાં વિકાસને વધુ ગતિ મળી છે. ભાવનગર શહેરમાં બે દિવસમાં રૂ. ૪૫૦ કરોડના ખર્ચથી જનસુખાકારીના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત - લોકાર્પણ કરવામાં આવ્યું એ વિકાસની વણથંભી યાત્રા દર્શાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભાવનગર શહેરમાં વિકાસના અનેક કાર્યો હાથ ધરવામાં આવ્યા છે, જેના પરિણામે શહેરના વિવિધ વિસ્તારોમાં સુવિધાસભર માળખું ઊભું થઈ રહ્યું છે. જેનું ખાતમુહૂર્ત કરીએ છીએ તેનું લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. જે સરકારની વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ■

# ભાવનગરના રંઘોળામાં ખેતમજૂરની અંગત અદાવતમાં કરપીણ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના ઉમરાળા તાલુકાના રંઘોળા ગામે એક ખેતમજૂરની દોરી વડે ગળું દબાવી હત્યા કરવામાં આવી હતી. અંગત અદાવતમાં માસીના દીકરાએ જ બે અજાણ્યા શખ્સો સાથે મળી પથ્થરમારો અને લાકડી વડે હુમલો કર્યા બાદ યુવાનને મોતને ઘાટ ઉતાર્યો હતો.

હત્યાના આ બનાવની વિગતો મુજબ મૂળ પંચમહાલ જિલ્લાના અને હાલ ભાવનગર જિલ્લાના રંઘોળા ગામે મયાભાઈ પેથાભાઈ કુવાડિયાની વાડીમાં ખેતમજૂરી કરતા કૈલાશબેન ચીમનભાઈ નાયકે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ અનુસાર, ત્રણ મહિના પહેલા તેમના પતિ ચીમનભાઈ નાયકે વતનમાંથી મજૂરી કામ માટે કેટલાક લોકોને બોલાવ્યા હતા. જેમાં તેમના માસીનો દીકરો દિલીપ લખમણભાઈ નાયક અને તેની પહેલી પત્ની સવિતા પણ આવ્યા હતા.

દિલીપને તેની પત્ની સવિતા અહીં મજૂરી કામ માટે આવે તે પસંદ નહોતું, જેના કારણે તે અવારનવાર ચીમનભાઈ સાથે ઝઘડો કરતો હતો અને ફોન પર જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હતો. બપોરે આરોપી દિલીપે વાડીએ આવીને ચીમનભાઈને ગાળો આપી હતી અને રાત્રે જોઈ લેવાની ધમકી આપી હતી. ત્યારબાદ મોડી રાત્રે જ્યારે દંપતી વાડીમાં એરંડા ખંખેરી રહ્યા હતા, ત્યારે દિલીપ અને બે અજાણ્યા શખ્સોએ અચાનક પથ્થરમારો શરૂ કર્યો હતો.

લાકડીઓ સાથે ધસી આવેલા હુમલાખોરોથી બચવા દંપતી અલગ-અલગ દિશામાં ભાગ્યું હતું.

કૈલાશબેન નજીકની વાડીમાં છુપાઈ ગયા હતા, જ્યારે આરોપીઓ ચીમનભાઈની પાછળ દોડ્યા હતા. સવારે ચીમનભાઈ ભુતિયા ગામની સીમમાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે સિહોર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં તેમનું મોત દોરી વડે ગળું દબાવવાના કારણે થયું હોવાનું બહાર આવ્યું છે.

બનાવ અંગે ઉમરાળા પોલીસે મુખ્ય આરોપી દિલીપ લખમણભાઈ નાયક સહિત ત્રણ શખ્સો સામે આઈ.પી.સી.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. ■